અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ માર્ચ ૨૦૨૫, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ વદ ૧૨
વર્ષ : ૧૬
અંક : ૨૬૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**શીશમહેલ બનશે પર્યટન સ્થળ**

## દિલ્હીના બજેટમાં મફત લેપટોપ, યમુના સફાઇ સહિત ૫ મોટી જાહેરાત

### દિલ્હીની નવી સરકાર ઐતિહાસિક જનાદેશ લઈને આવી છે આખો દેશ આજે દિલ્હીનું બજેટ જોવા માંગે છે દિલ્હીનું બજેટ છે જે છેલ્લા દસ વર્ષથી ખરાબ હાલતમાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દિલ્હી વિધાનસભામાં બજેટ રજૂ કરતા મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે, 'પર્યટન, કલા, ભાષા અને સંસ્કૃતિ માટે ૧૧૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ પાછલા બજેટ કરતાં બમણું છે.

સોનિયા વિહારમાં બોટિંગ કરવામાં આવશે. નવી પેઢીને દિલ્હી સાથે જોડવા માટે ૨૫ કરોડ રૂપિયા અલગ રાખવામાં આવ્યા છે. દિલ્હીમાં એક આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવશે, જેના માટે ૩૦ કરોડ રૂપિયાનું ભંડોળ રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત પર્યટન સ્થળમાં શીશમહેલને સમાવવામાં આવશે.' મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું કે, 'બાળકોને જવાબદાર નાગરિક બનાવવા માટે ૧૫૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. ૧૦૦ સરકારી શાળાઓમાં વિદેશી ભાષાઓ શીખવવામાં આવશે, આ માટે ૨૧ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.

૧.૫ કરોડના ખર્ચે બાળકોને આર્ટ ઓફ લિવિંગ શીખવશે. ૭૦૦૦ વર્ગોને સ્માર્ટ વર્ગો બનાવવામાં આવશે. ધોરણ ૧૦થી ૧૧ સુધીના ૧૨૦૦ બાળકોને ૭.૫ કરોડ રૂપિયાના ખર્ચે લેપટોપ આપવામાં આવશે. ફાઉન્ડેશન પ્રોજેક્ટ માટે ૨૦ કરોડ રૂપિયા, ટેકનિકલ શિક્ષણ માટે ૬૧૮ કરોડ રૂપિયા, નરેલામાં શિક્ષણ કેન્દ્ર બનાવવા માટે ૫૦૦ કરોડ રૂપિયા અને ITI માટે ૨૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે.' દિલ્હીના



બજેટમાં મહિલાઓને સમાન વેતન યાની જોગવાઈ કરવામાં આવી છે. આપવા માટે ૫૧૦૦ કરોડ રૂપિ માતૃત્વ યોજના માટે ૨૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. સીવર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું સમારકામ ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કરવામાં આવશે, જેમાંથી ૨૫૦ કરોડ રૂપિયાનો ઉપયોગ જૂની લાઈનના સમારકામ માટે કરવામાં આવશે. નજફગઢ ડ્રેનના નવીનીકરણ માટે ૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે.

મુનક કેનાલને ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે પાણીની પાઈપલાઈનમાં રૂપાંતરિત કરવામાં આવશે. હાલમાં, હરિયાણાથી ખુલ્લામાં પાણી આવે છે. આ ઉપરાંત યમુનાની સપાઈ માટે ૫૦૦ કરોડ રૂપિયાના ખાર્ચે ૪૦ ડીસેન્ટરલાઈઝ સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તૈયાર કરાશે,જેનાથી યુમાનની સફાઈ કરી શકાય. ૪૦ કરોડ રૂપિયાના ખર્ચે આધુનિક મશીનો લગાવવામાં આવશે. ભારત સરકાર પાસેથી ૨૦૦૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાય માંગવામાં આવી છે.

દિલ્હીમાં જાહેર પરિવહન માટે ૨૧૫૨ ઈલેક્ટ્રિક બસો છે. ૨૦૨૫-૨૬માં ૫૦૦૦થી વધુ નવી ઈલેક્ટ્રિક બસ ઉમેરવામાં આવશે. મેટ્રો માટે ૨,૯૨૯ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે, અમે અમારો હિસ્સો આપીશું અને આગામી તબક્કાની તૈયારી કરીશું. શહેરી પરિવહન માટે ૧૦૦૦ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે અને દિલ્હી પરિવહન માટે ૧૨૯૫૨ કરોડ રૂપિયા રાખવામાં આવ્યા છે.

---

**ન્યૂઝ બ્રિફ**

### ૧,૫૫૦ પેન્શનરોએ ઓનલાઇન હયાતીની ખાતરી કરાવી લીધી

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાલ ૮,૫૦૦ પેન્શનરો અને ફેમિલી પેન્શનરો દર મહિને ૧૬ થી ૧૮ કરોડ પેન્શન મેળવે છે. પેન્શનરોને નિયમિત પેન્શન મળતું રહે તે માટે દર વર્ષે પોતાની હયાતી અંગેની કોર્પોરેશનને ખાતરી કરાવવાની હોય છે. આના માટે દરેક પેન્શનરને રૂબરૂ કોર્પોરેશન ખાતે આવવાને બદલે ઘેર બેઠા ઓનલાઈન 'જીવન પ્રમાણ' એપ્લિકેશન પર હયાતીની ખાતરી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ દ્વારા કરાવી શકશે.

### ૨૦૦થી ૩૦૦ કલાકારોને વિધાનસભામાં આવવા આમંત્રણ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

થોડા દિવસો પહેલાં વિધાનસભામાદ યોજાયેલા સન્માન સમારોહમાં વિક્રમ ઠાકોર સહિત ઠાકોર સમાજના કલાકારોને આમંત્રણ ન આપતાં વિવાદ સર્જાયો હતો. આ મામલો ગુજરાત રાજ્ય, રાજકારણ, સોશિયલ મીડિયા અને મીડિયામાં ચર્ચાનો વિષય બનતાં હવે સરકારે વિક્રમ ઠાકરો અને અન્ય કલાકારોને વિધાનસભામાં ગૃહની કાર્યવાહી નિહાળવા માટે આમંત્રિત કર્યા છે. આગામી ૨૬-૨૭ માર્ચે વિક્રમ ઠાકોર, સાગર પટેલ, મલ્હાર ઠાકર સહિતના ૨૦૦થી વધુ કલાકારો અને સંગીતવાદકોને ગૃહની કામગીરી નિહાળવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

---


**નક્સલવાદીઓ વચ્ચે ફરી એન્કાઉન્ટર થઈ રહ્યું છે**

## છત્તીસગઢના દંતેવાડામાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે ફરી એન્કાઉન્ટર

### એક્રાઉન્ટરમાં અત્યાર સુધીમાં ત્રણ મૃતદેહ મળી આવ્યા છે અને હથિયારો પણ મળી આવ્યા છે

। (એજન્સી) છત્તીસગઢ, તા.૨૫ ।

છત્તીસગઢના દંતેવાડામાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે ફરી એક્રાઉન્ટર થઈ રહ્યું છે. આ એક્રાઉન્ટર દંતેવાડા અને બીજાપુર જિલ્લાના સરહદી જંગલોમાં થઈ રહ્યું છે. સુરક્ષા દળોએ નક્સલીઓને ઘેરી લીધા છે. એક્રાઉન્ટરમાં અત્યાર સુધીમાં ત્રણ મૃતદેહ મળી આવ્યા છે અને હથિયારો પણ મળી આવ્યા છે. ઘટના અંગે બીજાપુરના એસપી જિતેન્દ્ર યાદવે કહ્યું કે સુરક્ષા દળની ટીમ નક્સલ વિરોધી ઓપરેશનમાં ગઈ હતી. આ દરમિયાન નક્સલવાદીઓની ટીમ સાથે એન્કાઉન્ટર થયું હતું. એન્કાઉન્ટર સ્થળ પરથી ત્રણ નક્સલવાદીઓના મૃતદેહ અને મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. હજુ પણ રહે છે. વિગતવાર માહિતી અલગથી આપવામાં આવશે



કહેવામાં આવી રહ્યું છે કે આ એન્કાઉન્ટરમાં ૫૦૦થી વધુ જવાનોએ નક્સલવાદીઓને ઘેરી લીધા છે. પોલીસને માહિતી મળી હતી કે આ વિસ્તારમાં મોટા નક્સલવાદીઓ હાજર છે, ત્યારબાદ જવાનોએ ઓપરેશન શરૂ કર્યું. એવું માનવામાં આવે છે કે આ અત્યાર સુધીનું સૌથી મોટું ઓપરેશન છે અને આ એન્કાઉન્ટરમાં ઘણા નક્સલવાદીઓ માર્યા ગયા હોઈ શકે છે. બંને તરફથી સતત ગોળીબાર થઈ રહ્યો છે.અગાઉ ૨૦ માર્ચે, બીજાપુર અને કાંકેર જિલ્લામાં સુરક્ષા દળોએ બે અલગ-અલગ એન્કાઉન્ટરમાં ૩૦ નક્સલવાદીઓને ઠાર કર્યા હતા. બંને એન્કાઉન્ટર સ્થળ પરથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો છે. ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ સૈનિક રાજુ ઓયમ બીજાપુરમાં ઓપરેશન દરમિયાન નક્સલવાદીઓ સામે લડતા શહીદ થયા હતા.પોલીસ અધિક્ષક ગૌરવ રાયે જણાવ્યું હતું કે, દંતેવાડા અને બીજાપુર જિલ્લાની સરહદો પર સ્થિત ગિરસાપારા, નેલગોડા, બોડગા, અને ઈકેલી વિસ્તારોમાં નક્સલવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. ત્યારબાદ ડીઆરજી અને બસ્તર ફાઈટર્સની ટીમે માઓવાદી વિરોધી અભિયાન હાથ ધર્યું હતું. જેમાં ત્રણ નક્સલીને ઠાર કરવામાં આવ્યા છે.

---

**વડાપ્રધાનનો માસ્ટર સ્ટ્રોક!**

## ઔરંગઝેબ વિવાદ વચ્ચે સંસદમાં 'છાવા' ફિલ્મ જોશે વડાપ્રધાન મોદી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૫ ।

આગામી ગુરુવાર ૨૭મી માર્ચના રોજ સંસદમાં એક ઐતિહાસિક ઘટના આધારિત અને હાલમાં ખૂબ જ લોકપ્રિય બનેલી ફિલ્મ છાવાનું વિશેષ સ્ક્રીનિંગ યોજાશે. સ્ક્રીનિંગમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, ઘણા કેન્દ્રીય પ્રધાનો અને સંસદના સભ્યો હાજરી આપશે. આ ઉપરાંત ફિલ્મના મુખ્ય અભિનેતા વિકી કૌશલ, નિર્માતા દિનેશ વિજન અને દિગ્દર્શક લક્ષ્મણ ઉતેકર સાથે પણ હાજર રહેવાની અપેક્ષા છે. ભારતીય ઈતિહાસના એક મહત્વપૂર્ણ અધ્યાયને દર્શાવવામાં ફિલ્મના મહત્વ પર પ્રકાશ પાડતી આ સ્ક્રીનિંગ સંસદ લાયબ્રેરી બિલ્ડીંગના બાલયોગી ઓડિટોરિયમમાં યોજાવાની છે.

ઉલ્લેખનીય છે કે, હાલમાં મહારાષ્ટ્ર સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં ઔરંગઝેબની કબર વિશેનો વિવાદ ચાલી રહ્યો છે. નાગપુરમાં આ મામલે હિંસા પણ ફાટી નીકળી હતી. અલગ અલગ પાર્ટીના સાંસદો પોતાના મત મુજબનું નિવેદન આપી રહ્યા છે. તેવામાં સંસદમાં આ ફિલ્મનું સ્ક્રીનીંગ થવું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો માસ્ટરસ્ટ્રોક ગણવામાં આવી રહ્યો છે.છાવા છત્રપતિ સંભાજી મહારાજની વાર્તા કહે છે, જે જાણીતા મરાઠા શાસક છત્રપતિ શિવાજી મહારાજના શૂરવીર પુત્ર હતા. લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત અને દિનેશ વિજન દ્વારા નિર્મિત, આ ફિલ્મ મુઘલ સામ્રાજ્ય સામે મરાઠા યોદ્ધાની હિંમત, બલિદાન અને નેતૃત્વનું ચિત્રણ કરે છે. મુખ્ય ભૂમિકામાં વિકી કૌશલના દમદાર અભિનયની વ્યાપકપણે પ્રશંસા કરવામાં આવી છે.ગત ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ તે થિયેટરમાં રિલીઝ થઈ ત્યારથી છાવા બોક્સ ઓફિસ પર મોટી સફળતા તરીકે ઉભરી આવી છે. આ ફિલ્મે ભારતમાં અંદાજે રૂ.૫૮૩.૨૫ કરોડ અને વિશ્વમાં લગભગ રૂ.૭૮૫.૫૦ કરોડ, તે અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનાર હિન્દી ફિલ્મોમાંની એક છે.

---

**સુપ્રીમે રાજ્ય સરકારનો ઉધડો લીધો**

## પંજાબમાં ૧૯૯૬માં બહાર પાડવામાં આવેલી સ્કીમ હજુ સુધી લાગુ કરવામાં આવી નથી

। (એજન્સી) પંજાબ, તા.૨૫ ।

પંજાબમાં ૧૯૯૬માં બહાર પાડવામાં આવેલી સ્કીમ હજુ સુધી લાગુ કરવામાં આવી નથી. સુપ્રિમ કોર્ટે ૨૮ વર્ષ પછી પણ આ યોજના લાગુ ન કરવા બદલ પંજાબ સરકારને ફટકાર લગાવી છે અને કહ્યું છે કે જો સરકાર આ મામલે જલ્દી કાર્યવાહી નહીં કરે તો કોર્ટ સ્કીમના લાભાર્થીઓને આર્થિક મદદ કરવાનો આદેશ આપી શકે છે. જસ્ટિસ અભય ઓકાની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું હતું કે અદાલતોને હળવાશથી ન લઈ શકાય. પંજાબ સરકારના ઢીલા વલણને શરમજનક ગણાવતા કોર્ટે કહ્યું કે રાજ્ય સરકાર વારંવાર કોર્ટને આશ્વાસન આપી રહી છે, પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. આવી સ્થિતિમાં કોર્ટે મુખ્ય સચિવ અને અન્ય અધિકારીને તિરસ્કારની નોટિસ ફટકારી છે. પંજાબ સરકારે ૧૯૯૬માં પંજાબ પ્રાઈવેટલી મેનેજડ એફિલિએટેડ અને પંજાબ ગવર્મેન્ટ એઈડેડ કોલેજીસ પેન્શનર બેનિફિટ્સ સ્કીમ જારી કરી હતી, પરંતુ આ સ્કીમ ક્યારેય શરૂ થઈ ન હતી. બાદમાં આ યોજના બંધ કરવામાં આવી હતી, પરંતુ સરકાર દ્વારા એવી ખાતરી આપવામાં આવી હતી કે અરજી કરનારા લોકોને લાભ મળશે.

---

**મુંગેરના જમાલપુરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી**

## મા-બાપે iPhone ન લાવી દીધો તો દીકરીએ બ્લેડથી હાથ કાપી નાખ્યા

। (એજન્સી) બિહાર, તા.૨૫ ।

બિહારના મુંગેરના જમાલપુરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મોહનપુર ખલાસી વિસ્તારમાં રહેતા શંભૂ બિંદની દીકરી ખુશ્બૂ કુમારી છેલ્લા ત્રણ મહિનાથી પોતાના મા-બાપને દોઢ લાખની કિંમતવાળો આઈફોન લાવી આપવાની ડિમાન્ડ કરતી હતી. ઘણી વાર સમજાવી અને પોતાની મજબૂરી જણાવી છતાં ખુશ્બૂ પોતાના મા-બાપની તકલીફ સમજી શકી નહીં.આ દરમિયાન, સોમવારે બપોરે, ખુશ્બુએ તેની માતાને ફોન લઈ આપવાની જીદ પકડી. જ્યારે માતાએ ના પાડી, ત્યારે તેણે પોતાને રૂમમાં બંધ કરી દીધી અને બ્લેડથી તેના ડાબા હાથ પર કાપવાનું શરૂ કર્યું. તેણે બ્લેડથી એક કે બે વાર નહીં પણ કેટલીય વાર ચિરા પાડી દીધા.આ પછી, જ્યારે તેની માતાએ તેની પુત્રીના કપાયેલા હાથ જોયા, ત્યારે તે તાત્કાલિક તેને જમાલપુરની સરકારી હોસ્પિટલમાં લઈ ગઈ જ્યાં ડોક્ટરોએ છોકરીને વધુ સારી સારવાર માટે સદર હોસ્પિટલ રેફર કરી.

---

**ટ્રમ્પની ટેરિફનીતિના કારણે ભારતને વધુ એક ઝટકો**

## વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદતા તમામ દેશો પર અમેરિકા ૨૫ ટકા વધારાનો ટેરિફ લગાવશે

। (એજન્સી) અમેરિકા, તા.૨૫ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૪ માર્ચે જાહેરાત કરી છે કે વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદતા તમામ દેશો પર અમેરિકા ૨૫ ટકા વધારાનો ટેરિફ લગાવશે. વેનેઝુએલા અને અમેરિકા વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. એવામાં વેનેઝુએલા પર દબાણ વધારવા માટે ટ્રમ્પે આ જાહેરાત કરી છે. જોકે આ નિર્ણયના કારણે ભારતને પણ ઝટકો લાગ્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ પર જણાવ્યું હતું, કે 'વેનેઝુએલા અમેરિકા પ્રત્યે દુશ્મનાવટ રાખે છે તેથી જો કોઈ પણ દેશ વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદે છે તો તેણે અમેરિકા સાથે વેપાર પર ૨૫ ટકા ટેરિફ આપવો પડશે.'નોંધનીય છે કે અમેરિકા સતત વેનેઝુએલા પર અનેક પ્રતિબંધો લગાવતું રહ્યું છે. વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને અમેરિકા માન્યતા આપતું નથી. ટ્રમ્પ સરકારનો આરોપ છે કે વેનેઝુએલાના કારણે અમેરિકામાં ગુનાહિત પ્રવૃત્તિઓ વધી જાય છે. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલાને આર્થિક રીતે ઝટકો આપવા માંગે છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૪ માર્ચે જાહેરાત કરી છે કે વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદતા તમામ દેશો પર અમેરિકા ૨૫ ટકા વધારાનો ટેરિફ લગાવશે.

---

**રાજ્યમાં રાજકારણનો પારો ગરમાઈ ગયો**

## હું માફી નહીં માગું, નેતાઓની મજાક ઉડાવવી કાયદાની વિરુદ્ધ નથીઃ કામરા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

કોમેડિયન કુણાલ કામરા મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે પર ટિપ્પણી કરીને મુશ્કેલીઓમાં મુકાઈ ગયા છે. તેને લઈને રાજ્યમાં રાજકારણનો પારો ગરમાઈ ગયો છે. સીએમ ફડણવીસે કહ્યું કે, શિંદેનું અપમાન કરવા બદલ કુણાલે માફી માગવી જોઈએ. આ દરમ્યાન કુણાલ કામરાએ લાંબી પોસ્ટ શેર કરી છે. તેમાં કહેવાયું છે કે, મને સબક શીખવાડવાની ધમકી આપનારા નેતાઓ યાદ રાખો કે અભિવ્યક્તિની સ્વતંત્રતાના આપણા અધિકારનો ઉપયોગ ફક્ત શક્તિશાળી અને અમીર લોકોની ચાપલૂસી કરવા માટે ન થવો જોઈએ. તમારી અસમર્થતા મારા અધિકારની પ્રકૃતિને નથી બદલતી. જ્યાં સુધી મને ખબર છે, આપણા નેતાઓ અને આપણી રાજકીય વ્યવસ્થાના સર્કસની મજાક ઉડાવવી કાયદાની વિરુદ્ધ નથી. કુણાલ કામરાએ આ પોસ્ટમાં આગળ લખ્યું છે, જે લોકો મારો નંબર લીક કરવા અથવા મને સતત કોલ કરવામાં લાગેલા છે. મને વિશ્વાસ છે કે, અત્યાર સુધીમાં તેમને અનુભવ થઈ ગયો હશે કે તમામ અજાણ્યા કોલો મારા વોયસમેલ પર જાય છે, જ્યાં આપને એજ ગીત સંભળાવવામાં આવશે, જેનાથી આપ નફરત કરો છે. હું માફી નહીં માગું, મેં જે કહ્યું છે તે બિલ્કુલ એવું જ છે, જેવું અજિત પવારે એકનાથ શિંદે વિશે કહ્યું હતું. કામરાએ કહ્યું કે, હું આ ભીડથી નથી ડરતો અને હું બેડ નીચે છુપાઈને શાંત થવાની રાહ નથી જોતો.

---

**રિઝર્વ બેંક એ ઇન્ટરચેન્જ ફીમાં વધારો કર્યો**

## ૧લી તારીખથી ATM માંથી પૈસા ઉપાડવા થશે મોંઘા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

જો તમે વારંવાર ATMમાંથી પૈસા ઉપાડો છો તો એક રિપોર્ટ અનુસાર, આવનારા દિવસોમાં ATMમાંથી રોકડ ઉપાડવા મોંઘા થઈ શકે છે. મંગળવારે અને ૨૫ માર્ચના રોજ એક સરકારી ન્યૂઝના અહેવાલ મુજબ, ૧ મેથી એટીએમમાંથી રોકડ ઉપાડવી મોંઘી થવા જઈ રહી છે. આનું કારણ એ છે કે ભારતીય રિઝર્વ બેંક એ ઈન્ટરચેન્જ ફીમાં વધારો કર્યો છે. આ વધેલી ફી ત્યારે લાગુ પડશે જ્યારે ગ્રાહકો ફ્રી વ્યવહાર મર્યાદા ઓળંગ્યા પછી પણ અન્ય ATM માંથી રોકડ ઉપાડશે. અન્ય બેંકોના ATMમાંથી મફત વ્યવહારોની મર્યાદા મેટ્રો શહેરોમાં પાંચ અને નોન-મેટ્રો શહેરોમાં ત્રણ છે. ત્યારબાદના વ્યવહારો વધારાના શુલ્કને આધીન રહેશે. એટીએમ ઈન્ટરચેન્જ ફી એ એક ફી છે જે એક બેંક બીજી બેંકને એટીએમ સેવાઓ પૂરી પાડવા માટે ચૂકવે છે. આ ફી, સામાન્ય રીતે પ્રતિ વ્યવહાર એક નિશ્ચિત રકમ, ઘણીવાર ગ્રાહકોને તેમના બેંકિંગ ખર્ચના ભાગ રૂપે આપવામાં આવે છે. ૧ મેથી, ગ્રાહકોએ મફત મર્યાદાથી વધુ દરેક નાણાકીય વ્યવહાર માટે વધારાના ૨ રૂપિયા ચૂકવવા પડશે. બેલેન્સ પૂછપરછ જેવા બિન-નાણાકીય વ્યવહારો માટેના ચાર્જમાં ૧ રૂપિયાનો વધારો થશે. પરિણામે, ATM માંથી રોકડ ઉપાડવા માટે પ્રતિ ટ્રાન્ઝેક્શન ૧૯ રૂપિયાનો ખર્ચ થશે, જે પહેલા ૧૭ રૂપિયા હતો. સત્તાવાર સૂચના મુજબ, એકાઉન્ટ બેલેન્સ ચેક કરવા માટે હવે પ્રતિ ટ્રાન્ઝેક્શન ૭ રૂપિયાનો ખર્ચ થશે.

---

**સિલિન્ડર બ્લાસ્ટને કારણે આગ લાગવાની ઘટના બની**

## મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના ધારાવી વિસ્તારમાં રાત્રે ભીષણ આગ લાગી

। (એજન્સી) મુંબઇ, તા.૨૫ ।

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના ધારાવી વિસ્તારમાં સોમવારે રાત્રે ભીષણ આગ લાગી હતી. બસ ડેપો પાસે ઉભેલા ટ્રકમાં સિલિન્ડર બ્લાસ્ટ થયો હતો. સિલિન્ડર ટ્રકની અંદર રાખવામાં આવ્યો હતો. પછી અચાનક વિસ્ફોટ થયો. આ પછી આગ આખા ટ્રકને લપેટમાં લઈ ગઈ. થોડી જ વારમાં ટ્રક આગના ગોળામાં ફેરવાઈ ગયો. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ. આગ હવે કાબુમાં આવી ગઈ છે. સોમવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ સિલિન્ડર બ્લાસ્ટને કારણે આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ ઓલવવાનું કામ શરૂ કર્યું હતું. ટ્રકમાં આગ લાગવાથી હજુ સુધી કોઈને ઈજા થઈ હોવાના સમાચાર નથી.બસ ડેપો પાસે પાર્ક કરેલા ટ્રકમાં આગ લાગવાની ઘટનાને કારણે વિસ્તારમાં અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. સાયન-ધારાવી લિંક રોડ પર ટ્રાફિક જામ હતો. ટ્રાફિક પોલીસે ટ્રાફિકને નિયંત્રિત કર્યો. થોડા સમય પછી, ટ્રાફિક ફરી સુચારુ રીતે ચાલવા લાગ્યો. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ના જણાવ્યા અનુસાર, આગ ૧૩ માળની ઈમારતમાં ફેલાઈ ગઈ હતી. આગમાં એસી યુનિટ, લાકડાનું ફર્નિચર અને અન્ય વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ, જેના કારણે મિલકતને ભારે નુકસાન થયું.થોડા મહિના અગાઉ મુંબઈના મલાડ ઈસ્ટ વિસ્તારમાં લગભગ ૧૦૦ વેરહાઉસ બળીને રાખ થઈ ગયા હતા.

**ન્યૂઝ બ્રિફ**

## લોથલમાં રિસર્ચરનાં મોત મામલે પ્રોફેસર સામે પોલીસ ફરિયાદ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ ગ્રામ્યના લોથલમાં દિલ્હી IITના પ્રોફેસર અને PHDના રિસર્ચર ગત નવેમ્બર માસમાં જીયોગ્રાફીકલ સર્વે માટે સેમ્પલ લેવા આવ્યા હતા. લોથલમાં સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો ઉપલબ્ધ હોવાથી બંને રિસર્ચ માટે આવ્યા હતા ત્યારે માટીના સેમ્પલ લેવા માટે ખાડામાં ઉતરતી વખતે પ્રોફેસર અને રિસર્ચર પર માટી ધસી પડી હતી. જેમાં રિસર્ચર યુવતીનું મોત નિપજ્યું હતું. આ મામલે કોઠ પોલીસે તપાસ કર્યા બાદ પ્રોફેસરે સલામતીના સાધનો વગર રિસર્ચરને ખાડામાં ઉતારતા ઘટના બની હોવાથી કોઠ પોલીસે પ્રોફેસર સામે ગુનો નોંધ્યો છે. મૂળ ઉત્તરપ્રદેશની સુરભી વર્મા દિલ્હી આઈઆઈટીમાં એટમોસ્ફીયરીક સાયન્સ વિભાગમાં પીએચડીનો અભ્યાસ કરતી હતી. ગત તા.૨૪મી નવેમ્બરે સુરભી તેના પ્રોફેસર યામા દિક્ષીત સાથે ગુજરાતમાં રિસર્ચ પ્રોજેક્ટ માટે આવી હતી.

## મ્યુનિ. ૧૦ કરોડના ખર્ચે ગટર સફાઇના ૮ મશીન ખરીદશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ શહેરના વિસ્તરણ અને વિકાસની સાથે સાથે પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં ઉણાં ઉતરેલાં મ્યુનિ. ઈજનેર ખાતા દ્વારા ગટર સફાઈના નામે વર્ષે કરોડો રૂપિયાનુ આંધણ કરવામાં આવે છે તે જોઈ ચોંકી ઉઠેલાં કમિશનરે સખત નારાજગી વ્યકત કરી હોવા છતાં ૧૦ કરોડના ખર્ચે ગટર સફાઈના આઠ મશીન ખરીદવાની અને તેને ચલાવવા આઠ કરોડ ચૂકવવાની દરખાસ્ત મંજૂર કરી દેવામાં આવી છે. મ્યુનિ. ઈજનેર ખાતાના જ સૂત્રોએ સ્વીકાર્યુ હતું કે, શહેરના સાતેય ઝોનના ૪૮ વોર્ડમાં ગટર સફાઈના નામે રીતસર લૂંટ જ ચાલે છે અને તેમાંય મ્યુનિ.ના ખર્ચેને જોખમે કરોડો રૂપિયાના ખર્ચે ગટર સફાઈ માટે મશીનો ખરીદીને તેને માનીતા અને રાજકીય વગ ધરાવતાં કોન્ટ્રાક્ટરોને ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સના રૂડારૂપાળા નામ હેઠળ પધરાવી દેવાય છે. જેમને વર્ષે લાખો કરોડો રૂપિયા ચૂકવવામાં આવતાં હોવા છતાં ડ્રેનેજ લાઈનની સમસ્યાઓ ઘટતી નથી અને ઉપરથી મોંઘા ભાવના મશીનના મેઈન્ટેનન્સ પણ યોગ્ય રીતે કરવામાં આવતા નથી તેવા આક્ષેપો હરીફ કોન્ટ્રાક્ટરો દ્વારા કરવામાં આવે છે. સૂત્રોએ સ્વીકાર્યુ હતું કે, અગાઉ ગટર લાઈનોમાં સફાઈ કામદારો ઉતારાતા હતા, પરંતુ સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન બાદ તેની જવાબદારી લેવાને બદલે મ્યુનિ.એ મોટી લાઈનો સાફ કરવા માટે સીસીટીવી સિસ્ટમ આધારિત સફાઈના કોન્ટ્રાક્ટ આપવાના શરૂ કર્યા છે અને તેની પાછળ તો કરોડો રૂપિયાનો ખર્ચો થાય છે.

### ૨ વિદ્યાર્થીને નાપાસ કરવા ઉપરાંત ૪ સેમેસ્ટરની પરીક્ષામાંથી બાકાત કરાયા

# GTUની વિન્ટર સેમેસ્ટરની પરીક્ષામાં ગેરરીતિ કરતા ૧૨૯ વિદ્યાર્થીને સજા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU)ની વિન્ટર સેમેસ્ટર પરીક્ષામાં ગેરરીતિ આચરનારા ૧૨૯ વિદ્યાર્થીને વિવિધ લેવલની પ્રાથમિક તબક્કે સજા ફટકારવામાં આવી છે. જેમાં અમેરલીની એક કોલેજમાં સુપરવાઈઝર સાથે ગેરવર્તણુક બદલ ૨ વિદ્યાર્થીને લેવલ-૫ની સજા કરવામાં આવી છે, જેમાં વિદ્યાર્થીઓના પરિણામ રદ કરવા ઉપરાંત ૪ સેમેસ્ટરની પરીક્ષા પર રોક લગાવાઈ છે. આ સિવાય ગોધરાની પોલિટેકનિકમાં ડમી વિદ્યાર્થી ઝપડાતાં લેવલ-૪ની સજા કરવામાં આવી છે. જેમાં પરિણામ રદ કરવા ઉપરાંત ૩ સેમેસ્ટરની પરીક્ષા પર રોક લગાવાશે. પ્રાથમિક તબક્કાની સજા કર્યા બાદ હવે ૪-૫ એપ્રિલના રોજ GTUની અનફેર મિન્સ (યુએફએમ) કમિટી દ્વારા રૂબરૂ સુનાવણી હાથ ધરવામાં આવશે.પ્રાપ્ત માહિતી અનુસાર, ડિગ્રી ઈજનેરી, ડિપ્લોમા ઈજનેરી સહિતના વિવિધ કોર્સની વિન્ટર સેમેસ્ટર-૨૦૨૪ની ફેઝ-૨ પરીક્ષા દરમિયાન ગેરરીતિ આચરનાર ઝડપાયેલા ૧૨૯ વિદ્યાર્થીને વિવિધ લેવલની પ્રાથમિક તબક્કે સજા નક્કી કરવામાં આવી છે. GTU દ્વારા વિદ્યાર્થીઓની જે પ્રાથમિક રીતે સજા નક્કી કરવામાં આવી છે તેમાં ૩૮ વિદ્યાર્થીઓનું જે તે વિષયનું પરિણામ રદ કરવાની લેવલ-૧ની સજા કરવામાં આવી છે. જ્યારે ૩૨ વિદ્યાર્થીઓને લેવલ-૨ની સજા હેઠળ તમામ વિષયનું એક સેમેસ્ટરનું પરિણામ રદ કરવામાં આવ્યું છે. ૪૭ વિદ્યાર્થીને લેવલ-૩ની સજા આપવામાં આવી છે. આ સજા હેઠળ વિન્ટર સેમેસ્ટરનું તમામ વિષયનું પરિણામ રદ કરવા ઉપરાંત આગામી વધુ એક સેમેસ્ટરની પરીક્ષા આપવા પર રોક લગાવવામાં આવી છે. ૨ વિદ્યાર્થીને લેવલ-૪ની સજા આપવામાં આવી છે, જેમાં આ પરીક્ષામાં નાપાસ કરવા ઉપરાંત આગામી ત્રણ સેમેસ્ટર સુધી પરીક્ષા આપવા નહીં મળે. આ ઘટનામાં આ બંને વિદ્યાર્થીઓએ અમરેલીની એક ઈજનેરી કોલેજમાં પરીક્ષા દરમિયાન સુપરવાઈઝર સાથે ગેરવર્તુણક કરી હતી. આ ઉપરાંત ગોધરાની સરકારી પોલિટેકનિક કોલેજમાં ડમી વિદ્યાર્થી પકડાતાં ડમી અને મૂળ એમ બંને વિદ્યાર્થીને લેવલ-૫ એટલે કે સૌથી અઘરા અને છેલ્લા લેવલની સજા ફટકારવામાં આવી હતી. જેમાં આ સેમેસ્ટરની પરીક્ષાના તમામ વિષયોના પરિણામમાં નાપાસ કરવા ઉપરાંત આગળના ૪ સેમેસ્ટરની પરીક્ષા આપવાની મનાઈ ફરમાવવામાં આવતી હોય છે. આ ઉપરાંત ૮ વિદ્યાર્થીઓને લેવલ-૭ની સજા કરવામાં આવી છે. આ સજામાં ઉત્તરવહીમાં ક્રોસ લખાણ, હિન્દી ભાષામાં જવાબો લખવા, બીજામાંથી સીધો ઉતારો કર્યો હોવા સહિતની આશંકાઓના પગલે લેવલ-૭ની સજા કરાઈ છે. જેમા રૂબરૂ સુનાવણી દરમિયાન ગંભીરતાના આધારે સજાનો નિર્ણય કરવામાં આવશે. હાલમાં GTU દ્વારા વિદ્યાર્થીઓને પ્રાથમિક સજા સંભળાવવામાં આવી છે.

### ખેડૂતોની સમસ્યાનો આવશે અંત

# છોટાઉદેપુરમાં ગુજરાતનો સૌપ્રથમ રબર ડેમ બનાવવામાં આવશે

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૨૫ ।

બોડેલી તાલુકાના ખેડૂતો લાંબા સમયથી પાણીની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. હવે, ૧૦૦ કરોડના ખર્ચે, હિરણ નદી પર ગુજરાતનો પ્રથમ રબર ડેમ બનવા જઈ રહ્યો છે. આ ડેમ બોડેલીના ૬૦ ગામોને પીવાનું અને સિંચાઈનું પાણી પૂરું પાડશે. આ નવીન ટેકનોલોજીથી વર્ષો જૂની પાણીની સમસ્યાનો અંત આવશે અને વિસ્તાર ગ્રીન ઝોન બનશે. બોડેલી તાલુકો રેડ ઝોન વિસ્તાર તરીકે ઓળખાય છે કારણ કે ચોમાસું પૂર્ણ થતા જ જળસ્તર નીચે જતા પાણીની સમસ્યા ખૂબ વિકટ બનતી હોય છે. પરંતુ હવે આ વિસ્તાર ટૂંક સમયમાં ગ્રીન ઝોન ગણાશે. કારણે કે હિરન નદી પર રાજ્યના પ્રથમ રબર ડેમનું નિર્માણ થવા જઈ રહ્યું છે. જે માટે રાજ્ય સરકારે ૧૦૦ કરોડ ફાળવ્યા છે. ૧૯૫૮માં અહીં આડ ડેમ બનાવ્યો હતો જે બાદ જળસ્તર જળવાયા હતા. પરંતુ રેતી અને કાંપ આવતા મેન્ટેનન્સને અભાવે ડેમના દરવાજા જામ થયા. જોકે હવે રબર ડેમની મંજૂરી મળતા ખેડૂતોએ સરકારનો આભાર માન્યો છે.

### ચાર ટ્રક સામાન કબજે

# ગેંડા સર્કલથી ગોરવા અને ચોખંડીથી ડી-માર્ટ મોલ સુધીના દબાણનો સફાયો

### લારીઓ અને ગલ્લાના દબાણો હટાવીને વિસ્તારમાંથી બે ટ્રક જેટલો માલ સામાન અને લારી ગલ્લા કબજે કર્યા છે

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

વડોદરા મહાનગરપાલિકા તંત્ર એક્શનમાં આવતા શહેરમાં ચારે બાજુએ ત્રાટકતી દબાણ શાખા ની ટીમે પશ્ચિમ વિસ્તારમાં આવેલા ગેંડા સર્કલથી ઈન ઓર્બીટ મોલ રોડ પર ઠેર ઠેર મંડાયેલા લારીઓ અને ગલ્લાના દબાણો હટાવીને વિસ્તારમાંથી બે ટ્રક જેટલો માલ સામાન અને લારી ગલ્લા કબજે કર્યા છે. આ ઉપરાંત શહેરના ચાર દરવાજા વિસ્તારમાં માંડવીથી ચોખંડી દરવાજાથી ડી માર્ટ મોલ સુધીના રોડ રસ્તાની બંને બાજુએ થયેલા લારી ગલ્લા શેરના દબાણોનો સફાયો કરીને વધુ બે ટ્રક જેટલો માલ સામાન અને લારી ગલ્લા કબજે કર્યા હતા. દબાણ શાખા ની ટીમ ની આ કાર્યવાહીથી ઠેર ઠેર રોડ રસ્તા ખુલ્લા થતા અકસ્માતોની સંભાવના ઓછી થઈ છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં ગેરકાયદે દબાણોનો બિલાડી ના ટોપ ની જેમ રાફડો ફાટ્યો છે ત્યારે એક્શનમાં આવેલા પાલિકાની દબાણ શાખાએ તંત્રના આદેશથી દબાણનો ઠેર ઠેર સફાયો શરૂ કર્યો છે ત્યારે શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગેંડા સર્કલથી ઈન ઓર્બીટ મોલ સહિત ગોરવાના મેઈન રોડ વિસ્તારમાં ઠેર ઠેર ખડકાયેલા રોડ રસ્તાની બંને બાજુના લારી ગલ્લા શેડ સહિતના રોડ રસ્તાની બંને બાજુએ થયેલા દબાણો હટાવીને બે ટ્રક જેટલો માલ સામાન કબજે લેવાયો છે. આવી જ સમાંતર રીતે શહેરના ચાર દરવાજા વિસ્તારમાં માંડવીથી ચોખંડી થઈને ડી માર્ટ મોલ સુધીના રોડ રસ્તાની બંને બાજુએ ખડકાયેલા અનેક શેડ, લારી ગલ્લા પથારાના દબાણો દૂર કરીને વધુ બે ટ્રક જેટલો માલ સામાન કબજે કર્યો હતો. દબાણ શાખાની ટીમ દ્વારા થયેલી ગોરવા વિસ્તારની કામગીરી અને ચાર દરવાજા વિસ્તારમાં ચોખંડીથી ડીમાર્ટ સુધીની દબાણ હટાવ કામગીરીથી ખુલ્લા થયેલા રોડ રસ્તાના કારણે અકસ્માત થવાના બનાવો ઘટવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

# વ્યાયામ શિક્ષકો પણ પોતાની પડતર માંગને લઈને કાયમી ભરતીની માગ સાથે વિરોધ પ્રદર્શ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગાંધીનગરમાં એક તરફ આરોગ્ય કર્મીઓ છેલ્લા આઠ દિવસથી આંદોલન કરી રહ્યા છે, તો બીજી બાજુ વ્યાયામ શિક્ષકો પણ પોતાની પડતર માંગને લઈને કાયમી ભરતીની માગ સાથે વિરોધ પ્રદર્શ શરૂ કર્યું છે. આંદોલનકારીઓનો દાવો છે કે છેલ્લા ૧૫ વર્ષથી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવી નથી. જેથી સરકારે કરાર આધારિત ભરતી બંધ કરી કાયમી ભરતી કરે તેવી માંગ કરી રહ્યા છે. આંદોલનને ધ્યાનમાં રાખી પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. તો વ્યાયામ શિક્ષકો પણ પોતાની માગને લઈને અડગ છે અને માગ નહીં સંતોષાય ત્યાં સુધી ગાંધીનગર નહીં છોડીએ તેવી ચિમકી ઉચ્ચારી છે. ગુજરાત રાજ્યમાં વ્યાયામ શિક્ષકો માટે 'ખેલ સહાયક યોજના' અમલમાં મૂકી છે જેનો તે સ્વીકાર્ય કરી રહ્યા નથી. આ યોજના વ્યાયામ શિક્ષકો અને રાજ્યની તમામ શાળાઓના બાળકોના હિતમાં નથી. બાળકને રમતના નિયમો શીખવાડવામાં આવી રહ્યા હોય, અને એક લેવલ સુધી બાળક આગળ વધી રહ્યું હોય ત્યાં સુધીમાં તો કરાર આધારિત વ્યાયમ શિક્ષકને ફરજ પરથી મુક્ત કરી દેવામાં આવે છે. જેથી બાળક બીજા લેવલ સુધી આગળ વધી શકતું નથી. આ યોજનામાં વ્યાયામ શિક્ષકોને ખૂબ જ અન્યાય અને શોષણ થઇ રહ્યું છે. વ્યાયામા શિક્ષકોનું કહેવું છે કે 'આ યોજનામાં શાળાના બાળકો અને વ્યાયામ શિક્ષકોનું હિત જળવાતું નથી. ૧૧ માસના કરાર આધારિત ખેલ સહાયક યોજનામાં રાજ્યના તમામ ખેલ સહાયક માટે રજાના નિયમો એક સરખા નથી. ૧૧ મહિનામાં વેકેશન સિવાય કેવી રીતે ગણતરી થાય તે અંગે કોઈ ખુલાસો નથી. ખેલ સહાયકને ૧૧ માસ પૂરા થયા વગર જ કોઈ પણ જાતની લેખિત માહિતી કે પરિપત્ર વગર મૌખિક રીતે છુટા કરી દેવામા આવે છે'. રાજ્યમાં ખેલ સહાયકને લઈને કોઈપણ અધિકારી પાસે કોઈ પણ માહિતી નથી. રાજ્યમાં ફેબ્રુઆરી મહિનામાં અમુક જિલ્લાઓમાં પુરો પગાર ચૂકવવામાં આવે છે, જ્યારે અમુક જિલ્લાઓમાં પગાર થતો જ નથી.

### સ્થાનિકોને ટેન્કરના સહારે મળી રહ્યું છે પાણી

# કચ્છમાં ઉનાળાની શરૂઆતમાં પાણીનો કકળાટ જોવા મળ્યો

। (એજન્સી) કચ્છ, તા.૨૫ ।

ગુજરાત સરકાર ટેક્કર મુક્ત ગુજરાતની વાતો કરે છે પરંતુ કચ્છના પાટનગર ગણાતા ભુજ શહેરમાં આજે પણ ટેક્કર રાજ જોવા મળે છે શહેરમાં વર્ષોથી પીવાના પાણીની સમસ્યાનો લોકો સામનો કરી રહ્યા છે ત્યારે ઉનાળાની શરૂઆત સાથેજ ભુજમાં પાણીની સમસ્યા સર્જાય છે શહેરના અનેક વિસ્તારમાં લોકોને ત્રણ-ચાર દિવસે પાણી મળી રહયું છે,શહેરમાં ઊભી થયેલી પાણીની સમસ્યાને પહોંચી વળવા માટે પાલિકા દ્વારા ટેન્કર દોડાવામાં આવી રહ્યા છે,પાલિકા હસ્તકના પાંચ ટેન્કર મારફતે દરરોજ ૬૦ જેટલા પાણીના ટેન્કરના ફેરા કરવામાં આવી રહ્યા છે.ઉનાળા લઈને પાલિકા દ્વારા આગોતરું આયોજન કરીને પાણીની સમસ્યા પહોચી વળવા માટે પાલિકાએ એક્શન પ્લાન તૈયાર કર્યો હોવાનો દાવો કર્યો હતો, પરંતુ ઉનાળાના પ્રારંભ સાથેજ ભુજમાં પાણીની સમસ્યા વિકટ બની છે, હાલમાં પાલિકા દ્વારા પાંચ પાણીના ટેક્કર દોડાવવામાં આવી રહ્યા છે, જે વિસ્તારમાં પાણી સમસ્યા હોય તેવા વિસ્તારમાં ૨૦૦ રૂપિયા વસૂલી પાલિકા ટેક્કર મારફતે પાણી પહોંચાડી રહી છે.

### અઢી મહિનામાં ૯.૩૮ કરોડનું દાણચોરીનું સોનું ઝડપાયું

# એરપોર્ટ પરથી ૨ વ્યક્તિ પાસેથી ઝડપાયું ૨ કરોડથી વધુ કિંમતનું સોનું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી વધુ એક વખત સોનું ઝડપાયું છે. એર ઈન્ટેલિજન્સ દ્વારા રૂપિયા ૨ કરોડ ૭૭ લાખથી વધુ કિંમતનું સોનું ઝડપાયું છે. અબુ ધાબીથી આવેલા ૨ મુસાફર પાસેથી ૩,૦૫૦ ગ્રામ સોનું ઝડપાયું છે. આ બંને મુસાફરો જીન્સમાં સોનું છુપાવીને અમદાવાદ લાવ્યા હતા અને સિક્યુરિટી ચેકિંગ દરમિયાન બંને વ્યક્તિઓ પાસેથી સોનું ઝડપી લેવામાં આવ્યું છે.અમદાવાદ એરપોર્ટ સોનાની દાણચોરીનું હબ બની ગયું હોય તેવું ચાલુ વર્ષે પકડાયેલા સોના પરથી સાબિત થઈ રહ્યું છે. ૧ જાન્યુઆરીથી ૧૨ માર્ચ સુધીના ૭૧ દિવસમાં કુલ ૧૧,૬૨૩.૨૭ ગ્રામ સોનું ઝડપાયું હતું. જેની બજાર કિંમત અધધ...૯,૩૭,૫૩,૩૧૧ રૂપિયા થવા જાય છે! સોનાની દાણચોરીના કુલ ૧૮ કેસ થયા હતા. જેમાં કસ્ટમ વિભાગે આટલી મોટી માત્રામાં સોનું જપ્ત કર્યું છે. એટલેકે સરેરાશ દર ચોથા દિવસે એરપોર્ટ પરથી સોનું ઝડપાઈ રહ્યું છે. અબુધાબી, જેદ્દાહ, દુબઈ, કુવૈત, બેંગકોક તરફથી આવતી ફલાઇટોના મુસાફરો પાસેથી આ સોનું ઝડપાયું હતું. અરબ રાષ્ટ્રોમાં સોનાની કિંમત ઓછી હોવાથી ત્યાંથી મોટાપાયે ખરીદી કરીને ડયુટી ભર્યા વગર જ બારોબાર અમદાવાદમાં સોનું ઘુસાડવા માટે મુસાફરો અવનવા પેંતરા અજમાવતા હોય છે.

૧૨ માર્ચે અમદાવાદ શહેરના ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી સોનાની દાણચોરી ઝડપાઈ હતી. એર ઈન્ટેલિજન્સ યુનિટે સોનાની દાણચોરી કરતા ૨ મુસાફરોને ઝડપી પાડ્યા હતા. આ બંને મુસાફરો પાસેથી કુલ ૧.૪૫૦ ગ્રામ દાણચોરીનું સોનું ઝડપાયું હતું. આ બંને મુસાફરોને ઝડપીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# અમદાવાદમાં યુવક યુવતીએ હાથમાં દુપટ્ટો બાંધી સજોડે સાબરમતી નદીમાં કુદીને આપઘાત કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

ગુજરાતમાં પ્રેમીપંખીડાના આપઘાતના બે ચોંકાવનારા બનાવ બન્યા છે. અમદાવાદમાં યુવક યુવતીએ હાથમાં દુપટ્ટો બાંધી સજોડે સાબરમતી નદીમાં કુદીને આપઘાત કર્યો. તો કેશોદમાં પણ એક કપલે અલગ અલગ આપઘાત કરી લીધો છે. સાબરમતી રિવરફ્રન્ટ પર રવિવારના રોજ યુવક-યુવતીએ હાથમાં દુપટ્ટો બાંધી નદીમાં ઝંપલાવ્યું. યુવક યુવતીએ ખાનપુર તરફ આવેલા વોક વે પરથી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી હતી. યુવતી પાસેથી એક ખાલી બેગ મળી આવી છે. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બંનેના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓ દ્વારા બંનેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. યુવતીના ડાબા હાથ પર પ્રિયાંશી નામ લખેલું છે આત્મહત્યા કરનાર યુવક યુવતીની ઓળખ થઈ નથી. પરંતુ યુવતીના ડાબા હાથ પર પ્રિયાંશી લખેલું છે. આ યુવક-યુવતીની ઉંમર આશરે ૧૭ વર્ષથી ૨૦ વર્ષની હોવાની સંભાવના છે. યુવક યુવતીએ પોતાના હાથ બાંધી એક સાથે નદીમાં ઝંપલાવ્યું હતું. યુવતીના ડાબા હાથે પ્રિયાંશી લખેલું ટેટૂ ત્રોફાવેલું છે. બંને મૃતક પાસે કોઈ ઓળખ કાર્ડ પણ મળી આવ્યા નથી. પોલીસે મૃતકના વાલી વારસની શોધખોળ શરૂ કરી છે. આ મામલે રિવરફ્રન્ટ ઈસ્ટ પોલીસે તપાસ હાથ ધરી છે. કેશોદ તાલુકાના સોંદરડા ગામ અને તેની નજીક આપઘાત કરી લેતા એક યુવતી અને એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

**વિશેષ** સેવા મિત્ર મંડળ દ્વારા ચકલી બચાવો અભિયાન હેઠળ શહેરીજનોને ૫૦૦૦ ચકલી ઘર અને પાણી માટે ૪૦૦૦ બાઉલનું વિના મૂલ્યે વિતરણ કરાયું

# વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો. કરનરાજ વાઘેલાની ઉપસ્થિતિમાં વિશ્વ ચકલી દિવસ અને શહીદ દિવસની ઉજવણી

। (માહિતી) વલસાડ ।







વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો.કરનરાજ વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાં વલસાડના સેવા મિત્ર મંડળ દ્વારા તિથલ રોડ ઉપર વિશ્વ ચકલી દિવસ અને શહીદ દિવસની ઉજવણી નિમિત્તે લુપ્ત થઈ રહેલી ચકલીને બચાવવા માટે ૫૦૦૦ ચકલી ઘર અને પક્ષીઓને પીવાના પાણી માટે ૪૦૦૦ બાઉલનું નિઃશૂલ્ક વિતરણ શહેરની જનતાને કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો.કરનરાજ વાઘેલાએ જણાવ્યું કે, સેવા મિત્ર મંડળની પ્રવૃતિ બિરદાવવા લાયક છે. પર્યાવરણનું જતન કેવી રીતે કરી શકાય, ખોવાઈ ગયેલી ચકલીઓની સંખ્યામાં કેવી રીતે વૃધ્ધિ કરી શકાય તે માટે નવી નવી પહેલ આ મંડળ દ્વારા કરવામાં આવે છે. પ્લાસ્ટીકના વપરાશથી પર્યાવરણને કેટલુ નુકસાન થઈ રહ્યુ છે તે અંગે લોકોને જાગૃત કરવા આજે અહીં પ્લાસ્ટીકનો રાક્ષસ પણ બનાવાયો છે. મનુષ્ય પાણી બનાવી શકતો નથી પણ બચાવી તો શકે જ છે થીમ ઉપર બોરને રીચાર્જ કરો, પ્રકૃતિ બચાવોની રેઈન વોટર હાર્વેસ્ટીંગ (કેચ ધ રેઈન)નું મોડલ પણ અહીં જનજાગૃતિ માટે ઉભુ કરવામાં આવ્યુ છે. સેવા મિત્ર મંડળના સેવક અક્ષયભાઈ સોની જણાવે છે કે, એક દાયકા ઉપરાંતથી 'ચકલી બચાવો' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. વધતા જતા પ્રદૂષણ, જંગલોનો વિનાશ, પાકા રસ્તા, વધતુ જતુ શહેરીકરણ અને ગ્લોબલ વોર્મિંગની અસરના કારણે ચકલીઓની સંખ્યા ઘટી રહી છે જેથી મંડળ દ્વારા આ અનોખી પહેલ કરવામાં આવી હતી. શરૂઆતમાં કાગળના પૂઠાંના માળા બનાવવામાં આવતા હતા. પરંતુ ચોમાસામાં તે બગડી જતા હોવાથી હવે લાકડા અને પ્લાયવૂડના મજબૂત ચકલી ઘર બનાવવામાં આવે છે. જે ચોમાસામાં પણ અડીખમ રહે છે. મંડળ દ્વારા લોકોને અપીલ કરવામાં આવે છે કે, તેઓ પોતાના ઘરની બારી, દરવાજા કે ઓટલા પર ચકલીઓ માટે માળા અને પાણીના પાત્રો મૂકે જેથી ધગધગતા ઉનાળામાં ચકલી સહિતના અબોલ જીવને આશ્રયસ્થાન મળી રહે છે. અહીંથી નિઃશૂલ્ક માળા લઈ જનાર શહેરીજનોને ચકલી ઘરમાં ચકલી પોતાના બચ્ચાને ઉછેરતી હોય તેવી સેલ્ફી મંડળને મોકલવા માટે અનુરોધ કરવામાં આવે છે. લોકો દર વર્ષ ચકલી સાથેની સેલ્ફી મોકલી પણ રહ્યા છે. આ રીતે લોકોમાં ચકલીઓ પ્રત્યેનો પ્રેમ વધી રહ્યો છે. અમારૂ માનવુ છે કે, બધા સાથે મળીને સહિયારા પ્રયાસ કરશે તો ફરી એકવાર ચકલીની ચી..ચી.. આપણા આંગણામાં ગુંજી ઉઠશે. ઉલ્લેખનીય છે કે, વલસાડ સેવા મિત્ર મંડળના જીવદયા પ્રેમી વિદ્યાર્થીઓ શાળા-કોલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારથી પોતાની પોકટમનીમાંથી પશુ-પક્ષી અને અબોલ જીવ પ્રત્યે સેવાકીય પ્રવૃત્તિ કરતા આવ્યા છે. સેવા મિત્ર મંડળના નેજા હેઠળ છેલ્લા ૧૧ વર્ષથી અવિરતપણે ચાલતી આ સેવાકીય પ્રવૃત્તિમાં મંડળના તમામ વિદ્યાર્થીઓ હાલ ભણી ગણીને પોતાના નોકરી ધંધા અને ઘર સંસારમાં વ્યવસ્ત થઈ ગયા છે પરંતુ તેઓની સેવાકીય પ્રવૃત્તિની મહેક આજપર્યંત સમગ્ર પંથકમાં પ્રસરી રહી છે. સેવા મિત્ર મંડળ દ્વારા અત્યાર સુધીમાં ૪૧ હજારથી વધુ ચકલીઘર અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે વલસાડ સિટી પીઆઈ દિનેશ પરમાર, રૂરલ પીઆઈ ભાવિક જીતિયા અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

# જસ્ટિસ યશવંત વર્મા સામે અલ્લાહાબાદ હાઈકોર્ટના વકીલોનો વિરોધ

## ગેટ નંબર ૩ પર પહોંચેલા વકીલોએ અનિશ્ચિત સમયની હડતાળનું એલાન કરી દીધુ છે અલ્હાબાદ બાર એસોસિએશન ખુલીને મેદાનમાં ઉતરી આવ્યું

। (એજન્સી) અલ્હાબાદ, તા.૨૫ ।

અલ્હાબાદ હાઈકોર્ટના વકીલોએ જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ મોરચો ખોલી દીધો છે. સેંકડો વકીલો જસ્ટિસ યશવંત વર્માનો જોરદાર વિરોધ કરી રહ્યા છે. ગેટ નંબર ૩ પર પહોંચેલા વકીલોએ અનિશ્ચિત સમયની હડતાળનું એલાન કરી દીધુ છે. અલ્હાબાદ બાર એસોસિએશન ખુલીને મેદાનમાં ઉતરી આવ્યું છે. વકીલોનું કહેવું છે કે, ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા જજ અમને સ્વીકાર્ય નથી. તેમની માગ છે કે દિલ્હી હાઈકોર્ટથી તેમનું ટ્રાન્સફર અલ્હાબાદ ન કરવામાં આવે. આ મુદ્દે અલ્હાબાદ બાર એસોસિએશને અગાઉ પણ કહ્યું હતું કે, 'અલ્હાબાદ હાઈકોર્ટ કોઈ ''કચરાપેટી'' નથી કે ભ્રષ્ટાચારના આરોપીઓને ન્યાય માટે અહીં મોકલી દેવામાં આવે.' તાજેતરમાં જ જસ્ટિસ યશવંત વર્માના દિલ્હી સ્થિત ઘરમાં આગ લાગ્યા બાદ કરોડો રૂપિયાની



રોકડ બળી જવાના સમાચાર સામે આવ્યા હતા. ત્યારબાદ યશવંત વર્મા વિવાદો સપડાઈ ગયા છે. આ વચ્ચે જ બીજા સમાચાર એ આવ્યા કે જસ્ટિસ યશવંત વર્માને દિલ્હીથી અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા છે. હવે તેના વિરોધમાં અલ્હાબાદ હાઈકોર્ટના વકીલો એકઠા થયા છે. જસ્ટિસ યશવંત વર્માની બદલીના વિરોધમાં હાઈકોર્ટ બાર એસોસિએશને આજે ૨૫ માર્ચે અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરી દીધી છે. આ હડતાળને દેશભરના હાઈકોર્ટ બાર એસોસિએશનોનું સમર્થન પ્રાપ્ત છે. ગત સોમવારે અલ્હાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશનના અધ્યક્ષ અનિલ તિવારીએ એક કાર્યકારિણી ઈમરજન્સી બેઠક કરી હતી, જેમાં સુપ્રીમ કોર્ટ કોલેજિયમના નિર્ણય સામે વિરોધ ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. બેઠકમાં અનિલ તિવારીએ એ પણ જણાવ્યું હતું કે, આ મુદ્દે દેશની ૨૨ હાઈકોર્ટને બાર એસોસિએશને સમર્થન પત્ર મોકલ્યો છે. અનિલ તિવારીએ કહ્યું કે, આપણી લડાઈ કોઈ જજ સામે નથી પણ સિસ્ટમ સામે છે. અહીં મહેનતુ ન્યાયાધીશો છે, હવે તેમની છબી જોખમમાં છે. અલ્હાબાદ હાઈકોર્ટને 'કચરાપેટી' માનવામાં આવી રહી છે. જો કોઈ જજની ભ્રષ્ટાચારના આરોપસર બદલી થઈ રહી હોય, તો તેમને અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી રહ્યા છે. ખામીઓને દૂર કરવાના બદલે, જો ખામીઓ ધરાવતા લોકોને અહીં ટ્રાન્સફર કરવામાં આવે તો સિસ્ટમ ખતમ થઈ જશે. તાજેતરમાં જસ્ટિસ યશવંત વર્માના દિલ્હી સ્થિત સત્તાવાર નિવાસસ્થા પર એક ફાયરફાઈટિંગ ઓપરેશન દરમિયાન મોટી માત્રામાં રોકડ મળી આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જોકે, સૂત્રોના જણાવ્યું કે, આ સમય દરમિયાન જસ્ટિસ વર્મા શહેરની બહાર હતા. આ વચ્ચે તેમના ઘરની બહારથી બળી ગયેલી નોટોના બંડલોની તસવીરો સામે આવી હતી. કાટમાળ પણ બળી ગયેલો મળી આવ્યો હતો. તેમાં બળી ગયેલી નોટો પણ જોવા મળી હતી. આ અગાઉ સુપ્રીમ કોર્ટે 'કેશ કાંડ' અંગે પોતાનો રિપોર્ટ જાહેર કર્યો હતો. આ મામલો સામે આવ્યા બાદ અલ્હાબાદ હાઈકોર્ટ બાર એસોસિએશને ભ્રષ્ટાચારના આરોપોને લઈને જસ્ટિસ યશવંત વર્મા સામે મહાભિયોગની માંગ કરી છે.

### મનરેગા હેઠળ નાણાંનો દુરુપયોગ

# લોકસભામાં મનરેગા મુદ્દે જોરદાર હોબાળો, વિપક્ષોએ કેન્દ્ર સરકારના જવાનો કર્યો વિરોધ

## રાજ્યના રાજકીય એજન્ડાઓ ગૃહમાં ન લાવવા જોઈએ વિપક્ષના હોબાળાના કારણે અધ્યક્ષે લોકસભાની કાર્યવાહી સ્થગિત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

લોકસભામાં આજે મનરેગાના પ્રશ્ન સામે અસંતોષજનક જવાબ મળતા ત્રણ રાજ્યોના સાંસદોએ સૂત્રોચ્ચાર સાથે જોરદાર હોબાળો કર્યો છે. આ મુદ્દે દ્રવિડ મુનેત્ર કઝગમ, તૃણમૂલ કોંગ્રેસ અને અન્ય વિપક્ષોએ હોબાળો કરતા લોકસભા અધ્યક્ષ પણ નારાજ થયા છે. અધ્યક્ષે કહ્યું છે કે, 'રાજ્યના રાજકીય એજન્ડાઓ ગૃહમાં ન લાવવા જોઈએ. વિપક્ષના હોબાળાના કારણે અધ્યક્ષે લોકસભાની કાર્યવાહી સ્થગિત કરી દીધી છે. વાસ્તવમાં પ્રશ્નકાળ દરમિયાન વિપક્ષી સાંસદોએ મનરેખા હેઠળ કેરળ, પશ્ચિમ બંગા અને તમિલનાડુના બાકી નાણાં અંગે પ્રશ્ન પૂછ્યો હતો, તેના જવાબમાં કેન્દ્રીય ગ્રામીણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી ચંદ્રશેખર પેમ્માસાની અસંતોષજનક જવાબ આપતા વિપક્ષો નારાજ થઈ ગયા અને તેઓ અધ્યક્ષની ખુરશી પાસે આવી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. શિવરાજ સિંહે ગૃહમાં કહ્યું હતું કે, 'મનરેગા હેઠળ તમિલનાડુને ૮૫ હજાર કરોડ રૂપિયાનું ભંડોળ જારી કરાયું છે, જ્યારે બાકીનું ભંડોળ ટૂંક સમયમાં જારી કરાશે. આ ઉપરાંત પશ્ચિમ બંગાળને ૫૪,૫૧૫ કરોડ રૂપિયાનું ભંડોળ જારી કરાયું હતું.' જોકે તેમણે એમ પણ કહ્યું કે, 'જ્યારે પાલન પૂર્ણ થશે ત્યારે બાકી ભંડોળ બહાર પાડવામાં આવશે.' ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રી ચંદ્રશેખર પેમ્માસાની એ કહ્યું કે, 'પશ્ચિમ બંગાળમાં મનરેગા હેઠળ નાણાંનો દુરુપયોગ થયો હોવાનું સામે આવ્યું છે. તેથી જ્યાં સુધી ગેરરીતિઓ દૂર ન થાય ત્યાં સુધી ભંડોળ અપાશે નહીં.' તેમણે એમ પણ કહ્યું કે, મનરેખા હેઠળ અપાતી રોજગારીમાં ૪૩ ટકા વધારો થયો છે. શિવરાજ અને પેમ્માસાનીનો ઉત્તર સાંભળતા જ વિપક્ષોએ હોબાળો શરૂ કરી દીધો હતો અને લોકસભાની ખુરશી પાસે આવી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા.

### ચૂંટણી વચ્ચે નીતિશ કુમારનો ટાર્ગેટ વિપક્ષ

# રાબડી દેવી સાથે તુ તડાક પર ઉતરી આવ્યા નીતિશ કુમાર

। (એજન્સી) બિહાર, તા.૨૫ ।

બિહારમાં બજેટ સેશન દરમિયાન આજે વિધાન પરિષદમાં અનામત મુદ્દે ભારે હોબાળો થયો હતો. જેમાં વિપક્ષના ધારાસભ્યો અનામતના મુદ્દા સાથે ગ્રીન ટીશર્ટ પહેરી ૬૫ ટકા અનામતને ૯મી અનુસૂચીમાં સામેલ કરવાની માગ સાથે હોબાળો કરી રહ્યા હતાં. આ માગનું નેતૃત્વ પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી કરી રહ્યા હતાં. એવામાં ફરી એકવાર રાબડી દેવીને ટાર્ગેટ કરતાં મુખ્યમંત્રી નીતિશ કુમારની જીભ લપસી હતી. આકરા નિવેદનો અને અવનવી પ્રતિક્રિયાઓના કારણે હંમેશા ચર્ચામાં રહેતાં બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે અનામત મુદ્દે માગ લઈને આવેલા વિપક્ષને તતડાવ્યો હતો. તેમણે રાબડી દેવીને ટાર્ગેટ કરતાં હદ વટાવી હતી અને તોછડાઈભર્યા વર્તન સાથે કહ્યું કે, 'અરે તુ બેસી જા, આ તારી પાર્ટી નથી, તારા પતિની છે, તારૂ કશું જ નથી. તને તો કંઈ સમજણ પણ પડતી નથી. તારા પતિ સત્તા



પરથી ઉતર્યા અને તને મુખ્યમંત્રી બનાવતા ગયાં. આ બિચારીને કંઈ જ આવડતુ નથી. બધાએ કીધુ કે આ પહેરીને ચાલો નીતિશ કુમારે રાબડી દેવીને ટાર્ગેટ કરતાં પ્રશ્ન પૂછ્યો હતો કે, 'આ બધા જે કરી રહ્યા છે, તે કેમ કરી રહ્યા છે, હું તને પૂછુ છું. શા માટે આ પહેરીને આવી છે. આ તમામ નકામી વસ્તુ છે. બોગસ છે. ઉલ્લેખનીય છે, બિહાર વિધાન પરિષદમાં આજે વિપક્ષના ધારાસભ્યો ૬૫ ટકા અનામતની જોગવાઈને બંધારણની અનુસૂચી ૯માં સામેલ કરવાની માગ કરી રહ્યા છે. જેને લઈને તેઓએ વિરોધ પણ નોંધાવ્યો હતો.



ભુવનેશ્વરમાં ઓડિશા વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન કોંગ્રેસ અને બીજેડીના ધારાસભ્યોએ ગૃહમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

# મલેશિયામાં લગભગ ૧૩૦ વર્ષ જૂના મંદિરનું અસ્તિત્વ જોખમમા

। (એજન્સી) મલેશિયા,તા.૨૫ ।

મલેશિયામાં લગભગ ૧૩૦ વર્ષ જૂના મંદિરનું અસ્તિત્વ જોખમમાં હોવાનું જણાય છે. રાજધાની કુઆલાલંપુરના આ ઐતિહાસિક મંદિરને તોડીને અન્ય જગ્યાએ શિફ્ટ કરવાની યોજના ઝડપથી ચાલી રહી છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે જે જમીન પર આ મંદિર બનેલ છે તે જમીન એક ટેક્સટાઈલ કંપનીએ ખરીદી છે અને આ કંપની અહીં મસ્જિદ બનાવવા માંગે છે. જેનું ટૂંક સમયમાં વડાપ્રધાનના હસ્તે ઉદ્ઘાટન થવા જઈ રહ્યું છે. આ ૧૩૦ વર્ષ જૂનું મંદિર દેવી શ્રી પાત્ર કાલિયમ્માનું છે અને ઘણી જાતિના ભક્તોની આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. આ મંદિર પહેલા સરકારી જમીન પર બનાવવામાં આવ્યું હતું, પરંતુ ૨૦૧૪માં આ જમીન ટેક્સટાઈલ કંપની જેકલને વેચી દેવામાં આવી હતી. આ કંપનીના સ્થાપક સ્વર્ગસ્થ મોહમ્મદ જકીલ અહેમદે આ જમીન મસ્જિદ બનાવવા અને મુસ્લિમ સમુદાયને ભેટ આપવાના હેતુથી ખરીદી હતી. અહેવાલોમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે જેકલ કંપની મંદિર સમિતિ સાથે સતત વાત કરી રહી હતી અને મંદિરને અન્ય જગ્યાએ શિફ્ટ કરવાનો ખર્ચ ઉઠાવવાની ઓફર પણ કરી હતી.

## ન્યુઝ બોક્ષ

### દેશમાં વિકાસના નામે દસ વર્ષમાં ૧૭૩૪ ચોરસ કિમી જંગલો નષ્ટ કરાયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

દેશમાં છેલ્લા દસ વર્ષમાં દસ જ વર્ષમાં વિવિધ રાજ્યોમાં કુલ ૧,૭૩૪ ચોરસ કિ.મી. જંગલો કાપીને ડેવલપમેન્ટ એટલે કે 'વિકાસ'ની મંજૂરી અપાઈ છે. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે આંકડાકીય માહિતી આપતા કહ્યું હતું કે, ૨૦૧૪-૧૫ અને ૨૦૨૩-૨૪ વચ્ચે વનનિયમ અધિનિયમ ૧૯૮૦ હેઠળ માળખાગત વિકાસ માટે ૧.૭૩ લાખ હેક્ટર વન-જંગલોની જમીન પર વિકાસની મંજૂરી અપાઈ હતી. દેશમાં સૌથી વધુ ૭૭,૦૭૩ ચોરસ કિલોમીટર વન વિસ્તાર મધ્ય પ્રદેશમાં છે, જ્યાં દેશમાં સૌથી વધુ ૩૫૮.૫૨ ચોરસ કિલોમીટર જંગલ જમીન હેતુ ફેર કરાઈ છે. એવી જ રીતે, ગુજરાતમાં ૯૯.૮૫ ચોરસ કિ.મી., ઓડિશામાં લગભગ ૨૪૪ ચોરસ કિ.મી., તેલંગાણામાં ૧૧૪.૨૨ ચોરસ કિ.મી. અને અરુણાચલ પ્રદેશમાં ૯૪.૯૫ ચોરસ કિ.મી. જંગલ જમીન હેતુ ફેર કરાઈ છે. એટલું જ નહીં, આ દસ વર્ષમાં સૌથી ઓછા જંગલો ધરાવતા રાજસ્થાનમાં પણ ૮૭.૯૬ ચોરસ કિ.મી. જંગલ વિસ્તાર હેતુફેર કરાયો છે.

### નવી નવેલી દુલ્હને લગ્નના ૧૫ દિવસમાં જ ખૂની ખેલ ખેલ્યો

। (એજન્સી) લખનૌ, તા.૨૫ ।

ભારતીય સંસ્કારોમાંનો એક પવિત્ર સંસ્કાર એટલે લગ્ન સંસ્કાર માનવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી લગ્ન સંબંધિત વિચિત્ર કેસ સામે આવી રહ્યા છે. તાજેતરમાં જ ઉત્તર પ્રદેશના મૈનપુરીમાંથી એક એવો કિસ્સો સામે આવ્યો છે જ્યા લગ્નના ૧૫ દિવસમાં જ પ્રેમીને પામવા માટે પત્નીએ પતિને મોતને ઘાટ ઉતારી દીધો છે. હકીકત એવી છે કે, ઉત્તર પ્રદેશના મૈનપુરીના દિલીપ અને ઔરૈયાની રહેવાસી પ્રગતિના લગ્ન દરેક માટે એક સ્વપ્ન જેવું હતું. આ ખુશીના પ્રસંગમાં માત્ર સગાંસંબંધિઓ જ નહીં પણ પડોશીઓ પણ સહભાગી થયા. દરેક ધાર્મિક વિધિ ધામધૂમથી કરવામાં આવી રહી હતી. પરંતુ આ ધાર્મિક વિધિ દરમિયાન દુલ્હન પ્રગતિના મનમાં સાત જન્મ માટે પ્રતિજ્ઞા લેવાને બદલે કંઈક બીજું જ ચાલી રહ્યું હતું. પ્રગતિની મોટી બહેન પારુલના લગ્ન વર્ષ ૨૦૧૯માં દિલીપના મોટા ભાઈ સંજય સાથે થયા હતા, તેથી પ્રગતિ અને દિલીપ એકબીજાથી પરિચિત હતા. પરંતુ આ સંબંધમાં એક અકથિત સત્ય છુપાયેલું હતું.

### ૩૭ વર્ષીય રિયલ એસ્ટેટ બિઝનેસમેન લોકનાથ સિંહની તેમની પત્ની અને સાસુએ હત્યા કરી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૫ ।

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં એક ખૂબ જ હત્યાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ૩૭ વર્ષીય રિયલ એસ્ટેટ બિઝનેસમેન લોકનાથ સિંહની તેમની પત્ની અને સાસુએ હત્યા કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, હત્યાનું કારણ લોકનાથના કથિત એકસ્ટ્રા મેરિટલ અફેર અને બિઝનેસની લેવડ દેવડ માનવામાં આવી રહ્યું છે. આ કેસમાં બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.પોલીસના જણાવ્યા અનુસાર, શનિવારે જ્યારે કેટલાક લોકોએ ચિક્કબનાવરાના એક અવાવરું જગ્યાએ એક કારમાં લોકનાથ સિંહનો મૃતદેહ જોયો, ત્યારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. ઉત્તર બેંગલુરુના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) સૈદુલ અદાવતએ જણાવ્યું કે, ''અમને શનિવારે સાંજે ૫:૩૦ વાગ્યે ૧૧૨ પર એક ડિસ્ટ્રેસ કોલ મળ્યો હતો, જેમાં મૃતદેહ મળી આવ્યો હોવાની માહિતી આપવામાં આવી હતી. અમે તપાસ શરૂ કરી અને હત્યાના આરોપસર લોકનાથની પત્ની અને સાસુની ધરપકડ કરી હતી. આ કેસમાં વધુ તપાસ ચાલુ છે'' પોલીસની શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપીએ પહેલા લોકનાથના ભોજનમાં ઊંઘની ગોળીઓ ભેળવી દીધી હતી, જેથી તે બેભાન થઈ જાય.

### અમેરિકાના 'વોર પ્લાન'ની માહિતી લીક!

# અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રની એક મોટી ભૂલ સામે આવી

## મેગેઝિનની એક કોલમમાં પોતે ટ્રમ્પ વહીવટીતંત્રના ટોચના અધિકારીઓ સાથેના ગ્રૂપ ચેટમાં સામેલ હોવાનું જણાવ્યું છે

। (એજન્સી) અમેરિકા, તા.૨૫ ।

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટી તંત્રની એક મોટી ભૂલ સામે આવી છે. અહીંના ઉચ્ચ અધિકારીઓએ સંવેદનશીલ બાબતોને લગતી માહિતી ધરાવતા એક ગ્રૂપ ચેટમાં એક પત્રકારને જોડી દીધા. હવે આનો ખુલાસો ખુદ પત્રકારે કર્યો છે. જેફરી ગોલ્ડબર્ગ 'ધ એટલાન્ટિક' મેગેઝિનના એડિટર ઈન ચીફ છે. તેમણે મેગેઝિનની એક કોલમમાં પોતે ટ્રમ્પ વહીવટીતંત્રના ટોચના અધિકારીઓ સાથેના ગ્રૂપ ચેટમાં સામેલ હોવાનું જણાવ્યું છે. આ ગ્રૂપ ચેટ નેશનલ સિક્યોરિટી એડવાઈઝર માઈક વોલ્ટ્ઝે બનાવ્યું હતું. જેફરી ગોલ્ડબર્ગે 'ધ એટલાન્ટિક'ના પોતાના ઓપિનિયન સેક્શનમાં જણાવ્યું કે, '૧૧ માર્ચ ૨૦૨૫ના રોજ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ના ડિફેન્સ સેક્રેટરી પીટ હેગ્સેથે મેસેજિંગ એપ સિગ્નલના એક ગ્રૂપ ચેટમાં અમેરિકા દ્વારા હૂતી વિદ્રોહીઓ પર કરવામાં આવેલા હુમલા વિશે જાણકારી આપી. મને આ હુમલાની જાણકારી બે કલાક પહેલા જ થઈ ચૂકી હતી. પહેલા મને લાગ્યું કે, કદાચ મને ટ્રેપ કરવા માટે કોઈ પીટ હેગ્સેથની નકલ કરી રહ્યું હોય, પરંતુ બાદમાં મામલો કંઈક



બીજો જ નીકળ્યો.' જેફરી ગોલ્ડબર્ગે જણાવ્યું કે 'મને 'હૂતીઁઝ સ્મોલ ગ્રૂપ' નામના સિગ્નલ ચેટ ગ્રૂપમાં જોડવામાં આવ્યો હતો. તેમાં વિદેશ મંત્રી માર્કો રુબિયો, CIA ડિરેક્ટર જોન રેટક્લિફ અને વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સ સહિત અન્ય અધિકારીઓ સામેલ હતા. તેઓ યુદ્ધ અંગે પોતાનો પ્લાન જણાવી રહ્યા હતા. મને લાગ્યું કે, પત્રકારોને શરમજનક સ્થિતિમાં મૂકવા માટે મને આ ગ્રૂપમાં જોડવામાં આવ્યો છે. મને શંકા હતી કે આ ગ્રૂપ ચેટ વાસ્તવિક હોઈ શકે છે. કારણ કે હું વિશ્વાસ નહોતો કરી શકતો કે, અમેરિકાનું રાષ્ટ્રીય સુરક્ષા નેતૃત્વ યુદ્ધની યોજનાઓ માટે સિગ્નલ પર ચેટ કરશે. આ સાથે જ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર એટલા બેદરકાર હશે કે ધ એટલાન્ટિકના એડિટર ઈન ચીફને એક ગ્રૂપ ચેટમાં જોડશે જેમાં વાઈસ પ્રેસિડેન્ટ જેડી વેન્સ પણ સામેલ છે.'

### મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા SML ઇસુઝુમાં સુમિટોમોનો હિસ્સો ખરીદે તેવી સંભાવના

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

શેરબજારના ડેટા અનુસાર, પ્રમોટર સુમીટોમો કોર્પોરેશન ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં SML ઈસુઝુમાં ૪૩.૯૬ ટકા હિસ્સો ધરાવે છે. એસયુવી અને પીકઅપ ટ્રક નિર્માતા ઈસુઝુ મોટર્સ (જાપાન) પાસે વિદેશી પ્રત્યક્ષ રોકાણ તરીકે SML ઈસુઝુમાં ૧૫ ટકા હિસ્સો છે. BSE પર SML ઈસુઝુનું બજાર મૂડીકરણ માર્ચ ૨૦૨૪ સુધીમાં આશરે રૂ. ૨૫૦૦ કરોડ હતું અને વર્તમાન ભાવે ૪૪ ટકા હિસ્સાનું મૂલ્ય આશરે રૂ. ૧૧૦૦ કરોડ થશે. જો કે, અહેવાલો અનુસાર, M&M શેર દીઠ આશરે રૂ. ૧૪૦૦-૧૫૦૦ના ભાવે ખરીદવાનું વિચારી રહી છે અને કંપનીનું મૂલ્ય આશરે રૂ. ૨,૦૦૦ કરોડ હોવાનું મનાય છે. જોકે બેંક્રર્સ માને છે કે SML ઈસુઝુ ભારતના કોમર્શિયલ વ્હિકલ માર્કેટમાં તેના નીચા બજાર હિસ્સાને કારણે માર્કેટ વેલ્યુએશન કરતાં પ્રીમિયમમાં પ્રભુત્વ ધરાવે તેવી શક્યતા નથી. SML ઈસુઝુનું વેચાણ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સ્થિર રહ્યું હતુ અને એપ્રિલથી ફેબ્રુઆરીના સમયગાળામાં એકંદર વેચાણમાં ૦.૨ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. પાછલા મહિને કુલ ૧૧૯૦૬ વાહનોનું વેચાણ થયું હતું. જોકે, કંપનીએ ગયા મહિને મજબૂત બે આંકની વૃદ્ધિ જોઈ હતી. જ્યારે પેસેન્જર વાહનો (બસ)માં ૩૫.૮ ટકા અને માલસામાનને લગતા વાહનોમાં ૧૫.૩ ટકાનો વધારો થયો હતો.

# ભારતને રેસિપ્રોકલ ટેરિફમાં રાહત આપશે અમેરિકા?

। (એજન્સી) અમેરિકા, તા.૨૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૨ એપ્રિલથી રેસિપ્રોકલ ટેરિફ લગાવવાનું એલાન કરી ચૂક્યા છે. આ પાછળ ટ્રમ્પનો ઈરાદો એવા દેશોની પ્રોડક્ટ પર ટેરિફ લગાવવાનો છે જેઓ અમેરિકન પ્રોડક્ટ પર ભારે ટેરિફ લગાવે છે. આ વચ્ચે હવે ભારત સરકાર અમેરિકા દ્વારા લગાવવામાં આવી રહેલા રેસિપ્રોકલક ટેરિફમાંથી મુક્તિ મેળવવાનો પ્રયાસ કરશે. આ મામલે ચર્ચા કરવા માટે અમેરિકન અધિકારીઓનું એક ગ્રુપ આજે ભારત આવી રહ્યું છે.

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**25 kV AC OHE ની ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ**

ઇ-ટેન્ડર નોટિસ નં : EL/C/ADI/TRD&GS/41R/2024-25 (1) કામનું નામ અને સ્થાન : વડોદરા-ગેરાટપુર વિભાગમાં એલસી નં. 248, કિમી 418/5-7 પર 257, કિમી 426/18-20 પર 270, કિમી 444/0-2 પર 278, કિમી 455/20-22 પર 271, કિમી 445/10-12 પર 267, કિમી 441/16-18 પર 238 અને વિરમગામ-મહેસાણા વિભાગમાં કિમી 61/2-3 પર એલસી નં. 64 એસપીએલના બદલે બાંધવામાં આવનાર ROB ના વિધુત ઉલ્લંઘન અને વિધુતીકરણને દૂર કરવા માટે 25 KV AC OHE ની ડિઝાઇન, પુરવઠો, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ. (2) કામનો અંદાજિત ખર્ચ : ₹2,98,74,066/- (3) જમા કરાવવાની અર્નેસ્ટ મની ડિપોઝિટ : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. (4) બિડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. (5) ટેન્ડર ફી : IREPS પોર્ટલ પર ઉલ્લેખિત મુજબ. (6) કામ પૂર્ણ કરવાનો સમય : 12 મહિના (7) વેબસાઇટ અને નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડર વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું નોટિસ બોર્ડ અને ઓફિસ ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન અસારવા, અમદાવાદ (ગુજરાત - 382345)
www.ireps.gov.in 135
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

**8 લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ**

ઇ-ટેન્ડર નોટિસ નં : DY.CE-C-IV-SIOB-GIM-02-E (I) કામનું નામ અને સ્થાન : પશ્ચિમ રેલવે પર અમદાવાદ ડિવિઝનના સામખિયાળી - ગાંધીધામ સેક્શનના ચતુર્ભુજી કરણના સંદર્ભમાં ભચાઉ - ચિરાઈ સ્ટેશનો વચ્ચે કિ.મી. ૭૬૫/૮-૯ પર હાલના આરઓબીની જગ્યાએ એપ્રોચ રોડ સાથે ૮ લેન રોડ ઓવર બ્રિજ (૧ x ૭૨.૦ મીટર સ્પાન રેલ્વે ભાગ) નું બાંધકામ અને અન્ય વિવિધ કાર્યો. પૂર્ણતા સમયગાળો : 18 (ચોમાસા સહિત અઢાર મહિના) (ii) કામનો અંદાજિત ખર્ચ : ₹216,76,87,177.31 (iii) જમા કરાવવાની બાકી રકમ : IREPS પોર્ટલ પર અપલોડ કર્યા મુજબ (iv) બિડ / સુધારેલી બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : 16.04.2025 ના 15.00 કલાકે (v) ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય : 16.04.2025 ના રોજ 15.30 કલાક પછી કોઈ પણ સમયે (vi) (1) બધા ટેન્ડરરોએ પરિશિષ્ટ-V માં આપેલ સોગંદનામું રજૂ કરવું જરૂરી છે, જેના આધારે ટેન્ડરરોની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. (ii) બધા ટેન્ડરરોએ ટેન્ડરના ફકરા 6.0 મુજબ ટેન્ડર સાથે બિડ સિક્યોરિટી ડિક્લેરેશન સબમિટ કરવું જરૂરી છે. (vii) વેબસાઇટની વિગતો, નોટિસ બોર્ડ, ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવી જગ્યા અને ઓફિસનું સરનામું : પાત્રતા માપદંડો સહિત ટેન્ડરની સંપૂર્ણ વિગતો પશ્ચિમ રેલવેની વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે. પર ઉપલબ્ધ છે. ડેપ્યુટી ચીફ એન્જિનિયર (C) IV નું કાર્યાલય, નિર્માણ ભવન, પહેલો માળ, 'સી' વિંગ, જીસીએસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, ડીઆરએમ ઓફિસ પાસે, અમદાવાદ : 382345 કોઈપણ સ્પષ્ટતાના કિસ્સામાં ઉપરોક્ત કાર્યાલયનો રૂબરૂમાં અથવા કામકાજના કલાકો દરમિયાન સત્તાવાર મોબાઇલ નંબર 9724093252 પર સંપર્ક કરી શકે છે. 136
અમને લાઇક કરો: facebook.com/WesternRly

## તંત્રી લેખ...

# લોકસભામાં ફાઈનાન્સ બિલ ૨૦૨૫ને મળી મંજૂરી

લોકસભામાં આજે ૩૫ સરકારી સુધારા સાથે ફાઈનાન્સ બિલ ૨૦૨૫ને મંજૂરી આપવામાં આવી છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં સંશોધન સાથેનું ફાઈનાન્સ બિલ ૨૦૨૫ રજૂ કર્યું હતું. લોકસભામાં મંજૂરી મળ્યા બાદ હવે રાજ્યસભામાં રજૂ કરવામાં આવશે.ફાઈનાન્સ બિલમાં ૩૫ સુધારાઓ પૈકી એક સુધારો ઓનલાઈન જાહેરાતો પર લાગુ ૬ ટકા ડિજિટલ ટેક્સ નાબૂદ કરવાની જોગવાઈ સામેલ છે. રાજ્યસભામાં બિલને મંજૂરી મળી તો ૨૦૨૫-૨૫ માટેની બજેટ પ્રક્રિયામાં નવા સુધારેલા ફાઈનાન્સ બિલનો સમાવેશ કરવામાં આવશે. યુનિયન બજેટ ૨૦૨૫-૨૬માં સરકારે કુલ રૂ. ૫૦.૬૫ લાખ કરોડનો ખર્ચ કરવાનો અંદાજ મૂક્યો છે. જે ચાલુ નાણાકીય વર્ષ કરતાં ૭.૪ ટકા વધુ છે. સ્થાનિક ઉત્પાદનને વેગ આપવા તેમજ ટેરિફમાં સુધારો કરવાના ઉદ્દેશ સાથે ફાઈનાન્સ બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું હતું. નિર્મલા સીતારમણે જણાવ્યા પ્રમાણે, તેમાં કસ્ટમ ડ્યૂટીમાં ફેરફારો, તદુપરાંત નીચા ઉત્પાદન ખર્ચ અને ડ્યુટીમાં ઘટાડો કરવા સાત કસ્ટમ ટેરિફ દૂર કરવાની જોગવાઈ સામેલ છે. નવા ફાઈનાન્સ બિલમાં આયાતકારો સેસ અથવા સરચાર્જમાં રાહતનો લાભ મેળવી શકશે. જો કે, બંનેનો લાભ એકસાથે મળશે નહીં. સ્થાનિક ઉત્પાદનને ટેકો આપવા માટે સરકારે ઈવી બેટરી માટે જરૂરી ૩૫ વધારાના કેપિટલ ગુડ્સ અને મોબાઈલ મેન્યુફેક્ચરિંગ માટે જરૂરી ૨૮ કેપિટલ ગુડ્સને કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્તિ આપવાની જોગવાઈ છે.

## NSO, ભારત અને IIMએ ડેટા આધારિત નીતિ અને નવીનતાને મજબૂત કરવા હાથ મિલાવ્યા



મિનિસ્ટ્રી ઓફ સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન (એમઓએસપીઆઈ)એ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ (આઈઆઈએમએ)ના સહયોગથી આઈઆઈએમ અમદાવાદ કેમ્પસમાં ''ઈમર્જિંગ ટ્રેન્ડ્સ ઈન પબ્લિક ડેટા એન્ડ ટેકનોલોજી ફોર રિસર્ચ એન્ડ પોલિસી'' વિષય પર વર્કશોપનું આયોજન કર્યું હતું. આ પહેલ રાષ્ટ્રીય ડેટા ઈકોસિસ્ટમને વધારવા અને પુરાવા-આધારિત નીતિ નિર્માણને આગળ વધારવા માટે એમઓએસપીઆઈના ચાલુ પ્રયાસો સાથે સુસંગત છે.

આ કાર્યક્રમમાં એમઓએસપીઆઈના સચિવ ડૉ. સૌરભ ગર્ગ અને મુખ્ય એન.એસ.ઓ. સહિત વિશિષ્ટ વક્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રો. ભરત ભાસ્કર, ડાયરેક્ટર, આઈઆઈએમએ, શ્રી પી. આર. મેશ્રામ, ડાયરેક્ટર જનરલ, એમઓએસપીઆઈ, મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ, ફેકલ્ટી મેમ્બર્સ, વિદ્યાર્થીઓ અને અગ્રણી શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ ચર્ચાઓ જાહેર ડેટા, ઉભરતી ટેકનોલોજીઓ અને નીતિગત પડકારોને પહોંચી વળવા શૈક્ષણિક સહયોગના ઉપયોગની આસપાસની હતી.

આઈઆઈએમએના ડિરેક્ટર પ્રો. ભરત ભાસ્કરે પોલિસી ફોર્મ્યુલેશનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની પરિવર્તનશીલ સંભવિતતા પર પ્રકાશ પાડ્યો હતો. જો કે, તેમણે ઐતિહાસિક ડેટા પેટર્નમાંથી ઉદ્ભવતા અંતર્ગત પૂર્વગ્રહો સામે પણ ચેતવણી આપી હતી. ''જ્યારે એઆઈ નિર્ણય લેવાની પ્રક્રિયામાં નોંધપાત્ર વધારો કરી શકે છે, ત્યારે વાજબીપણા અને ચોકસાઈને સુનિશ્ચિત કરવા માટે સલામતી સ્થાપિત કરવી જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, ''સહયોગને જાહેર હિત માટે મહત્તમ લાભ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.''

એમઓએસપીઆઈના સચિવ ડૉ. સૌરભ ગર્ગે મંત્રાલયના વિવિધ સર્વેક્ષણો અને મેક્રોઈકોનોમિક ઈન્ડિકેટર્સ સહિત તેની કામગીરીની ઝાંખી પૂરી પાડી હતી. ''ભારતમાં વહીવટી ડેટાનો વિશાળ જથ્થો ડેટા વપરાશકર્તાઓની વધતી જતી અપેક્ષાઓને પહોંચી વળવા માટે તેને વૈકલ્પિક ડેટાસેટ્સ સાથે સંકલિત કરવાની એક અનન્ય તક રજૂ કરે છે. દાયકાઓ જૂના ડેટાસેટ્સના સંરક્ષક તરીકે, એમઓએસપીઆઈએ એઆઈ તૈયાર કરવા માટે ઉભરતી ટેકનોલોજીનો ઉપયોગ કરીને વારસાગત ડેટાને નવજીવન આપવું આવશ્યક છે. આઈઆઈએમએ જેવી સંસ્થાઓ આ પ્રયાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ વર્કશોપનો મુખ્ય સિમાચિહ્નરૂપ એમઓએસપીઆઈ અને આઈઆઈએમએ વચ્ચે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કરવાનો હતો. આ ભાગીદારી ડેટા ઈનોવેશનમાં સહયોગી પ્રયાસો માટે એક માળખા તરીકે કામ કરશે, જે સુનિશ્ચિત કરશે કે નીતિગત વિકાસમાં શૈક્ષણિક સંશોધન અસરકારક રીતે પ્રદાન કરે. વર્કશોપના અગ્રદૂત તરીકે, આઈ. આઈ.એમ.એ. ફેકલ્ટી સાથે એક કેન્દ્રિત સત્ર પૂર્વાર્ધમાં યોજવામાં આવ્યું હતું. આ સત્રમાં ડેટા-સંચાલિત નીતિગત ટેકો વધારવા માટે બંને સંસ્થાઓની કુશળતાનો લાભ લેવા માટેના માર્ગોની શોધ કરવામાં આવી હતી. આ ચર્ચાઓમાં એનએસઓ ઈન્ડિયા અને આઈઆઈએમએ વચ્ચે સતત જોડાણ માટે સંસ્થાગત માળખાનાં મહત્ત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો તથા આ પહેલોને આગળ વધારવા માટે માનવમૂડી ઊભી કરવામાં આવી હતી.

વર્કશોપમાં પુરાવા-આધારિત નીતિ નિર્માણને આગળ ધપાવવા માટે અત્યાધુનિક ટેકનોલોજી સાથે જાહેર ડેટાને સંકલિત કરવાની નિર્ણાયક ભૂમિકાની પુષ્ટિ કરવામાં આવી હતી. શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાણ કરીને એમઓએસપીઆઈ ભારતની આંકડાકીય વ્યવસ્થાને મજબૂત કરવા સંશોધન-સંચાલિત આંતરદૃષ્ટિ અને ટેકનોલોજીકલ પ્રગતિનો ઉપયોગ કરવા ઈચ્છે છે. આ જોડાણ એક મજબૂત, ડેટા-સંચાલિત નીતિગત વાતાવરણનું નિર્માણ કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે, જે રાષ્ટ્રીય આંકડાકીય વ્યવસ્થામાં નવીનતા, ઉત્કૃષ્ટતા અને સર્વસમાવેશકતા માટે એમઓએસપીઆઈની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે.

### સફળતાં નિષ્ફળતા તો જીવનનું એક ચેપ્ટર છે, એ કંઈ કાયમી રહેતી નથી, માટે નિષ્ફળતાને સ્વીકારતા શીખવું જોઈએ

# ક્રિકેટની રમત યુવા પેઢીનું ઝનૂન બની રહી છે અને મોટેભાગે દરેકને ક્રિકેટર બનવું છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**દરેક માતા પિતાએ પોતાના બાળકને નિષ્ફળતામાં જ સફળતા છુપાયેલી છે એ શીખવવું જોઈએ, નિષ્ફળતાને સ્વીકારતા અને સફળતાને પચાવતા શીખવવી જોઈએ, પરંતુ આજકાલ ઊંધું થઈ રહ્યું છે ઊલટાના માતા પિતા બાળક દર વખતે સફળ થાય એવું ઇચ્છતા હોય છે, અને બાળકના મન મગજ પર એ વાતનું ખૂબ જ પ્રેશર રહે છે, એમાં પાછું આ સતત સ્પર્ધાત્મક શિક્ષણ!**

હમણાં હમણાં સોશ્યલ મીડિયા પર આઈપીએલને લઈને બહુ બધા મેસેજ હોય છે! ક્રિકેટ ઘણી સારી રમત છે! અને મને પણ ગમે! છેલ્લી ઘડીએ ગેમ પલટી શકે, એવી દિલ ધડક બને, ત્યારે જો આપણે જીતી જઈએ તો મજા આવી જાય ! એ વાતમાં કોઈ બેમત નથી! પણ ખેલ ખેલ છે એને મેદાન પર જ ભૂલી જવાનું હોય! ખેલાડીઓમાં હવે સ્પોર્ટ્સ મેન સ્પીરીટ ઘટતી જાય છે, અને એને કારણે કોઈનું સારું પરફોર્મન્સ જોવાતું નથી! એકબીજાને પાડી દેવાનાં પેંતરા થતાં હોય છે! એક ટીમ બીજી ટીમ માટે તો જે કંઈ કરે તે! પણ અંદરોઅંદર પણ ડર્ટી પોલિટીક્શ! પણ મૂળ વાત એ છે કે રમતનુ મહત્વ હોય પણ આટલું બધું? અને એમાં પણ ક્રિકેટને આપણે ત્યાં દેશપ્રેમ સાથે જોડી દેવાય છે, અને એની હાર જીતને આટલું બધું મહત્વ આપી લોકો નિરાશ પણ થાય છે! આટલો વસવસો તો આપણે સરહદે શહીદ થનારા માટે પણ કરતાં નથી! તો આજે બુધવારે બોધકથા એટલે આવો જ એક કિસ્સો કે જે આજની જનરેશનને સજવાવવો બહુ જ જરૂરી છે. શહેરનાં નામાંકિત મનોચિકિત્સક વીભાવરી વોરા પાસે એક વખતનો હોનહાર ક્રિકેટર પુષ્કર નાથ અને એનાં માતાપિતા બેઠાં હતાં, અને પોતાનો એકનોએક પુત્ર ડ્રગ્સ એડિટ થઈ ગયો છે, એની વાત કરી. એની માતા પલ્લવી ડોક્ટરને પોતાના પુત્રની આ આદત છોડાવી મોત માંથી ઉગારી લેવાં માટે વિનવી રહી હતી. વિભાવરી ડોક્ટર હોવાની સાથે સાથે એક મા પણ હતી,એટલે એ તે સ્ત્રીનું દર્દ સમજતી હતી. એ મનોમન વિચારતાં હતાં કે, અત્યારની જનરેશન, ગોલ એવો સીલેક્ટ કરે, અને એને પાછું કાયમ બધાની નજરમાં હીરો જ રહેવું હોય! અને આ ફીલ્ડમાં તો નવા નવા ચહેરા આવતા જાય, એટલે સ્વાભાવિક જૂનાંનું મુલ્ય ઘટવાનું જ છે! પણ નહીં એને તો આઈ એમ ધ વીનર! ની તક્તિ ઉતરવી ન જોઈએ, એ કેમ ચાલે! એણે એમની આખી વાત શાતિથી સાંભળી લીધી, અને પછી એક જોરદાર લેક્ચર ઝાડી દીધું. દરેક માતા પિતાએ પોતાના બાળકને નિષ્ફળતામાં જ સફળતા છુપાયેલી છે એ શીખવવું જોઈએ. નિષ્ફળતાને સ્વીકારતા અને સફળતા ને પચાવતા શીખવવી જોઈએ. પરંતુ આજકાલ ઊંધું થઈ રહ્યું છે ઊલટાના માતા પિતા બાળક દર વખતે સફળ થાય એવું ઈચ્છતા હોય છે, અને બાળકના મન મગજ પર એ વાતનું ખૂબ જ પ્રેશર રહે છે. એમાં પાછું આ સતત સ્પર્ધાત્મક શિક્ષણ! જેમાં દરેક પરીક્ષાઓમાં ટોપ પર રહેવું પડે. એટલે જ નાની ઉંમરમાં બાળકો માનસિક રોગના શિકાર થતા જાય છે, નાની ઉંમરમાં જ વ્યસનનો સહારો લેતા થઈ ગયાં છે,અને નાની એવી વાતમાં પણ



જો નિષ્ફળ થશે એવું લાગે કે પછી નિષ્ફળ થાય તો સીધું સ્યુસાઇડ! હજી તો જીંદગીની ઉચ નીચ જોઈ પણ ન હોય ત્યાં તો જીવન જ પુરું કરી નાખે! આમાં આપણે કોને દોષ દેવો ખુદ વિદ્યાર્થી ને કે માતા પિતા ને કે પછી શિક્ષણ પદ્ધતિ ને! એક બીજું ભૂત પણ આજકાલની પેઢી પર ચડેલું છે,કે સેલીબ્રીટી જેવા દેખાવું અથવા તો સેલીબ્રીટી બનવું. દરેકના પોત પોતાના રોલ મોડેલ હોય, કોઈ ચિરિત્રવાન ને આદર્શ માને તો હજી સમજાય, પણ મોટેભાગે ગલેમરની દુનિયાનાં અને સ્પોર્ટ્સ મેન ને આદર્શ માને! જેના પોતાના જીવનમાં જમીર જેવું ન હોય, એને આદર્શ બનાવવાથી ગેર માર્ગે દોરાવાના ચાન્સ વધી જાય છે. બોલીવુડ સેલીબ્રીટીની વાત શું કરવી! કરોડો લોકો જેને આદર્શ માનતાં હોય, એવાં કેટલાંય તો પાછલે બારણે દેશ દ્રોહી હોવાનાં જ્યારે સબૂત મળે, ત્યારે ધરતી પગ નીચેથી ખસી જાય! એવું જ સ્પોર્ટ્સ મેનનું છે ખરીદ વહેંચ ત્યાં પણ થાય બોલો! આવું તે કંઈ સાંભળ્યું! પુષ્કર નાથ આવો જ એક સ્પોર્ટ્સમેન હતો, અને નાનો હતો ત્યારે તેને કોઈએ એકવાર કહ્યું કે તું તો બહુ સારું રમે છે, આગળ જતાં ક્રિકેટર થઈશ! બસ એણે ગાંઠ વાળી લીધી કે એ ક્રિકેટમાં જ પોતાની કેરિયર બનાવશે. ભણવાનું ભૂસવાનું બધું જ એક બાજુ મૂકી અને સતત એમાં જ પ્રવૃત્ત રહેતો હતો. માતા પિતા એને સમજાવતાં હતાં, કે થોડું ભણતર પણ જોઈએ, એટલે સાથોસાથ ભણવાનું પણ રાખ, પરંતુ તેના મન અને મગજ પર ક્રિકેટનું ભૂત સવાર થયું હતું, એટલે બીજું કંઈ દેખાતું નહોતું, પણ તોય જેમ તેમ કરી ગ્રેજ્યુએશન કમપ્લીટ કર્યું. રમતો હતો પણ જોરદાર, ઉભો ઉભો ચક્કા છક્કા મારવાળો બેસ્ટમેન હતો, એટલે રણજી ટ્રોફી માં તરત સીલેક્ટ થઈ ગયો. પરંતુ બધી જગ્યાએ રાજકારણ નડ્યું, અને તેને પણ આગળ આવવા માટે દાવપેચ રમવા પડ્યા, પૈસા ખવરાવવા પડ્યા. માંડમાંડ ઈન્ડિયન ટીમમાં સામેલ થવા એવા તો કંઈક ખેલ એણે ખેલ્યા. કોઈ ને ધમકાવ્યા તો કોઈ ને પગે પડ્યો. શરૂઆતમાં તો એને સમજાતું નહોતું, કે દેશ માટે રમવાનું છે,કે દેશદ્રોહી થઈ ને! ચંદ રુપિયા માટે કેપ્ટનનાં આદેશ મુજબ રમવાનું, અને કોઈ વાર સાચે આઉટ થાય તો પણ લોકો બોલે વેચાઈ ગયો હશે. આમ સતત ટીમ માંથી પડતો મુકાઈ જવાની ભિતી અંદર ઘર કરતી ગઈ, અને આમ પણ ખેલાડી માટે એવી બધી વ્યવસ્થા તો હોય જ, સુરા સુંદરીનાં ખેલમાં એ એવો ફસાઈ ગયો કે, તે એનો બંધાણી થઈ ગયો, ન મળે ત્યારે શરીરની નસો ફૂલવા લાગે! અને ડીપ્રેશન હાવી થતા ઊભો ઊભો સો દોઢસો રન કરવાં વાળો પુષ્કર નાથ લગભગ હવે દર વખતે શૂન્યમાં આઉટ થવા લાગ્યો, અને અંતે જેની ભીતિ હતી એ જ થયું, એટલે કે ટીમ માથી પડતો મુકાયો! આઈ એમ ધ વીનર માંથી, આઈ એમ ધ લુઝર નું મહેણું એને આકરું લાગતું હતું, અને આ ગમ ભૂલાવવાં એ ડ્રગ્સ એડિટ બની ગયો. ડોક્ટર વીભાવરી વોરા એક કાબેલ અને અનુભવી ડોક્ટર હતાં, એણે ત્રણ ચાર કાઉન્સેલીંગ કરી, એનાં મનમાં હતું એ બધું જ કઢાવી નાખ્યું, અને પછી મેડિટેશન અને યોગાનો પ્રયોગ પણ કર્યો. આ બધાં વાતાવરણથી દૂર હિલ સ્ટેશન પર પોતાના ફ્રેન્ડનાં મેડિટેશન સેન્ટરમાં મોકલ્યો. ત્રણ મહિના પછી એનામાં ઘણો સુધારો થયો, અને એનો વાંચન, સંગીત, ચિત્ર વગેરેમાં રસ કેળવ્યો. ડોક્ટર વીભાવરી વોરાનાં કહેવાથી એણે ડાયરી લખવાનું પણ શરૂ કર્યું હતું, એમણે કહ્યું હતું કે જે સારાં ખરાબ અનુભવ થાય, એ બધાં ડાયરીમાં લખી નાખવાથી નકારાત્મકતા હદય સુધી જતી નથી. આમ સમયસર એને ટ્રીટમેન્ટ મળી જવાથી એ મોતના મુખમાંથી પાછો આવ્યો, નહીં તો એ એટલી હદે ડીપ્રેશ હતો કે એણે આત્મ હત્યા કરી લીધી હોત! એના માતાપિતા તો જેને હોય તેને કહે છે, ભલું થજો ડોક્ટર વીભાવરી બેનનું કે એણે અમારા દીકરાને ફરી પાછો હસતો રમતો કરી દીધો.અત્યારે તો એ એક સારો લેખક છે, ચિત્રકાર છે, ગાયક પણ છે, અને સૌથી મહત્વનું તેનું ફીલ્ડ એને પાછું મળ્યું, એટલે કે તે પોતાના શહેરની રણજી ટ્રોફી ટીમનો કોચ પણ છે. તો ડોક્ટર વીભાવરી વોરાની એક શીખ દરેક માતા પિતા એ પોતાના સંતાનોને આપવી રહી કે, સફળતાં નિષ્ફળતા તો જીવનનું એક ચેપ્ટર છે,એ કંઈ કાયમી રહેતી નથી, માટે નિષ્ફળતા ને સ્વીકારતા શીખવું જોઈએ એ જ રીતે સફળતા ને પચાવતા શીખવું જોઈએ. જો ન શીખ્યાં તો પછી આઈ એમ ધ વીનર વાળો રૂઆબ કયારે આઈ એમ ધ લુઝર માં ફેરવાઈ જાય, એ કંઈ કહેવાય નહીં! અને ઉપરથી જમીર વેચીને ષડયંત્ર રચ્યા હોય, એનો ભાર પણ મન પર રહે. સફળતા નિષ્ફળતા એક સિક્કાની બે બાજુ છે, બંને સાથે જ આવે, પણ દેખાય એક એ યાદ રાખવું.

### સર્વમાં સદભાવ-સમભાવ રાખનારના મનમાં કામ આવતો નથી, વિકાર અને વાસનાનો વિનાશ કરવા આ શ્રેષ્ઠ ઉપાય છે

# સંપત્તિથી શાંતિ મળતી નથી, સંપત્તિથી વિકારસાધના વધે છે એટલે ધર્મ પ્રકરણ પહેલું અને અર્થ પ્રકરણ પછી છે...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**દક્ષ પ્રજાપતિ યજ્ઞ કરતાં તેમાં શુદ્ધ ભાવ-સમભાવ ન રાખ્યો, કુભાવ રાખ્યો, તેથી યજ્ઞમાં વિઘ્ન આવ્યું, માટે કોઈ પ્રત્યે કુભાવ ન રાખો, ધર્મ સફળ થાય છે સદભાવથી, સદભાવ વગરનો દક્ષનો ધર્મ અધર્મ બન્યો, દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથાનો ઉદ્દેશ હરિ હરનો અભેદ બનાવવાનો છે, ધર્મની વાત કરી, હવે અધર્મની વાત કરે છે.**

આજે ફાગણ વદ બારસે ભગવદ્ ગીતા જ્ઞાનમાં કર્કશ વાણી બાબતે જોઈએ. માનવનો અવતાર પરમાત્માનું આરાધન - તપ કરવા માટે છે,મનુષ્ય કેવળભોગ પાછળ પાગલ બને તો પશુ અને મનુષ્ય માં ભેદ શું?મનુષ્યને પ્રભુએ બુદ્ધિ આપી છે,પશુને નહીં.આવતીકાલ ની ચિંતા માનવ કરે છે, પશુ કરતાં નથી.કરી શકતાં નથી. પશુઓ તપ કરી શકતાં નથી દેવો પણ તપકરી શકતા નથી. દેવો પુણ્યનો ભોગ ભોગવી શકે છે.તપશ્ચર્યાનો અધિકાર મનુષ્યોને.મનુષ્ય વિવેક થી ભોગ ભોગવી તપશ્ચર્યા કરી શકે છે.તપના અનેક પ્રકારો છે. દુઃખ સહન કરી સત્કર્મ કરે એને તપ કહે છે. ઉપાસના કરવી એ તપ છે. અમાસ-પૂર્ણિમાના દિવસો ને પવિત્ર માન્યા છે, તે દિવસે ઉપવાસ કરવો. પરોપકારમાં શરીર ઘસાવવું એ પણ તપ છે, પરંતુ ગીતાજીમાં તપની સુંદર વ્યાખ્યા આપી છે. ગીતાજી કહે છે કે,ભાવસંશુદ્ધિ એ મોટું માનસિક તપ છે. ભાવ સંશુદ્ધિ એટલે અંતઃકરણની પવિત્રતા. સર્વમાં ઈશ્વરનો ભાવ રાખવો એ તપ છે. સર્વમાં ઈશ્વર બીરાજેલા છે એવો અનુભવ કરવો એ મહાન તપ છે. અંતઃકરણની પવિત્રતાથી સદા સર્વદા હૃદયમાં શાંતિ અને પ્રસન્નતા રહેશે. પ્રિય અને સત્ય બોલવું એ વાણીનું તપ છે. પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય, અહિંસા આ શરીર સંબંધીના તપ છે. સર્વમાં સદભાવ-સમભાવ રાખનારના મનમાં કામ આવતો નથી.વિકાર અને વાસનાનો વિનાશ કરવા આ શ્રેષ્ઠ ઉપાય છે. સર્વમાં સદભાવ અને ઈશ્વરનો ભાવ રાખે અને સત્કર્મ કરે તો તે સફળ થાય છે. દક્ષ પ્રજાપતિ યજ્ઞ કરતાં તેમાં શુદ્ધ ભાવ-સમભાવ ન રાખ્યો, કુભાવ રાખ્યો. તેથી યજ્ઞમાં વિઘ્ન આવ્યું. માટે કોઈ પ્રત્યે કુભાવ ન રાખો. ધર્મ સફળ થાય છે સદભાવથી. સદભાવ વગરનો દક્ષનો ધર્મ અધર્મ બન્યો.દક્ષ પ્રજાપતિના યજ્ઞની કથાનો ઉદ્દેશ હરિ હરનો અભેદ બનાવવાનો છે. ધર્મની વાત કરી,હવે અધર્મની વાત કરે છે.ધર્મનું કુટુંબ જોયું,હવે અધર્મને પણ ઓળખો. અધર્મના વંશથી ચેતવાનું છે.સ્કંધ ચાર અધ્યાય આઠના પહેલા પાંચ શ્લોકમાં અધર્મના વંશજો બતાવ્યા છે. આ અગત્યના શ્લોકો છે. કારણ પુણ્ય ન કરો તો કાંઈ નહીં,પણ પાપ તો ન જ કરો. અધર્મની પત્નીનું નામ મૃષાદેવી- મિથ્યાભાષણ કરવાની કુટેવ.તેમાં થી થયો દંભનો જન્મ.લોકોને વૈષ્ણવ કહેવડાવવાની ઈચ્છા છે, પરંતુ કોઈને સાચા વૈષ્ણવ થવાની ઈચ્છા નથી.દંભનો પુત્ર લોભ અને લોભનો પુત્ર ક્રોધ છે.



ક્રોધની પત્ની દુરુક્તિ એટલે કે કર્કશવાણી,મહા ભારતના યુદ્ધનું અને રામાયણના કરુણ પ્રસંગોનું મૂળ કર્કશવાણી છે. વાણીનું તપ તૂટે ત્યાં કલહ એટલે કલિ કહે મારું કામ. દુર્યોધનનો પગ લપસ્યો અને તે પડ્યો એટલે દ્રૌપતી બોલી આંધળાનો દીકરો આંધળો દુર્યોધનને આ શબ્દો માથાના ઘા જેવા લાગ્યા એટલે મહાભારતનો આરંભ થયો. સીતાજીએ લક્ષ્મણને કર્કશ વાણીમાં ઠપકો આપ્યો, તેથી લક્ષ્મણજીને વિના ઈચ્છાએ મારીચ રાક્ષસના છલ કપટ ભર્યા શબ્દો પાછળ જવું પડ્યું. લક્ષ્મણની ગેરહાજરીમાં રાવણ સીતાને ઉઠાવી ગયો અને રામાયણ શરૂ થયું. માટે કર્કશવાણી કોઈ દિવસ બોલવી નહીં આટલા દુર્ગુણોથી બચો તો ઘણું છેકર્કશ વાણીમાંથી થયો કળિ.કલહનું રૂપ તે કળિ. વાણીનાં તપનો નાશ. નામદેવ દરજીનો ધંધો કરતા,ગોરા કુંભાર માટી કામનો ધંધો કરતા,સેના નાયી હજામનો ધંધો કરતા.એ દરેકને પોત પોતાના ધંધામાંથી જ્ઞાન મળેલું છે. વ્યવહારમાં શુદ્ધિ આવી એટલે જીત્યા. વ્યવહાર શુદ્ધિ એ ગૃહસ્થાશ્રમનો પાયો છે. સર્વ પ્રત્યે સમભાવ અને કોઈના પણ પ્રત્યે કુભાવનો અભાવ એ માનવીજીવનને પરિપૂર્ણ કરવાની ચાવી છે. વૈષ્ણવ થઈને શિવજીના માટે કુભાવ રાખે એની ભક્તિ કદી ફળી નથી ને ફળે નહીં એ સ્કંધમાં વ્યાસ ભગવાન બતાવે છે.કારણ કે શિવજી તો ભક્તિ સંપ્રદાયના આચાર્ય છે. ભગવાન શંકર તો જગદગુરુ છે. પ્રજાપતિના યજ્ઞમાં ભગવાન શ્રીકૃષ્ણ પધાર્યા નહોતા, કારણકે શંકર ભગવાનનુંઅપમાન થાય ત્યાં પોતે કેવી રીતે જઈશકે? શિવજીમાં કુભાવ રાખનાર કામ, ક્રોધ,લોભ,મદ,મસ્ત અને મોહનો શિકાર બને છે. શિવજીમાં કુભાવ રાખનારને કદી બ્રહ્મજ્ઞાન થતું નથી એટલે દક્ષનો યજ્ઞ દક્ષને મારનારો બન્યો. દક્ષના મનમાં આયોજકોને પણ સજા થઈ હતી. દક્ષના યજ્ઞમાં શિવપૂજન થયા પછી ભગવાન વિષ્ણુ પધાર્યા હતા. શિવજીએ તો કામને બાળીને ભસ્મ કર્યો હતો. રુદ્રનો જન્મ થાય છે. શિવજીનો જન્મ નથી થતો. મહારુદ્ર શિવ અજન્મા છે. ભગવાન શંકર વિશ્વનાથ છે, વિશ્વેશ્વર છે. એમનો દરબાર સદા ખુલ્લો. જગત જેનો ત્યાગ કરે તેને શિવજી અપનાવે છે. શિવ સ્વરૂપ મંગલમય છે. મથુરામાં ભૂતનાથનું મંદિર છે. દિવસે બ્રાહ્મણો પૂજા કરે છે, રાત્રે ભૂતો એમની પૂજા કરે છે. સાધારણ જીવ લગ્ન કરવા જાય છે ત્યારે કાળ એની છાતી પર ચડી બેસે છે, પણ ભગવાન શંકર લગ્ન કરવા ગયા ત્યારે તેમના હૃદયમાં શ્રીકૃષ્ણ છે અને હાથમાં માળા છે. જેના હૃદયમાં શ્રીકૃષ્ણ છે એને વળી શૃંગારની શું જરૂર છે? હરિ-હર પૂર્ણ એક સ્વરૂપ છે. જીવ જ્યારે શિવ સાથે લગ્ન કરે છે ત્યારે જ શ્રેય થાય છે. સંપત્તિથી શાંતિ મળતી નથી. સંપત્તિથી વિકારસાધના વધે છે એટલે ધર્મ પ્રકરણ પહેલું અને અર્થ પ્રકરણ પછી છે. હવે અર્થ પ્રકરણ આવે છે. આમાં ધ્રુવજીનું આખ્યાન આવે છે.અને છેલ્લે ઈશ્વર મને આ પૃથ્વી પર મારું જીવન જીવી લેવા દે. પછી મારું મોત થાય ને તે સાથે ખેલ ખતમ! મારું અસ્તિત્વ પૂરું. મારું શરીર રાખની ઢગલી થઈ જાય ને તે સાથે મારો આતમરામ પણ પરપોટાની પેઠે ફૂટી જાય. મારો દેહ ટળે ને આત્મા પણ ટળે. પણ ભલું થજો ભગવાનનું કે એણે મારામાં અમર થવાની ને અમર રહેવાની પ્રબળ તાલાવેલી જગાડી છે. મારી એ શાલાવેલી મને એ વાતનું ભાન કરાવે છે કે મારું અસ્તિત્વ ભૂંસાઈ નય એ બનવા જોગ જ નથી. જુઓને, વ્યક્તિ તરીકેની મારી પોતાની આ હયાતી કેટલી અસલને કેટલી નક્કર છે. 'હું છું' એ મને બતાવે છે કે 'હું ના હોઉં' એવો સંભવ મારે માટે રહેતો ની, આગળ કહ્યું તેમ આવું ભાન કોણ જગાડી શકે ભલા? ને કહે એક ને કરે બીજું એ ઈશ્વરનો ગુણ જ નથી. ઈશ્વરે અમરત્વ પ્રેર્યું છે. માટે અમરત્વ ખરું છે. અમુક પંડિતોએ આ વિશે ખૂબ ઊંડું ચિંતન કર્યું છે અને એક શક્યતા પણ વિચારી કાઢી છે. પોતાના ચિંતનના પરિપાકરૂપે આ વિદ્વાનોએ કર્મ અને પુનર્જન્મનો સિદ્ધાંત આપણી આગળ રજૂ કર્યો છે આ વિદ્વાનો પાપની હકીકતથી પૂરા વાકેફ હતા.તેઓ એ વાત સ્પષ્ટ સમજી ગયા હતા કે પાપ માણસને ઈશ્વરથી અલગ કરી દે છે.તેઓ આપણી પેઠે આ વિશે વિચાર કરતાં.. વાચક ચાહક મિત્રો સૌને જયમાતાજી સુપ્રભાત આજે વાણી,પાણીનો વિવેકપૂર્વક ઉપયોગ કરી જાણે એ જ સાચો માનવી..અસ્તુ

**રિતિક હાલ વોર ૨ની તૈયારી કરી રહ્યો છે**

# રિતિક રોશન બાળપણમાં સ્કૂલમાં બહુ સારો બ્રેકડાન્સ કરતો : જ્હોન



### જ્હોનની ડિપ્લોમેટ ૧૪ માર્ચે રિલીઝ થઈ અને આ ફિલ્મે પહેલા અઠવાડિયે ૧૯.૧ કરોડ જેટલી કમાણી કરી છે

જ્હોન અબ્રાહમની 'ધ ડિપ્લોમેટ' તાજેતરમાં રીલીઝ થઈ છે અને તે ચર્ચામાં છે. ત્યારે તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં જ્હોને પોતાના બાપણની યાદો તાજી કરી હતી. આ વાત ભાગ્યે જ કોઈ જાણે છે કે જ્હોન અને રિતિક એક જ સ્કૂલમાં એકસાથે ભણતા હતા. તેમણે બંનેએ બોમ્બે સ્કોટિશ સ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. જ્હોને એવું પણ કહ્યું કે રિતિક પહેલાંથી જ સારો ડાન્સર હતો. જ્હોને આ ઈન્ટરવ્યુમાં રિતિક વિશે વાત કરતા કહ્યું,''રિતિક આપણા બેસ્ટ ડાન્સરમાંનો એક છે, એ શાળામાં પણ બહુ જ સારો બ્રેકડાન્સ કરતો હતો. અમારે સ્કૂલમાં એક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો એક પીરિયડ આવતો, અમે બધાં જ એમાં બસ રિતિકને ડાન્સ કરતો જાયાં કરતાં, તે એવો અદ્દભુત ડાન્સર છે.''આ સાથે તેના અને રિતિકના રસના અલગ વિષયો અંગે પણ મજાક કરતા જ્હોને કહ્યું,''હું ગ્રાઉન્ડ પર ફૂટબોલ રમીને શ્યામ થઈ જતો હતો અને એ સુંદર ડાન્સ કરીને બધાને મજા કરાવતો હતો.'' જ્હોન અને રિતિક બંનેએ બોલિવૂડની રાહ પકડી અને પોતાનું અલગ સ્થાન બનાવ્યું. રિતિકે ૨૦૦૦માં કહોના પ્યાર હે સાથે ડેબ્યુ કર્યું, તેનાથી તે રાતોરાત સુપરસ્ટાર બની ગયો હતો. એક્ટિંગ પહેલાં તેણે તેના પિતા સાથે આસિસ્ટન્ટ તરીકે પણ કામ કર્યું.જ્યારે બીજી તરફ જ્હોન અબ્રાહમે ૨૦૦૩માં જિસ્મ ફિલ્મથી ડેબ્યુ કર્યુ. પછી તેણે ધૂમ અને મદ્રાસ કાફે જેવી ફિલ્મમાં કામ કરીને એક્શન હિરો તરીકે પોતાની ઈમેજ બનાવી લીધી. પાછળથી ધૂમ ૨માં રિતિકે પણ વિલનનો રોલ કર્યો, પરંતુ બંનેએ આજ સુધી કોઈ ફિલ્મમાં સાથે કામ કરેલું નથી. જ્હોને એક ઈન્ટરવ્યૂમાં ઉલ્લેખ પણ કર્યો હતો, કે તેનું ધૂમનું પાત્ર જિમ અને રિતિકનું પાત્ર કબીર જો એકસાથે આવે તો કેવી ફિલ્મ બને. આ ઉપરાંત બંને યશરાજના સ્પાય યુનિવર્સની ફિલ્મમાં પણ કામ કરી ચૂક્યા છે. જ્હોનની ડિપ્લોમેટ ૧૪ માર્ચે રિલીઝ થઈ અને આ ફિલ્મે પહેલા અઠવાડિયે ૧૯.૧ કરોડ જેટલી કમાણી કરી છે. જ્યારે રિતિક હાલ વોર ૨ની તૈયારી કરી રહ્યો છે.

# બ્રિટની સ્પીયર્સની બાયોપિકમાં લીડ રોલ માટે ત્રણ સ્ટાર્સ વચ્ચે સ્પર્ધા

**સાબરિના કારપેન્ટર અને મિલિ બોબી બ્રાઉનને ઓન સ્ક્રિન બ્રિટની બનવું છે**

પોપ સિંગર બ્રિટની સ્પીયર્સની બાયોપિકના રાઈટ્સ યુનિવર્સલ પિક્ચર્સે ખરીદી લીધા છે. બ્રિટનીએ લખેલી ઓટોબાયોગ્રાફી 'ધ વુમન ઈન મી'ના આધારે ફિલ્મ બનાવવામાં આવશે. ફિલ્મના ડાયરેક્ટર તરીકે 'વિકેડ' ફેમ જોન એમ ચુ નક્કી છે. હવે ઓન સ્ક્રિન બ્રિટની માટે લીડ એક્ટ્રેસની પસંદગીનો તબક્કો ચાલી રહ્યો છે. બ્રિટનીના રોલ માટે હોલિવૂડના ત્રણ સ્ટાર્સ વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. લાઈફ એન્ડ સ્ટાઈલના રિપોર્ટ મુજબ જેન ઢની છોકરીઓમાં બ્રિટની ખૂબ લોકપ્રિય છે. તેમણે આજીવન બ્રિટનીનું સંગીત સાંભળ્યું છે અને બ્રિટનીને પોતાનો આઈકોન માને છે. બ્રિટનીની બાયોપિકની તાયરીઓ ચાલી રહી છે ત્યારે સ્વાભાવિકપણે નવી પેઢીનાં સ્ટાર્સ આ રોલ માટે થનગની રહ્યા છે. આ એક ફિલ્મથી કરિયર બની જવાની શક્યતાના કારણે ઓન સ્ક્રિન બ્રિટની બનવા માટે કોની પસંદગી થશે તે અંગે અટકળો ચાલી રહી છે. મહત્ત્વની વાત એ છે કે, પોતાની બાયોપિકમાં લીડ રોલ કોણ કરશે, તેનો નિર્ણય બ્રિટની પોતે કરવાની છે. બ્રિટનીના રોલ માટે હાલ સ્પર્ધામાં ગણાતી ત્રણ સ્ટાર્સમાં મોખરે એરિઆના ગ્રેન્ડ છે. એરિઆનાએ તાજેતરમાં



ડાયરેક્ટર જોન એમ ચુ સાથે 'વિકેડ'માં કામ કરેલું છે. ડાયરેક્ટરની ફેવર મળવાની શક્યતા વધારે છે, પરંતુ એરિઆના કોઈ કસર બાકી રાખવા માગતી નથી. પોતાને બ્રિટનીની મોટી ફેન ગણાવવાની સાથે એરિઆના આ રોલ માટે શક્ય તમામ પ્રયાસ કરી રહી છે. પોપ સ્ટાર સાબરિના કારપેન્ટર પણ મહત્ત્વની સ્પર્ધક છે. પોપ સ્ટારના સંઘર્ષ અને તેના જીવન વિષે સાબરિનાને વધારે અનુભવ છે. સાબરિનાએ બ્રિટનીને ઈમ્પ્રેસ કરી હોવાનું પણ કહેવાય છે. ત્રીજા નંબરે મિલિ બોબી બ્રાઉનનું નામ આવે છે. મિલિએ આ રોલની તૈયારીઓ શરૂ દેતાં પોતાના વાળ પણ બ્રિટની જેવાં કરાવી દીધાં છે. મિલિ આ રોલ માટે જોરશોરથી કેમ્પેઈન ચલાવી રહી છે. પોતે આ રોલમાં યોગ્ય હોવાનું સાબિત કરવા મિલિ દરેક તક ઝડપી રહી છે. જાહેરમાં બ્રિટની જેવા લૂક સાથે આવતી મિલિએ પબ્લિક ઓપિનિયન ઊભો કરવા મથામણ કરી છે. મિલિએ બ્રિટનીનો રોલ કરવાની ઈચ્છાને પોતાનું મિશન બનાવી દીધું હોય તેવી સ્થિતિ છે. જો કે જાણકારોના મતે મિલિની આ કવાયત બ્રિટનીને પસંદ આવી નથી. બ્રિટનીએ મિલિ સિવાયના અન્ય બે નામ પર વિચારણા શરૂ કરી હોવાનું કહેવાય છે.

# સાઈએ છોડેલી ફિલ્મ કિર્તી સુરેશને મળી

કોમેડિયન વેણુ યેલ્ડાંડી એ 'બાલાગમ' સાથે તેલંગણાની એક વાસ્તવિક કથા પર આધારિત ફિલ્મથી ડેબ્યુ કર્યુ છે. હવે તે એક બીજી ફિલ્મ ડિરેક્ટ કરવાની તૈયારી કરે છે, હાલ પૂરતું તેનું નામ'યેલ્લમ્મા' રાખવામાં આવ્યું છે. આ ફિલ્મમાં નિતિન લીડ રોલ કરશે તેમજ ફિલ્મ હાલ પ્રિ પ્રોડક્શનના તબક્કામાં છે. દિલ રાજુના પ્રોડક્શન હાઉસ દ્વારા પ્રોડ્યુસ થઈ રહેલી આ ફિલ્મનું શૂટિંગ મે મહિનામાં શરૂ થશે. શરૂઆતમાં આ ફિલ્મમાં સાઈ પલ્લવી લીડ રોલ કરવાની હતી અને તેની ફિલ્મની ટીમ સાથે વાતચીત પણ ચાલતી હતી. પરંતુ હવે તેણે આ ફિલ્મ છોડી દીધી છે, કારણ કે તેણે બોલિવૂડની ફિલ્મનું શૂટિંગ દેશની બહાર થવાનું હોવાથી સાઈ પલ્લવીએ તે ફિલ્મ માટે એકર પસાથે તારીખો ફાળવી દીધી છે.તેથી હવે ફિલ્મની ટીમ દ્વારા આ રોલ માટે કિર્તી સુરેશનો



સંપર્ક કરવામાં આવ્યો છે, તે આ રોલમાં લગભગ નક્કી જ છે. નિતિન અને કિર્તીએ આ પહેલાં 'રંગ દે'માં એકસાથે કામ કર્યુ છે. જોકે, આ કિર્તીનો ગ્લેમરસ રોલ નહીં હોય. કિર્તી પણ કોઈ રસપ્રદ તેલુગુ ફિલ્મમાં કામ કરવાની રાહ જોતી હતી. મહત્વની વાત એ છે કે ધમાકેદાર સંગીત માટે જાણીતા અજય અને અતુલ આ ફિલ્મનું સંગીત આપવાના છે. 'યેલ્લમ્મા' આવતા વર્ષે રિલીઝ થવાની શક્યતા છે. કોમેડિયન વેણુ યેલ્ડાંડી એ 'બાલાગમ' સાથે તેલંગણાની એક વાસ્તવિક કથા પર આધારિત ફિલ્મથી ડેબ્યુ કર્યુ છે, પહેલાં નિતિન પોતાની ફિલ્મ 'રોબિનહૂડ' અને 'થમ્મુડુ'નાં પ્રમોશનનું કામ કરશે. ત્યાર બાદ તે 'યેલ્લમ્મા'નું કામ શરૂ કરશે. કિર્તી સુરેશની 'બૅબી જ્હોન' થોડાં વખત પહેલાં રિલીઝ થઈ છે અને હવે તે એક હિન્દી રોમકોમમાં કામ કરવા જઈ રહી છે, એવા પણ અહેવાલો છે.

**બ્રહ્માનંદમ પાસે રૂ.૫૦૦ કરોડથી વધારેની નેટવર્થ છે**

# કોમેડિયન બ્રહ્માનંદમ પાસે રણબીર-રજનીકાંત કરતાં વધારે નેટવર્થ



### કોમેડિયનોમાં સૌથી વધારે જાણીતા કપિલને સંપત્તિના મામલે સાઉથના કોમેડી સ્ટાર બ્રહ્માનંદમે પછડાટ આપી છે

ભારતના સૌથી વધુ લોકપ્રિય કોમેડી શોમાં 'ધ કપિલ શર્મા' શોનું નામ આવે છે. પોતાના શો, સ્ટેજ કાર્યક્રમો અને ફિલ્મોના કારણે કપિલનું નામ ઘર-ઘરમાં જાણીતું બન્યું છે. કોમેડિયનોમાં સૌથી વધારે જાણીતા કપિલને સંપત્તિના મામલે સાઉથના કોમેડી સ્ટાર બ્રહ્માનંદમે પછડાટ આપી છે. નેટવર્થની રીતે બ્રહ્માનંદમ રણબીર કપૂર, પ્રભાસ અને રજનીકાંત કરતાં પણ વધારે આગળ છે. જાણીતા તેલુગુ એક્ટર બ્રહ્માનંદને ટોલિવૂડમાં 'કિંગ ઓફ કોમેડી' તરીકે ઓળખવામાં આવે છે. કરિયરમાં તેમણે હજારથી વધુ ફિલ્મોમાં રોલ કરેલા છે, જે એક વર્લ્ડ રેકોર્ડ છે. રિપોટ્ર્સ મુજબ, બ્રહ્માનંદમ પાસે ૬૦ મિલિયન ડોલર એટલે કે રૂ.૫૦૦ કરોડથી વધારેની નેટવર્થ છે. આટલી મોટી સંપત્તિ તેમને દેશમાં સૌથી વધુ ધનિક એક્ટર્સની યાદીમાં સ્થાન અપાવે છે. દેશના કોઈ કોમેડિયન નેટવર્થના મામલે તેમની બરોબરી કરી શકે તેમ નથી. રણબીર કપૂર (રૂ.૩૫૦ કરોડ), પ્રભાસ (રૂ.૩૦૦ કરોડ) અને રજનીકાંત (રૂ.૪૦૦ કરોડ)ની નેટવર્થ ધરાવે છે. આમ, ટોલિવૂડ અને બોલિવૂડના ટોચના સ્ટાર્સ કરતાં વધારે નેટવર્થ બ્રહ્માનંદમ પાસે છે. કપિલ શર્માની વાત કરીએ તો તેમની નેટવર્થ રૂ.૩૦૦ કરોડ આસપાસ છે. જ્યારે અન્ય કોઈ કોમેડિયન પાસે રૂ.૧૦૦ કરોડથી વધારેની નેટવર્થ નથી. કોલેજમાં લેક્ચરર તરીકે કરિયર શરૂ કરનારા બ્રહ્માનંદમે ૮૦ના દસકામાં નાટકો અને મિમિક્રીથી શરૂઆત કરી હતી. ૧૯૮૫માં ટીવીના પડદે અને ત્યારબાદ ૧૯૮૭માં ફિલ્મોમાં આગમન કર્યુ. ૯૦ના દસકામાં તેલુગુની દરેક બીજી-ત્રીજી ફિલ્મમાં બ્રહ્માનંદમ જોવા મળતાં હતા. તેલુગુ ફિલ્મોમાં તેઓ અનિવાર્ય બની ગયા હતા. સૌથી વધુ સ્ક્રિન ક્રેડિટ મેળવનારા જીવિત એક્ટર તરીકે ૨૦૧૨માં તેમને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડથી સન્માનિત કરાયા હતા.

**'આવારાપન' ની સિકવલની કરી જાહેરાત**

# જન્મદિવસ પર ફેન્સને આપી રિટર્ન ગિફ્ટ

બોલિવૂડ અભિનેતા ઈમરાન હાશ્મી પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યો છે. ૪૬ વર્ષનો ઈમરાન લગભગ બે દાયકાથી બોલિવૂડમાં કામ કરી રહ્યો છે. પોતાના જન્મદિવસ પર તેણે પોતાના ફેન્સને રિટર્ન ગિફ્ટ આપી છે. ઈમરાને પોતાના જન્મદિવસ પર 'આવારાપન ૨' ફિલ્મની જાહેરાત કરી છે. અભિનેતાએ ફિલ્મનું ટીઝર સોશિયલ મીડિયા પર શેર કર્યુ છે. ટીઝરમાં, ઈમરાન ક્યારેક કોઈની હત્યા કરતો જોવા મળે છે તો ક્યારેક પોતાને મારવાનો પ્રયાસ કરતો જોવા મળે છે.ઈમરાન હાશ્મીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી 'આવારાપન' નું ૫૯ સેકન્ડનું ટીઝર શેર કર્યુ છે. તેની સાથે લખ્યું છે, ''બસ મને થોડો વધુ સમય જીવતો રાખો.'' ટીઝરમાં, ઈમરાન પ્રેમ અને શાંતિ શોધી રહ્યો છે. ક્યારેક તે ગૌતમ બુદ્ધની પ્રતિમા સામે જોવા મળે છે તો ક્યારેક તે મસ્જિદમાં હાજરી આપતા જોવા મળે છે. આખા ટીઝરમાં 'આવારાપન' ના પહેલા ભાગની ફૂટેજ જોવા મળે છે.ટીઝરની



શરૂઆતમાં, ઈમરાન એક હોડી પર ઉભો છે અને કહી રહ્યો છે, ''આવારાપન, ખુશીની શોધમાં દુઃખ, એકલતા, એક લાંબી શોધ મળ્યા. બીજાના જીવન માટે મરવું એ જ મારું લક્ષ્ય છે.'' આ ૫૯ સેકન્ડના ટીઝરે ઈમરાનના ફેન્સના દિલ જીતી લીધા છે. ફેન્સને ઈમરાન પાસેથી જે અપેક્ષા હતી તે આ ફિલ્મ દ્વારા અભિનેતા પૂરી કરી શકે છે.ઈમરાન હાશ્મીની ફિલ્મ 'આવારાપન' વર્ષ ૨૦૦૭માં રિલીઝ થઈ હતી અને તેને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. ફિલ્મની સાથે તેના ગીતો પણ ઘણા લોકપ્રિય થયા હતા. હવે ૧૮ વર્ષની લાંબી રાહ જોયા પછી, તેની સિક્વલ અંગે એક અપડેટ આવ્યું છે. ટીઝરની સાથે, નિર્માતાઓએ તેની રિલીઝ તારીખ પણ જાહેર કરી છે. ઈમરાનની આ ફિલ્મ ૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ રિલીઝ થશે. આનો અર્થ એ થયો કે ફેન્સે ફિલ્મ માટે એક વર્ષ રાહ જોવી પડશે.'આશિકી', 'મર્ડર', 'ગેંગસ્ટર', 'રાઝ' અને 'ગુલામ' એવી ફિલ્મો છે જેને દર્શકોએ ખૂબ પસંદ કરી છે.

**સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર માહિતી શેર કરી**

# આથિયા અને રાહુલને ત્યાં પુત્રીનો જન્મ થયો

હાલમાં IPL 2025ની ચોથી મેચ દિલ્હી કેપિટલ્સ અને લખનઉ સુપર જાયંટ્સની વચ્ચે રમાઈ રહી છે. ત્યારે કેએલ રાહુલને એક ગુડ ન્યૂઝ મળ્યા છે. તે પિતા બની ગયો છે. ખુશીના સમાચાર મળતાની સાથે જ સ્ટાર કપલના ઘરમાં હાસ્યનો માહોલ છવાઈ ગયો છે. ક્રિકેટર કેએલ રાહુલ અને અભિનેત્રી આથિયા શેટ્ટી માતા-પિતા બન્યા છે. તેઓએ તેમના પહેલા બાળકનું સ્વાગત કર્યુ છે. આથિયાએ એક બેબી ગર્લને જન્મ આપ્યો છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કેએલ રાહુલે એક પોસ્ટ શેર કરીને ચાહકો સાથે ખુશખબરી આપી છે. આથિયા પ્રેગ્નેન્ટ હોવાને કારણે આ ક્રિકેટર તેની પહેલી IPL મેચ પણ મિસ કરી છે. આજે ૨૪ માર્ચના રોજ IPLમાં લખનૌ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ




વચ્ચે મેચ રમાઈ રહી છે. કેએલ રાહુલ આ વખતે દિલ્હી ટીમનો ભાગ છે.કેએલ રાહુલે ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલી પોસ્ટમાં બેબી ગર્લના જન્મની ખુશખબરી આપી હતી. આ ખુશખબર મળતાની સાથે જ ચાહકો ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઘણા સેલેબ્સે પણ તેમને અભિનંદન પાઠવી રહ્યા છેપ ોસ્ટમાં લખ્યું હતું, 'આજે એટલે કે ૨૪ માર્ચે અમારા ઘરમાં ખુશીએ દસ્તક આપી છે.' આ ખુશખબર મળતાની સાથે જ ચાહકો ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ઘણા સેલેબ્સે પણ તેમને અભિનંદન પાઠવી રહ્યા છે. અભિનેત્રી પરિણીતી ચોપરા, ટાઈગર શ્રોફ, અર્જુન કપૂર, કિયારા અડવાણી, શિખર ધવન સહિત ઘણા સ્ટાર્સે કેએલ રાહુલ અને અભિનેત્રી આથિયા શેટ્ટીને અભિનંદન આપ્યા હતા.

**ડેવિડ વોર્નરે પણ સોશિયલ મીડિયા પર પોતાની ખુશી વ્યક્ત કરી**

# શોમાં ડેવિડ વોર્નરને ડાન્સના સ્ટેપ્સ શીખવ્યા

**'રોબિન હૂડ'ના ટ્રેલર લોન્ચ પર ડાન્સ કર્યો, જેનાથી ચાહકો ખૂબ ખુશ થયા**

ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરે તેલુગુ ફિલ્મ 'રોબિન હૂડ'ના ટ્રેલર લોન્ચ પર ડાન્સ કર્યો, જેનાથી ચાહકો ખૂબ ખુશ થયા. તેમણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર પણ ખુશી વ્યક્ત કરી. વોર્નરને ફિલ્મનું શૂટિંગ ખૂબ ગમ્યું અને તેણે ૨૮ માર્ચે ફિલ્મની રિલીઝની જાહેરાત કરી.ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરે કોવિડ-૧૯ દરમિયાન હિન્દી અને દક્ષિણ ઉદ્યોગના ગીતો પર નૃત્ય કરીને પોતાના ચાહકોનું મનોરંજન કર્યુ હતું અને ત્યારે જે તેને 'રોબિન હૂડ' સાથે તેના તેલુગુ ડેબ્યૂની જાહેરાત કરી, ત્યારે ચાહકોને જરાય આશ્ચર્ય થયું નહીં કારણ કે ભારતીય સિનેમા માટે તેમના પહેલાથી જ ઘણા બધા ફોલોઅર્સ છે. ડેવિડ વોર્નરે શ્રીલીલા અને નીતિન સાથે સ્ટેજ શેર કર્યો. ત્યારબાદ તેમણે 'રોબિન હૂડ'ના ટ્રેલર લોન્ચ સમયે સ્ટેજ પર તેમને ડાન્સ સ્ટેપ્સ શીખવ્યા.વહેલી સવારે ડેવિડ વોર્નર હૈદરાબાદ પહોંચ્યા અને તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. હાથમાં



એક વિશાળ ગુલદસ્તો લઈને, વોર્નર તેની એક ઝલક મેળવવા માટે ભેગા થયેલા તેના ચાહકોને ઓટોગ્રાફ આપતા જોવા મળ્યા. ઓસ્ટ્રેલિયન ક્રિકેટરે ખુલાસો કર્યો કે તેને ફિલ્મના શૂટિંગમાં ખૂબ મજા આવી.'રોબિન હૂડ'નું ટ્રેલર પણ ખૂબ રસપ્રદ લાગે છે. વોર્નરે તેની પહેલી ફિલ્મમાં બ્લોકબસ્ટર એન્ટ્રી કરી છેગયા અઠવાડિયે, ફિલ્મના નિર્માતાઓ, મૈથ્રી મૂવી મેકર્સે, એક્સ પર એક પોસ્ટ સાથે ઓસ્ટ્રેલિયન ક્રિકેટરનું સ્વાગત કર્યુ. તેમણે લખ્યું, 'જમીન પર ચમક્યા પછી અને પોતાની છાપ છોડી દીધા પછી, હવે તેમના માટે રૂપેરી પડદે ચમકવાનો સમય આવી ગયો છે.

**અભિષેકે પરિણીત પુરુષોની સ્થિતિ અંગે રમૂજ કરી**

# ઐશ્વર્યાનો એક કોલ અભિષેકની ચિંતા વધારશે

**અભિષેક-ઐશ્વર્યાના લગ્નને ૧૭ વર્ષ થયાં છે, તેમની ૧૩ વર્ષની દિકરી આરાધ્યા છે**

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના ડિવોર્સની ચર્ચાઓ માંડ શાંત પડી છે, ત્યાં અભિષેક બચ્ચન દ્વારા કરવામાં આવેલું એક નિવેદન ચર્ચામાં આવ્યું છે. અભિષેક તેની રમૂજ વૃત્તિ માટે જાણીતો છે, તાજેતરમાં એક એવોર્ડ શોમાં અભિષેક તેની ફિલ્મ 'આઈ વોન્ટ ટુ ટોક' માટે બેસ્ટ એક્ટરનો એવોર્ડ લેવા સ્ટેજ પર ગયો ત્યારે અર્જુન કપૂરે તેની મજાક કરતા કહ્યું,''એવા ક્યા લોકો છે જે કહે છે, અભિષેક, આઈ વોન્ટ ટુ ટોક, તો તમને સ્ટ્રેસ થઈ જાય છે?'' ત્યારે અભિષેકે સ્મિત સાથે જવાબ આપ્યો હતો, અભિષેક અને ઐશ્વર્યાના લગ્નને ૧૭ વર્ષ થયાં છે, તેમની ૧૩ વર્ષની દિકરી આરાધ્યા છે ''તારા લગ્ન નથી થયા ને હજુ સુધી..જ્યારે થશે ત્યારે તારી પાસે આ પ્રશ્નનો જવાબ હશે.''પછી પત્ની ઐશ્વર્યાનું નામ લીધાં વિના અભિષેકે આગળ કહ્યું,''જ્યારે તમને પત્ની તરફથી ફોન આવે અને એ કહે, ''મારે કંઈ વાત કરવી છે (આઈ



વોન્ટ ટુ ટોક), તમને ખબર પડી જાય છે કે, તમે મુશ્કેલીમાં મુકાયા છો.''''અભિષેક અને ઐશ્વર્યાના લગ્નને ૧૭ વર્ષ થયાં છે. તેમની ૧૩ વર્ષની દિકરી આરાધ્યા છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં અભિષેકે દિકરી સાથેના સંબંધ વિશે પણ વાત કરી હતી,''બહુ સારી અને તમને તાજગી આપતી વાત એ છે, કે ઘરમાં તમે એક વાલી છો. તમે એક પ્રોફેશનલ હોય કે કોઈ સેલેબ્રિટી પણ ત્યાં માત્ર એક વાલી છો. હું તેને એક વાસ્તવિકતા તરીકે નહીં પણ પણ એ દૃશ્ટિએ જોઉં છું કે આ એક સારી વાત છે, કે તેમાં રહેલો પ્રેમ એક શુદ્ધ બાબતમાંથી આવે છે, તમે જે છો, તેના કારણે નહી.''આ પછી તાજેતરમાં અભિષેકની ફિલ્મ બી હેપ્પી પણ આવી છે, જેમાં તેની સાથ ઈનાયત વર્મા તેની દિકરીના રોલમાં અને સાથે નોરા ફતેહી અને નાસર પણ છે, આ ફિલ્મમાં પણ તેના અભિનયના વખાણ થઈ રહ્યા છે.

# ગુજરાત પોલીસ અકાદમી-કરાઈ ખાતે "ડી.જી.પી કપ બેડમિન્ટન ટુર્નામેન્ટ-૨૦૨૪"નું શાનદાર સમાપન

## વર્ષ-૨૦૩૬ની ઓલમ્પિકમાં એથ્લેટિક સ્પર્ધાઓ પોલીસ અકાદમી કરાઈની ભૂમિ પર થાય તેવી તૈયારીઓ થઈ રહી છેઃ રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાય

| (માહિતી) ગાંધીનગર, તા.૨૫ |






ગુજરાત પોલીસ અકાદમી-કરાઈ ખાતે તા.૨૧મી માર્ચે "ડી.જી.પી. કપ બેડમિન્ટન ટુર્નામેન્ટ-૨૦૨૪"નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આજે તા.૨૪મી માર્ચે રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની અધ્યક્ષતામાં આ ટુર્નામેન્ટનો સમાપન સમારોહ યોજાયો હતો. ટુર્નામેન્ટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી મેડલ જીતનાર વિજેતા ખેલાડીઓને રાજ્યના પોલીસ વડાશ્રીના હસ્તે મેડલ એનાયત કરવામાં આવ્યા હતા.

શ્રી વિકાસ સહાયે કહ્યું હતું કે, દિવસ-રાત વિવિધ પરિસ્થિતિઓ વચ્ચે પણ પોતાની ફરજ બજાવતા પોલીસ કર્મીઓના સ્વાસ્થ્યની ચિંતા કરીને ગુજરાત પોલીસે તેમને રમત-ગમત સાથે જોડવાનું શુભ કાર્ય કર્યું છે. દર વર્ષે વિવિધ રમતોમાં ગુજરાત પોલીસ દ્વારા ડીજીપી કપ પ્રતિયોગિતાનું આયોજન થતું હોય છે. પ્રોફેશનલ પોલિસીંગની કામગીરી વધુ અસરકારક અને પરિણામલક્ષી બને તે માટે રાજ્ય પોલીસના અલગ અલગ એકમો તેમજ અધિકારી કર્મચારીઓ વચ્ચે એકતા - સંકલનની ભાવના આવશ્ય અને અનિવાર્ય છે. તેના માટે રમત ગમત ખૂબ પ્રભાવી માધ્યમ છે.

તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર દેશમાં રમતગમત ક્ષેત્રે ગુજરાત રાજ્ય પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે ત્યારે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની રમત ગમત સ્પર્ધાઓનું આયોજન આજે ગુજરાતમાં થઈ રહ્યું છે. તે માટે જરૂરી એવું વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદ, ગાંધીનગરમાં ઊભું થઈ રહ્યું છે. વર્ષ ૨૦૩૬ની ઓલમ્પિકની યજમાનીમાં ગુજરાત પોલીસ અકાદમી કરાઈ પણ ખૂબ મોટું યોગદાન આપશે. એથ્લેટિક સ્પર્ધાઓ કરાઈની ભૂમિ પર થાય તેવી તૈયારીઓ થઈ રહી છે અને તે માટે આ વર્ષના બજેટમાં વિશેષ અનુદાન પણ રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતની વિવિધ પોલીસ રેન્જની ૧૬ ટીમોના ૧૨૨ ખેલાડીઓએ ડીજીપી કપ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં ૭૯ પુરુષ અને ૪૩ મહિલા ખેલાડીઓના સમાવેશ થાય છે. વિજેતા ખેલાડીઓને રાજ્યના પોલીસ વડાશ્રીએ મેડલ એનાયત કર્યા હતા.

આ પ્રસંગે ગુજરાત પોલીસ અકાદમી-કરાઈના આચાર્ય શ્રી અભય ચુડાસમા, પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીશ્રીઓ, પોલીસ કર્મીઓ અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવેની અધ્યક્ષતામાં વિશ્વ ટીબી દિવસની ઉજવણી કરાઈ

## દર્દીઓની સારવાર માટે જરૂરી આધુનિક સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર પ્રતિબધ્ધઃ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોત

| (માહિતી બ્યુરો) વડોદરા, તા.૨૫ |



વલસાડ જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતની ઉપસ્થિતિમાં તા. ૨૪ માર્ચ વિશ્વ ટીબી દિવસની જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા ઓરિઝોન હોટલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે જણાવ્યું કે, વલસાડ જિલ્લાની તમામ પીએચસી, સીએચસી, સબ સેન્ટર અને સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે જે પણ જરૂરી આધુનિક સાધન સામગ્રી હોય તે પુરી પાડવા માટે સરકાર તત્પર છે. ટીબીની બિમારીની નાબૂદી માટે જે પણ સાધનો પુરા પાડવામાં આવ્યા તેનાથી અસરકારક કામગીરી થઈ રહી છે જે સંતોષકારક છે. ભવિષ્યમાં પણ જે સાધન સામગ્રીની જરૂર પડશે તે માટે તંત્ર કટિબધ્ધ છે. જિલ્લાના ૫૨ (બાવન) પીએચસીમાં સીબીસી (કમ્પ્લીટ બ્લડ કાઉન્ટ) ઉપલબ્ધ કરાવાશે. આ સિવાય નાનાપોંઢા સીએચસીમાં ટ્રૂ નાટ મશીન ઉપલબ્ધ કરાવાશે. આ મશીનથી ઝડપી ડાયગ્નોસીસ કરી શકાશે. દરેક તાલુકામાં બે ટ્રૂ નાટ મશીન ઉપલબ્ધ કરાવાશે. વધુમાં તેમણે ટીમ વર્ક ઉપર ભાર મુકી જણાવ્યું કે, ટીમ વર્કની ભાવનાથી જે કામ થાય છે તે અવશ્ય સફળ થાય જ છે. જેનું ઉદાહરણ વલસાડ જિલ્લાએ પુરૂ પાડ્યુ છે. તબીબી સેવા સાથે જોડાયેલા તમામ સ્ટાફે દર્દી સાથે સહાનુભૂતિની લાગણી રાખી ફોલોઅપ પણ લેવુ જોઈએ. ટીબીના દર્દીઓ માટે પોષણ પણ એટલુ જ જરૂરી છે. ગ્રામ પંચાયત, એનજીઓ અને આરોગ્યનો સ્ટાફ સહિતના સંગઠનોની લોકભાગીદારી સફળતામાં મહત્વનો ભાગ ભજવે છે. વલસાડ જિલ્લામાં ૧૬૧ ગ્રામ પંચાયત ટીબી મુક્ત જાહેર કરાઈ હતી. જેમાંથી ૬૬ ગ્રામ પંચાયત સિલ્વર કેટેગરી એટલે કે સતત બે વર્ષ સુધી ટીબી મુક્ત જાહેર થયેલી હોય. ૯૫ ગ્રામ પંચાયતનો બ્રોન્ઝ કેટેગરીમાં સમાવેશ થયો હતો એટલે કે, પ્રથમ વાર ટીબી મુકત ગ્રામ પંચાયત જાહેર થઈ હોય. આ પંચાયતો પૈકી ૧૨ પંચાયતને ગાંધીજીની પ્રતિમા અને પ્રશસ્તિ પત્ર કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના હસ્તે એનાયત કરાયા હતા. નિક્ષય મિત્રોનું પણ ટ્રોફી અને પ્રશિસ્ત પત્રથી સન્માન કરાયું હતું. ટીબી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર એસડીએચ હોસ્પિટલ, પીએચસી, સીએચસી, યુપીએસચી, ટીએચઓ, સીએચઓ, ટીબી સુપરવાઈઝર અને આશા વર્કરને પ્રમાણપત્ર અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઈન્ચાર્જ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી અને જિલ્લા ક્ષય અધિકારી ડો. હરજીતપાલ સિંઘે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે, જિલ્લામાં ટીબીના કુલ ૩૦૦૫ કેસ નોંધાયા છે જેઓને નિક્ષય પોષણ યોજના હેઠળ જ્યાં સુધી સારવાર ચાલુ રહે ત્યાં સુધી દર મહિને તેઓના બેંક ખાતામાં રૂ. ૧૦૦૦ જમા કરવામાં આવે છે. ટીબી વિભાગના મેડિકલ ઓફિસર ડો.પરિમલ પટેલે આભારવિધિ કરી હતી.

# પશ્ચિમ રેલવે દ્વારા બે જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવવામાં આવ્યા

| અમદાવાદ, તા.૨૫ |

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ અને ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ટ્રેનો ના ફેરા લંબાવવામાં આવ્યા છે. જેની વિગતો નીચે મુજબ છેઃ

૧. ટ્રેન નંબર ૦૯૪૧૬ ગાંધીધામ-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ જે અગાઉ ૨૭ માર્ચ, ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૬ જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૧૫ બાંદ્રા ટર્મિનસ-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશિયલ જે અગાઉ ૨૭ માર્ચ, ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૬ જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ જે અગાઉ ૨૭ માર્ચ, ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૬ જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૯૨૦૭ બાંદ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ જે અગાઉ ૨૮મી માર્ચ, ૨૦૨૫ સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૨૭મી જૂન, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૧૬, ૦૯૪૧૫, ૦૯૨૦૮ અને ૦૯૨૦૭ ના લંબાવવામાં આવેલા ફેરા માટે બુકિંગ ૨૭ માર્ચ, ૨૦૨૫ થી પીઆરએસ કાઉન્ટર્ અને આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# નર્મદા પરિક્રમાના રૂટ પર પરિક્રમાર્થીઓની સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કરતા જિલ્લા પોલીસવડા પ્રશાંત સુંબે



| (માહિતી) નર્મદા, તા.૨૫ |

ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા શરૂ થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સોમવારે સાંજે જિલ્લા પોલીસ વડાશ્રી પ્રશાંત સુંબેએ પરિક્રમા રૂટનું નીરિક્ષણ કરીને ભાવિક ભક્તોની સુરક્ષા વ્યવસ્થા અંગેનું નિરિક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન રામપુરા ઘાટ, પાર્કિંગ વ્યવસ્થા, પગપાળા રૂટ પર લાઈટિંગ વ્યવસ્થા, નદી પાર કરવા માટે શહેરાવ ઘાટ ખાતે બની રહેલો ટેમ્પરરી બ્રીજ, જેટી અને પદયાત્રા રૂટ પરના બેરીકેડિંગ અંગે સંબંધિત એજન્સીના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી હતી. આ મુલાકાત દરમિયાન પરિક્રમાના નોડલ અધિકારીશ્રી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી જે.કે.જાદવ, માર્ગ અને મકાન વિભાગ પંચાયત, કરજણ સિંચાઈ, પોલીસ વિભાગના અધિકારીશ્રીઓ, સંબંધિત એજન્સીના પ્રતિનિધિઓ જોડાયા હતા.

# સમાન સિવિલ કોડ સમિતિએ મોરબી ખાતે જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો સાથે બેઠક યોજી

| (માહિતી) ગાંધીનગર, તા.૨૫ |

સમાન સિવિલ કોડ સંદર્ભે UCC સમિતિ દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓની મુલાકાત લઈ પ્રબુદ્ધ નાગરિકો, રાજકીય અને સામાજિક અગ્રણીઓ તેમજ વિવિધ ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓનાં મંતવ્યો મેળવવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે મોરબી કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે સમાન સિવિલ કોડ સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં યુ.સી.સી. કમિટીના સભ્યશ્રી સી.એલ. મીણા અને કમિટીના સિનિયર એડવોકેટશ્રી આર.સી. કોડેકરએ ઉપસ્થિત પ્રતિનિધિઓના મંતવ્યો જાણી જરૂરી ચર્ચાઓ કરી હતી.

શ્રી સી. એલ. મીણાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સમાન સિવિલ કોડના અમલીકરણ પહેલા નાગરિકોના અભિપ્રાયો જાણવા ખૂબ જ જરૂરી છે જેના ભાગરૂપે આ સંવાદ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે જેથી સૌને તેમના અભિપ્રાય આપવા અનુરોધ કર્યો હતો. વધુમાં આગામી તા. ૧૫/૦૪/૨૦૨૫ સુધી રાજ્યનો કોઈપણ નાગરિક સમાન નાગરિક સંહિતા માટે વેબ-પોર્ટલ https://uccgujarat.in પર અથવા - સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર ૧૦ એ, ગાંધીનગર, પિન- ૩૮૨૦૧૦ પર પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કરી શકશે તેવું તેમણે જણાવ્યું હતું.

# વીરપુર તાલુકા નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘ અધિવેશન ૨૦૨૫



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

નિવૃત્ત પ્રાથમિક શિક્ષક સંઘ તાલુકો વિરપુર જીલ્લો મહીસાગર નું દ્વિતીય જનરલ અધિવેશન તારીખ ૨૫/ ૩/ ૨૦૨૫ ને મંગળવારના રોજ સવારે ૯:૦૦ કલાકે યોજવામાં આવેલ હતું. અધ્યક્ષ શ્રી નિર્મળસિંહ રાણા પ્રમુખ શ્રી ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી ફેડરેશન ગાંધીનગર ના અધ્યક્ષ સ્થ-ાને યોજવામાં આવેલ હતું. દીપ પ્રાગટ્ય, પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. પ્રમુખશ્રી નવીનચંદ્ર કે. ઠાકર મહામંત્રી શ્રી જુવાનસિંહ એમ. પરમાર દ્વારા સંચાલન કરવામાં આવેલ હતું. શ્રી ચંદુભાઈ જોશી, શ્રી ચંદ્રસિંહ ઝાલા, શ્રી પિનાકીનભાઈ શુક્લ, શ્રી નિખિલભાઈ પટેલ, શ્રી નંદુભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ચંદુભાઈ જોશી દ્વારા શિક્ષકોને મળતા અનેક લાભોની જાણકારી આપવામાં આવેલ હતી. કાર્યક્રમના અંતે સૌએ ભોજન પ્રસાદી સાથે લીધી હતી. ત્યારબાદ જિલ્લાની કારોબારી સભા પણ આજ સ્થળે રાખવામાં આવેલ હતી. ત્યારબાદ સૌ છૂટા પડ્યા હતા.

# શહેરના માર્ગોને સુરક્ષિત બનાવવા ભૂતપૂર્વ સૈનિકો સાથે ટ્રાફિક સલામતીની ખુલ્લી ચર્ચા

## ટ્રાફિક એસીપી ડી.એમ. વ્યાસે વર્તમાન ટ્રાફિક પરિસ્થિતિ પર પ્રકાશ પાડ્યો, માર્ગ સલામતી માટે સૂચનોનું કર્યું સ્વાગત...



| (માહિતી બ્યુરો) વડોદરા, તા.૨૫ |

આજના ઝડપથી બદલાતા સમાજમાં, જ્યાં રસ્તાઓ પર વાહનોની ભીડ સતત વધી રહી છે, ત્યાં માર્ગ સલામતી એક અત્યંત ગંભીર અને અનિવાર્ય મુદ્દો બની રહી છે. આ પૃષ્ઠભૂમિ પર, મંગળવારે વડોદરા ટ્રાફિક વિભાગે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસન કાર્યાલય ખાતે ભૂતપૂર્વ સૈનિકો સાથે માર્ગ સલામતી અંગે એક સંવાદાત્મક સત્રનું આયોજન કર્યું. આ સત્રનો મુખ્ય ઉદ્દેશ શહેરની ટ્રાફિક સમસ્યાઓને હળવી કરવા અને વાહન ચલાવતી વખતે સલામતીની ખાતરી કરવા અસરકારક ઉપાયો શોધવાનો હતો.

આ પ્રસંગે ભૂતપૂર્વ સૈનિકોના અનુભવોને મહત્વ આપવામાં આવ્યું અને નાગરિકોમાં શિસ્ત તથા જવાબદારીની ભાવના જગાવવાની એક અનન્ય તક પ્રાપ્ત થઈ. ટ્રાફિક નિયમો એ માત્ર કાગળ પરની લીટીઓ નથી, પરંતુ તે એક આવશ્યક માર્ગદર્શિકા છે, જે ડ્રાઈવરો, રાહદારીઓ અને સાયકલ સવારો સહિત દરેક માર્ગ વપરાશકર્તાની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઘડવામાં આવી છે. આ નિયમોનું પાલન અકસ્માતોને અટકાવે છે, ટ્રાફિકની ગીચતાને ઘટાડે છે અને માર્ગ પર સરળ પ્રવાહને પ્રોત્સાહન આપે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં રસ્તાઓ પર વાહનોની સંખ્યામાં થયેલા અભૂતપૂર્વ વધારા સાથે, આ નિયમોનું મહત્વ પહેલા કરતાં ક્યાંય વધારે વધી ગયું છે. આ સંવાદ સત્રમાં લગભગ ૪૦ નિવૃત્ત સૈનિકો અને ભૂતપૂર્વ સૈનિકોએ ભાગ લીધો અને ટ્રાફિક સમસ્યાઓના નિવારણ માટે મૂલ્યવાન આંતરદષ્ટિ પૂરી પાડી. ચર્ચા દરમિયાન, ભૂતપૂર્વ સૈનિકોએ પોતાના જીવનના અંગત અનુભવોને વાગોળ્યા. ઘણા નિવૃત્ત સૈનિકોએ સેવા દરમિયાન જીવલેણ પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો, જેના કારણે તેઓ જોખમી સંજોગોમાં સતર્કતા અને જાગૃતિનું મહત્વ સારી રીતે સમજતા હતા. તેમની લશ્કરી તાલીમને માર્ગ સલામતી સાથે સાંકળીને, તેઓએ હેલ્મેટ અને સીટ બેલ્ટના ઉપયોગ, ટ્રાફિક નિયમોના પાલન અને વાહન ચલાવતી વખતે વિક્ષેપો ટાળવા જેવા મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂક્યો. બેદરકારીપૂર્વક વાહન ચલાવવાની ગંભીર અસરો અને સલામત ડ્રાઈવિંગની ટેવોને પ્રોત્સાહિત કરવાની તાતી જરૂરિયાત પર પણ તેમણે પ્રકાશ ફેંક્યો.

## દેવગઢ બારીઆ તાલુકામા આવેલ

# પ્રાથમિક શાળામાં બોગસ સર્ટિ પર નોકરી કરતા શિક્ષકોની તપાસ થાય તો ભૂતિયા શિક્ષકો ઝડપાશે

| (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૫ |

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકા મા આવેલ પ્રાથમિક શાળા મા અમુક શિક્ષકો નોકરી કરતા હોય જે બોગસ સર્ટિ રજૂ કરી નોકરી પ્રાપ્ત કરેલ છે તેવું લોકવાહિકા મુજબ જાણવા મળેલ છે તથા અમુક પ્રાથમિક શાળા ના શિક્ષકો ને મોટી સંખ્યા અને નાની સંખ્યા એકમ દશક જોડિયા શબ્દો શાળા ના દફતરી કામ આવડતું નથી શાળા ના વિધાર્થીઓ ના પત્રક માં પણ ગંભીર છબરડાઓ જોવા મળેલ છે તથા અમુક શિક્ષકો માત્ર શાળા મા હાજરી ભરી રજીસ્ટર મા સહી કરી જતા રહે છે અને દેવગઢ બારીઆ તાલુકા શિક્ષણ અધિકારી ની કચેરી માં અને બજાર માં ફરતા જોવા મળે છે આ બાબત મા તાલુકા શિક્ષણ અધિકારી ને પણ રજૂઆત કરવા છતાં પણ કોઈ કાર્યવાહી કરવા મા આવતી નથી દેવગઢ બારીઆ તાલુકાની પ્રાથમિક શાળાઓ મા જો તપાસ કરવા મા આવે તો ઘણા બોગસ સર્ટિ ધરાવતા શિક્ષકો ની ઝડપાવા ની પૂરેપૂરી શક્યતાઓ છે શું આ બાબત મા તપાસ કરવા મા આવશે કે પછી ફાઈલ બનાવી રહેવા દેશે.

# આજનું રાશિ ભવિષ્ય.....



### મેષ (અ,લ,ઇ) :

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો. તમારે તેમની સાથે વાત કરવા ની જરૂર છે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. કામના સંદર્ભમાં આજનો દિવસ ખૂબ જ સરસ વીતે એવું જણાય છે.



### વૃષભ (બ,વ,ઉ) :

આજે તમે ઉદાસી ને દૂર કરી દો જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. તમારૂં પ્રેમ જીવન આયુષ્યભરના બંધનમાં પરિણમશે અને લગ્નનો પ્રસ્તાવ મળશે.



### મિથુન (ક,છ,ઘ) :

આજના દિવસે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. તમે જીવન માં પૈસા ના મહત્વ ને નથી સમજતા પરંતુ આજે તમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.



### કર્ક (ડ,હ) :

આજે તમે કોઈ બાબતે ચુકાદો આપતા હો ત્યારે સામેની વ્યક્તિની લાગણીઓની ખાસ દરકાર લો. તમારા દ્વારા લેવામાં આવેલો કોઈ ખોટો નિર્ણય નમાત્ર તેમના પર અવળી અસર કરશે બલ્કે તમને પણ માનસિક તાણ આપશે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો.



### સિંહ (મ,ટ) :

આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. જીવનસાથી તમારી સંભાળ લેશે. પ્રેમ એ ઈશ્વરની પૂજા સમાન છે, તે ખૂબ ધાર્મિક તથા આધ્યાત્મિક બાબત પણ છે.



### કન્યા (પ,ઠ,ણ) :

આજે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ થશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. તમે તમારી મોહિની તથા તમારૂં બુદ્ધિચાતુર્ય વાપરશો તો તમે લોકો પાસેથી ધાર્યું કામ કઢાવી શકશો.



### તુલા (ર,ત) :

આજે સંતોષી જીવન માટે તમારી માનસિક દઢતામાં વધારો કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. શાળામાં અભ્યાસમાં રસના અભાવે બાળકો કેટલીક નિરાશા સર્જશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેનારાઓએ મગજ શાંત રાખવું.



### વૃશ્ચિક (ન,ય) :

આજના દિવસે ગુસ્સાની લહેર વાદ-વિવાદ તથા ઘર્ષણ પાસે લઈ જશે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે.



### ધન (ભ,ધ,ફ) :

આજે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જવળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમને તરત જરૂર ન હોય તેવી ચીજો પર જો તમે નાણાં ખર્ચશો તો તમે તમારા જીવનસાથીને નારાજ કરશો. પ્રેમના આનંદની અનુભૂતિની શક્યતા છે. પ્રસ્થાપિત લોકો સાથે તથા એવા લોકો જેઓ તમને ભાવિ પ્રવાહો વિશે માહિતગાર કરાવી શકે છે.



### મકર (ખ,જ) :

આજે તમારો માયાળુ સ્વભાવ અનેક ખુશીભર્યો સમય લાવશે. બહાર કોઈ ચીજ ખરીદવા દોડવાને બદલે તમારી પાસે જે હો તેનો ઉપયોગ પહેલા કરો. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો. કોઈક ખાસ વ્યક્તિનું ધ્યાન તમે તમારી તરફ ખેંચી શકશો-જો તમે તમારા ગ્રુપ સાથે રહેશો તો.



### કુંભ (ગ,શ,સ) :

આજના દિવસે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે ઉત્તમ દિવસ છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો. તમે સીધા જવાબ નહીં આપો તો તમારી સાથે સંકળાયેલા લોકો તમારાથી નારાજ થાય એવી શક્યતા છે.



### મીન (દ,ચ,ઝ,થ) :

આજે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો. તમારી સમસ્યાઓ ગંભીર હશે-પણ તમે જે પીડામાંથી પસાર થઈ રહ્યા છો તેની નોંધ તમારી આસપાસના લોકો નહીં લે-કદાચ તેમને લાગે છે.

**ન્યૂઝ બ્રિફ**

## ચીન અને ભારત અમારી ચૂંટણીમાં હસ્તક્ષેપ કરી શકે છે

। (એજન્સી) ઓટાવા, તા.૨૫ ।

કેનેડાએ ચૂંટણી પહેલા ભારત પર અતિગંભીર આરોપો લગાવ્યા છે. કેનેડાનો આરોપ છે કે ત્યાંની ચૂંટણીમાં ભારત હસ્તક્ષેપ કરી શકે છે કારણ કે અત્યારે બંને દેશોના સંબંધ ખરાબ છે. સમાચાર એજન્સી રોયટર્સ અનુસાર કેનેડાની ગુપ્તચર એજન્સીનો દાવો છે કે ભારત, ચીન, રશિયા અને પાકિસ્તાન કેનેડાની ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયાસ કરશે. નોંધનીય છે કે કેનેડાના નવા વડાપ્રધાન માર્ક કાર્નીએ આગામી ૨૮ એપ્રિલે ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. કેનેડાની ગુપ્તચર એજન્સી CSISના ઉપપ્રમુખ વેનેસા લોયડનો દાવો છે કે' કેનેડાની ચૂંટણીને પ્રભાવિત કરવા માટે ચીન તરફથી AIનો ઉપયોગ કરવામાં આવશે. તથા ભારત સરકારમાં પણ કેનેડાની લોકતાંત્રિક પ્રક્રિયા પર દખલ કરે તેવી ક્ષમતા છે.' નોંધનીય છે કે કેનેડાના પૂર્વ પીએમ ટ્રુડોની અવળચંડાઈના કારણે ભારત અને કેનેડાના સંબંધો હાલ અતિ સંવેદનશીલ સમયથી પસાર થઈ રહ્યા છે. કેનેડામાં ખાલિસ્તાન સમર્થકોને ખુલ્લી છૂટ આપવામાં આવે છે.

## રેડ વાઇન પણ સુરક્ષિત નથી, તમામ પ્રકારના આલ્કોહોલથી કેન્સરનું જોખમ

। (એજન્સી) હ્યુસ્ટન, તા.૨૫ ।

રેડ વાઈન આરોગ્યપ્રદ વિકલ્પ હોવાની પ્રચલિત માન્યતાને આધારે દારુ ગટગટાવતા લોકોના હોશ ઉડાવી દે તેવો એક અભ્યાસ અમેરિકાના ન્યુટ્રિએન્ટ્સ નામના જર્નલમાં પ્રકાશિત થયો છે. વિવિધ અભ્યાસનો તારણોનું વિશ્લેષણ કરીને હાથ ધરાવેલા આ અભ્યાસમાં જણાવાયું છે કે રેડ વાઈન પણ આરોગ્ય માટે સુરક્ષિત છે અને તમામ પ્રકારના આલ્હોકાલથી કેન્સરના જોખમમાં વધારો થાય છે. ૪૨ અભ્યાસોના ડેટાનું વિશ્લેષણ કર્યા પછી સંશોધકો શોધી કાઢ્યું હતું કે કેન્સરના એકંદર જોખમમાં રેડ અને વ્હાઈટ વાઈન વચ્ચે કોઈ ખાસ તફાવત જોવા મળ્યો નથી. વધુમાં કેન્સરને અટકાવવાના વાત આવે છે ત્યારે કોઈપણ પ્રકારનો વાઈન સુરક્ષિત હોવાનું જણાયું નથી. બ્રાઉન યુનિવર્સિટીના મુખ્ય લેખક ડૉ. યુનયોંગ ચોએ જણાવ્યું હતું કે રેઝવેરાટ્રોલ જેવા એન્ટીઓકિસડન્ટોને કારણે રેડ વાઈન આરોગ્યપ્રદ હોવાની પ્રચલિત માન્યતા ખોટી છે. અમને એવા કોઈ મજબૂત પુરાવા મળ્યા નથી કે રેડ વાઈન કેન્સરનું જોખમ ઘટાડે છે. રસપ્રદ બાબત એ છે કે કેટલાક અભ્યાસોમાં વ્હાઈટ વાઈનને સ્ત્રીઓમાં કેન્સરના ઊંચા જોખમ સાથે જોડવામાં આવે છે અને તેનાથી ત્વચાના કેન્સરના જોખમમાં ૨૨ ટકા વધારો થતો હોવાનું કહેવામાં આવે છે.

### ટ્રાવેલ ઓથોરાઈઝેશન કરાવી લેવાથી પ્રવેશની મંજૂરી મળતી નથીઃ અમેરિકા

# US જશો નહીં, અટકાયત થઈ જશો યુરોપના દેશોની નાગરિકોને ચેતવણી

। (એજન્સી) બર્લિન, તા.૨૫ ।



અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમીગ્રેશનના કાયદા કડક બનાવતાં યુકે અને જર્મની જેવા યૂરોપના અનેક દેશોએ ટ્રાવેલ એડવાઈઝરી અપડેટ કરી છે અને ચેતવણી આપી છે કે માન્ય વિઝા કે ઈસએટીએના ઓથોરાઈઝેશનનો મતલબ નથી કે તે દેશમાં તમારા પ્રવેશની ગેરંટી નથી. અટકાયત થઈ શકે છે. જર્મનીના વિદેશ મંત્રાલયે પોતાના નાગરિકોને અમેરિકાનો પ્રવાસ ટાળવાની સલાહ આપી છે. અમેરિકાના વિઝા મળ્યા હોય તેવા લોકો ઈલેક્ટ્રોનિક સીસ્ટમ ફોર ટ્રાવેલ ઓથોરાઈઝેશન (ESTA) થકી મંજૂરી લઈ અમેરિકામાં પ્રવેશ કરતા હોય છે. ESTAની મંજૂરી લેવાથી પ્રવેશ કરવાનો અધિકાર મળી હોવાનું નકારીને અમેરિકામાં છેલ્લા એક સપ્તાહ દરમિયાન યુરોપીયન નાગરિકોની અટકાયત કરવામાં આવી છે. અમેરિકામાં પ્રવેશ સમયે બે જર્મન નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી. તેમાંથી એક પાસે તો ગ્રીન કાર્ડ હોવા છતાં ESTAમાંથી મળેલી મંજૂરીને અપર્યાપ્ત ગણાવી અમેરિકાએ અટકાયતી પગલાં લીધા હતા. બાદમાં બંને જર્મન નાગરિકને મુક્ત કરાયા હતા, પરંતુ આ ઘટનાથી રોષે ભરાયેલા જર્મનીએ પોતાના નાગરિકોને અમેરિકાનો પ્રવાસ ટાળવા જણાવ્યું છે. યુરોપના દેશમાં વધી રહેલા ફફડાટ છતાં અમેરિકાનું વલણ અડગ રહ્યું છે. અમેરિકાના વિદેશ મંત્રાયલે સ્પષ્ટતા કરી છે કે, કાયદાનો ભંગ કરનાર વ્યક્તિની અટકાયત થઈ શકે છે. ત્રણ અઠવાડિયા અગાઉ અમેરિકાની સરહદે બ્રિટિશ નાગરિકોની અટકાયત થઈ હતી અને બ્રિટનના વિદેશ મંત્રાલયના હસ્તક્ષેપ બાદ તેમનો છૂટકારો થયો હતો.

### પેટ્રોલ-ડીઝલની કિંમત પર પડી શકે અસર

# રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ટેરિફનીતિના કારણે ભારતને વધુ એક ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૨૪ માર્ચે જાહેરાત કરી છે કે વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદતા તમામ દેશો પર અમેરિકા ૨૫ ટકા વધારાનો ટેરિફ લગાવશે. વેનેઝુએલા અને અમેરિકા વચ્ચે સતત તણાવ વધી રહ્યો છે. એવામાં વેનેઝુએલા પર દબાણ વધારવા માટે ટ્રમ્પે આ જાહેરાત કરી છે. જોકે આ નિર્ણયના કારણે ભારતને પણ ઝટકો લાગ્યો છે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ પર જણાવ્યું હતું, કે 'વેનેઝુએલા અમેરિકા પ્રત્યે દુશ્મનાવટ રાખે છે તેથી જો કોઈ પણ દેશ વેનેઝુએલાથી તેલ કે ગેસ ખરીદે છે તો તેણે અમેરિકા સાથે વેપાર પર ૨૫ ટકા ટેરિફ આપવો પડશે.'નોંધનીય છે કે અમેરિકા સતત વેનેઝુએલા પર અનેક પ્રતિબંધો લગાવતું રહ્યું છે. વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોને અમેરિકા માન્યતા આપતું નથી. ટ્રમ્પ સરકારનો આરોપ છે કે વેનેઝુએલાના કારણે અમેરિકામાં ગુનાહિત પ્રવૃત્તિઓ વધી જાય છે. એવામાં ડોનાલ્ડ ટ્રમ્પ વેનેઝુએલાને આર્થિક રીતે ઝટકો આપવા માંગે છે. ટ્રમ્પની આ જાહેરાતના કારણે તેલ અને ગેસ ખરીદવામાંમાં ભારતને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ભારત દુનિયાનો ત્રીજો સૌથી મોટો તેલ ઉપભોક્તા દેશ છે અને વેનેઝુએલાથી કાચા તેલની આયાત કરવામાં આવે છે. ટેરિફના કારણે ભારતે હવે સાઉદી અરેબિયા, ઈરાક અથવા રશિયાથી તેલની આયાત વધારવી પડશે જેના કારણે પેટ્રોલ-ડીઝલની કિંમતો પર અસર પડે તેવી શક્યતા છે. ભારતની સાથે સાથે ચીન અને તુર્કીયેને પણ ટ્રમ્પની જાહેરાતથી ઝટકો લાગ્યો છે

# વકફ સુધારા બિલ સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવાનું મુસ્લિમ લો બોર્ડનું એલાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।




આ અઠવાડિયે સંસદમાં વકફ સુધારા બિલ રજૂ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ બિલમાં સુધારા સામે રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ શરૂ કરવાનું એલાન ધ ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે કર્યું છે. પ્રથમ તબક્કામાં ૨૬ માર્ચે પટણા ખાતે અને ૨૯ માર્ચે વિજયવાડા ખાતે વિધાનસભા સામે દેખાવો કરાશે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડની સાથે અન્ય લઘુમતી સંગઠનો અને વિપક્ષના નેતાઓ પણ વિરોધ પ્રદર્શનમાં જોડાશે. બોર્ડના પ્રવક્તા અને વકફ બિલ સામેની એક્શન કમિટીના કન્વીનર એસ.ક્યુ.આર. ઈલિયાસે કહ્યું હતું કે, અલ્લાહની મહેર વગર અને આ સંગઠનોના સમર્થન વગર દિલ્હી ખાતેના દેખાવો શક્ય ન હોતા. એક્શન કમિટીના તમામ ૩૧ સભ્યોએ આ બિલનો બંધારણીય, કાનૂની અને લોકશાહી ઢબે વિરોધ કરવાનો નિર્ધાર કર્યો છે. આગામી સમયમાં આ વિરોધમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરેથી ધાર્મિક-સામાજિક અગ્રણીઓ પણ ભાગ લે તેવી શક્યતા છે. બોર્ડ દ્વારા દાવો કરાયો છે કે, દલિત, આદિવાસી અને ઓબીસી સમાજના અગ્રણીઓ તથા અનેક કર્મશીલોએ દેખાવોમાં ભાગ લેવા સંમતિ દર્શાવી છે. બોર્ડ દ્વારા વકફ મામલે બનેલી જેપીસીના સભ્યોને પણ દેખાવોમાં જોડાવા આમંત્રિત કર્યા છે.વકફ સુધારા બિલને નુકસાનકારક અને પક્ષપાતી ગણાવતા ઈલિયાસે કહ્યું હતું કે, આ વિરોધ દ્વારા તેઓ ભાજપના સાથી પક્ષોને સ્પષ્ટ સંદેશ આપવા માગે છે. ભાજપને આપેલું સમર્થન પરત ખેંચવા અથવા અમારું (મુસ્લિમ) સમર્થન ગુમાવવા સિવાય તેમની પાસે તેમની પાસે કોઈ વિકલ્પ નથી. દેશવ્યાપી ઝુંબેશના ભાગરૂપે હૈદરાબાદ, મુંબઈ, કોલકાતા, બેંગલુરુ, માલેરકોટલા (પંજાબ) અને રાંચીમાં વિશાળ રેલીઓનું આયોજન કરાયું છે.કોંગ્રેસે વકફ (સુધારા) બિલને બંધારણ પર હુમલો ગણાવતા આક્ષેપ કર્યો હતો કે પ્રસ્તાવિત કાયદો ભાજપના સદીઓ જૂના સામાજિક સૌહાર્દના બંધનને નુકસાન પહોંચાડવાના સતત પ્રયાસોનો એક ભાગ છે. વિપક્ષી પાર્ટીએ કહ્યું હતું કે, દુષ્પ્રચાર અને પૂર્વગ્રહ પેદા કરીને લઘુમતી સમુદાયોને બદનામ કરવાના ભાજપના પ્રયાસોનો એક ભાગ છે.કોંગ્રેસના જનરલ સેક્રેટરી અને ઈનચાર્જ કોમ્યુનિકેશન્સ જયરામ રમેશે જણાવ્યું હતું કે વકફ (સુધારા) બિલ, ૨૦૨૪ ખૂબ જ ખામીયુક્ત છે. આ બિલનો ઉદ્દેશ્ય દરેક ધર્મના નાગરિકોને સમાન અધિકારો અને સુરક્ષાની ખાતરી આપતી બંધારણીય જોગવાઈઓને નબળી પાડવાનો છે. રમેશે આક્ષેપ મુક્યો હતો કે, વકફનું સંચાલન કરવા માટે અગાઉના કાયદાઓ દ્વારા બનાવવામાં આવેલી તમામ સંસ્થાઓનું કદ, રચના અને સત્તા ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જેથી લઘુમતી સમુદાયને તેમની ધાર્મિક પરંપરાઓ અને બાબતોનું સંચાલન કરવાના અધિકારથી ઈરાદાપૂર્વક વંચિત રાખી શકાય. આ ભાજપની રણનીતિનો એક ભાગ છે. તેમણે ઉમેર્યું હતું કે, વકફ હેતુ માટે કોણ પોતાની જમીન દાન કરી શકે છે.

તે નક્કી કરવા માટે ઈરાદાપૂર્વકની અસ્પષ્ટતા રજૂ કરવામાં આવી છે, જેનાથી વકફની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે.

### ન્યૂઝીલેન્ડ વિશ્વમાં સૌથી વધુ ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાંનો એક છે

# ન્યુઝીલેન્ડની ધરા ધણધણી, ૬.૮ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

**કટોકટી વ્યવસ્થાપન એજન્સીએ કહ્યું કે તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે, જો સુનામીની પુષ્ટી થાય તો દરિયાકાંઠાના વિસ્તારોમાં ચેતવણી અપાશે**

। (એજન્સી) વેલિંગ્ટન, તા.૨૫ ।



મંગળવારે (૨૫ માર્ચ) ન્યૂઝીલેન્ડના રિવર્ટન કિનારે ૭ ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ નોંધાયો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (USGS) એ X (અગાઉ ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા આ ભૂકંપ વિશે માહિતી શેર કરી હતી. ભૂકંપ રિવર્ટનથી ૧૫૯ કિલોમીટર પશ્ચિમ-દક્ષિણપશ્ચિમ (WSW) દૂર અનુભવાયો હતો. તેનું કેન્દ્ર જમીનથી ૧૦ કિલોમીટર (૬.૨૧ માઈલ) ની ઊંડાઈએ હતું.હાલમાં ભૂકંપથી થયેલા નુકસાનના કોઈ અહેવાલ પ્રાપ્ત થયા નથી. ન્યૂઝીલેન્ડ ભૂકંપ સંવેદનશીલ વિસ્તારમાં આવે છે, જ્યાં આવી ઘટનાઓ વારંવાર જોવા મળે છે. સંબંધિત અધિકારીઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને સંભવિત આફ્ટરશૉક્સ માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે.ન્યૂઝીલેન્ડમાં ૭ ની તીવ્રતાના ભૂકંપ પછી મોટાભાગના અસરગ્રસ્ત વિસ્તારો સુરક્ષિત છે. ન્યૂઝીલેન્ડની કટોકટી વ્યવસ્થાપન એજન્સી મૂલ્યાંકન કરી રહી છે કે શું ભૂકંપ સુનામીનો ખતરો ઉભો કરી શકે છે. એજન્સીએ કહ્યું છે કે જો સુનામીની સ્થિતિ સર્જાય તો દેશ સુધી પહોંચવામાં ઓછામાં ઓછો એક કલાક લાગશે.કટોકટી વ્યવસ્થાપન એજન્સીએ કહ્યું કે તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. જો સુનામીની પુષ્ટી થાય તો દરિયાકાંઠાના વિસ્તારોમાં ચેતવણી આપવામાં આવશે. આ પહેલા ૨૦૧૧માં ન્યૂઝીલેન્ડના ક્રાઈસ્ટચર્ચમાં ૬.૩ ની તીવ્રતાના ભૂકંપમાં ૧૮૫ લોકોએ જીવ ગુમાવ્યા હતા.યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (USGS) અનુસાર, ન્યૂઝીલેન્ડનું ભૌગોલિક સ્થાન તેને વિશ્વના સૌથી વધુ ભૂકંપની રીતે સક્રિય પ્રદેશોમાં સ્થાન આપે છે. આ વિસ્તાર ઓસ્ટ્રેલિયન અને પેસિફિક પ્લેટો વચ્ચે સ્થિત હોવાને કારણે ભૂકંપનું કેન્દ્ર રહે છે.ન્યૂઝીલેન્ડના ઈતિહાસનો સૌથી મોટો ભૂકંપ ૧૯૩૧માં હોક્સ બે ક્ષેત્રમાં આવ્યો હતો, જેની તીવ્રતા ૭.૮ હતી અને ૨૫૬ લોકો માર્યા ગયા હતા. આ ભૂકંપ ન્યૂઝીલેન્ડના ઈતિહાસમાં સૌથી ઘાતક ભૂકંપોમાંનો એક છે, જે દેશમાં ભૂકંપ સલામતીના મહત્વને ઉજાગર કરે છે.

**આ ચટ્ટાનનું નામ પેનોન ધ વેલેજ દે લા ગોમેરા છે**

## વિશ્વની સૌથી નાની ૮૫ મીટરની આંતર રાષ્ટ્રીય સરહદ, ફક્ત બે નાના ચટ્ટાનોથી બનેલી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

વિશ્વમાં ચીન દુનિયામાં સૌથી વધુ ૧૫ દેશો સાથે સરહદો ધરાવે છે જ્યારે અમેરિકા અને કેનેડા વચ્ચેની આંતરરાષ્ટ્રીય સરહદ સૌથી વિશાળ છે પરંતુ એ જાણીને નવાઈ લાગશે કે વિશ્વમાં સૌથી ટુંકી સરહદ માત્ર ૮૫ મીટરની છે. આ અનોખી સરહદ સ્પેન અને મોરકકો વચ્ચે આવેલી છે. આલ સરહદ બે નાની ચટ્ટાનથી જોડાયેલી છે. આ ચટ્ટાનનું નામ પેનોન ધ વેલેજ દે લા ગોમેરા છે જે ઉત્તર આફ્રિકામાં આવેલી છે.દુનિયાની સૌથી નાની સરહદનું આગવું મહત્વ છે. ચટ્ટાનનું કુલ ક્ષેત્રફળ અંદાજે ૧૯૦૦૦ ચો મીટર છે. ઈસ ૧૫૬૪માં સ્પેનના એક સેનાપતિ પેડ્રો દે એસ્ટોપિનન આના પર કબ્જો કર્યો હતો. ત્યારથી આ સરહદ નજીક સ્પેનનો ભાગ છે. મોરક્કોએ આ અંગે અનેક પ્રકારની રજૂઆત કરી પરંતુ સ્પેને કયારેય આ વિસ્તારને છોડયો નહી. સ્પેનના સૈનિકો લાઈનબધ્ધ ગોઠવાઈને રક્ષણ કરતા રહે છે. સ્પેનની બોર્ડર આમ તો ૨૦૦૦ કિમી લાંબી છે જે પોર્ટુગલ અને ફ્રાંસ સાથેની છે.બીજા કેટલાક દેશો જેમ કે અંડોરા, જિબ્રાલ્ટર અને મોરકકો પણ છે. મોરકક્કો સાથેની ૮૫ મીટરની સરહદ સીમાપેનનો દે વેલેજને મોરકકોના કાંઠા વિસ્તાર સુધી જોડે છે.પહેલા આ ચટ્ટાન આઈલેન્ડ ગણાતો હતો પરંતુ ૧૯૩૪માં શકિતશાળી ભુકંપ આવવાથી એક નાનો રસ્તો બની ગયો હતો. ત્યારથી ૮૫ મીટરનો રસ્તો વિશ્વની સૌથી ટુંકી આંતરરાષ્ટ્રીય સરહદ ગણાય છે.રક્ષણ માટે સ્પેનના સૈનિકોની ટુકડી દર મહિને બદલાતી રહે છે.આ એક એવો વિસ્તાર છે જયારે પીવાના શુદ્ધ પાણી અને વીજળીની પણ સુવિધા નથી. સ્પેનની નૌકાસેના જહાજો મારફતે સૈનિકોને જરુરી સામાન પુરો પાડે છે. ૨૦૧૨માં મોરક્કોના કેટલાક લોકો નાના પહાડ પર ચડી ગયા હતા. સ્પેનનો ઝંડો ઉતારીને મોરક્કોનો ઝંડો લગાવ્યો હતો.

**વિશેષ** રાજ્યમાં સમાન નાગરિક સંહિતાના અમલીકરણ પહેલા નાગરિકોના અભિપ્રાયો જાણવા અત્યંત જરૂરીઃ સમિતિના સભ્ય શ્રી સી.એલ.મીના

# સમાન નાગરિક સંહિતા (UCC) સમિતિના સભ્યોએ ભાવનગર જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો સાથે બેઠક કરી મંતવ્યો જાણ્યાં

। (માહિતી) અમદાવાદ ।






બંધારણની કલમ ૪૪માં દર્શાવેલી દેશમાં વસતા તમામ નાગરિકો માટે સમાન પ્રકારની કાયદો વ્યવસ્થા હોવી જોઈએ તેની કરાયેલી કલ્પનાની દિશામાં આગળ વધતા ગુજરાત રાજ્યમાં સમાન નાગરિક સંહિતા (UCC)ને લાગુ કરવા પૂર્વે નાગરિક સમાજના મંતવ્યો જાણવા માટે નિમાયેલી સમિતિના સભ્યો શ્રી સી. એલ. મીના અને શ્રી આર. સી. કોડેકરે આજે ભાવનગર જિલ્લાની મુલાકાત લીધી હતી. ભાવનગર કલેક્ટર કચેરી ખાતે જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો સાથે સમિતિના સભ્યોએ સંવાદ સાધી સમાન નાગરિક સંહિતા (UCC)ના અમલીકરણમાં ક્યા મુદ્દાઓને સામેલ કરવા જોઈએ એ સંદર્ભમાં સૂચનો, મંતવ્યો જાણ્યાં હતાં. આ બેઠકમાં સમિતિના સભ્ય શ્રી સી.એલ. મીનાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં સમાન સિવિલ કોડના અમલીકરણ પહેલા રાજ્યના નાગરિકોના અભિપ્રાયો જાણવા ખૂબ જ અગત્યના છે. સમાનતાને અનુલક્ષી સમાન સિવિલ કોડનો મુસદ્દો તૈયાર કરવામાં આવશે. નાગરિકોના અભિપ્રાયોના સઘન અભ્યાસ પછી સમિતિ બને એટલી ત્વરાએ સરકાર સમક્ષ અહેવાલ રજૂ કરશે. સમિતિએ પુખ્તવયના લોકોને uccgujarat.in પોર્ટલ પર તારીખ ૧૫ એપ્રિલ પહેલાં પોતાના મંતવ્યો/ અભિપ્રાયો રજૂ કરવા જણાવ્યું હતુ. આ સમિતિએ ઉપસ્થિત પ્રબુદ્ધ લોકોને સમાન નાગરિક સંહિતાના કારણે ધર્મની સ્વતંત્રતા, લગ્ન પદ્ધતિઓ અંગે ઉદભવનારી ભ્રાંતિઓથી આશ્વસ્થ કર્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, સમાન નાગરિક સંહિતા (UCC)માં મહિલા અને બાળકોના અધિકારો વિશે વ્યાપક ધ્યાન આપવું જરૂરી છે. ધર્મની સ્વતંત્રતા બરકરાર રાખીને લગ્નની વિવિધ પદ્ધતિઓ અને રીતરિવાજોમાં બદલાવ કરવા માટેનો આ ઉપક્રમ નથી તે બાબતની ઉપસ્થિત લોકોને સમજ આપી હતી. સમિતિના સભ્યોએ સમાન નાગરિક સંહિતા અંગેનો કોઈ જનમતસંગ્રહ નથી, પરંતુ પ્રવર્તમાન પરિપ્રેક્ષ્યમાં બદલાતા સમય સાથે તેની સાથે કઈ રીતે તાદાત્મ્ય કેળવી શકાય એ દિશામાં જવાનો એક પ્રયત્ન છે. તેવી સમજ આપીને વ્યાપક નાગરિક સમાજ પોતાના અભિપ્રાય-મંતવ્ય અને સૂચનો આપે જેથી ઉત્તમ પ્રકારની આ સંહિતાનું નિર્માણ કરી શકાય એ માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

નિવાસી અધિક કલેક્ટર શ્રી એન. ડી. ગોવાણીએ સમાન નાગરિક સંહિતા (UCC) માટે નિમાયેલી સમિતિનો પરિચય આપી ભાવનગર જિલ્લાનો વ્યાપક સહયોગ મળશે એવી વહીવટી તંત્ર વતી ખાતરી આપી હતી. આ બેઠકમાં વિવિધ સંસ્થાના આગેવાનો અને પ્રબુદ્ધ નાગરિકોએ લગ્ન, છૂટાછેડા, ભરણપોષણ, મિલકતના અધિકારો, ધર્મ આધારિત કૌટુંબિક કાયદાઓ, લીવ-ઈન રિલેશનશિપમાં મહિલાઓના અધિકારો, નાણાકિય સહાય તેમજ વારસાના અધિકારોનું રક્ષણ જેવા વિષયો પર સમાન સિવિલ કોડ સમિતિ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા હતાં. રાજ્યનો કોઈપણ નાગરિક સમાન નાગરિક સંહિતા(UCC)માટે વેબ-પોર્ટલ https://uccgujarat.in પર અથવા- સમાન સિવિલ કોડ સમિતિ ઑફિસ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, વિભાગ એ, છઠ્ઠો માળ, સેક્ટર- ૧૦ એ, ગાંધીનગર, પિન- ૩૮૨૦૧૦ પર પોતાના મંતવ્યો અને સૂચનો રજૂ કરી શકશે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અને ઈ.ચા. કલેકટર શ્રી હનુલ ચૌધરી, જિલ્લાના પ્રબુદ્ધ નાગરિકો, વકીલ મંડળના પ્રમુખો, સામાજિક કાર્યકરો, વિવિધ સંસ્થાના અગ્રણીઓ, સ્કૂલ- કોલેજના આચાયશ્રીઓ, ધાર્મિક સંસ્થાનોના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી સમાન સિવિલ કોડ અંગે પોતાના સૂચનો-મંતવ્યો રજૂ કર્યા હતાં.

### ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ

# ગિફ્ટ સિટીમાં ૨૪ હજાર લિટર વિદેશી દારૂ-બીયરનું વેચાણ

## ગિફ્ટ સિટીમાં ૧૯,૯૧૫ લિટર બીયરનું વેચાણ થયું છે જ્યારે ૩૩૨૪ લિટર વિદેશી દારૂ વેચાયો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

ગુજરાતમાં ઉદ્યોગો અને પ્રવાસનને પ્રોત્સાહન આપવાના બહાને ગુજરાત સરકાર પાછલા બારણે દારૂબંધી નાબૂદીનો ખેલ ખેલી રહી હોય તેવુ પ્રસ્થાપિત થઈ રહ્યું છે. ગિફ્ટ સિટીમાં દારૂ પીવાની છૂટછાટ અપાઈ છે. ગાંધીના ગુજરાતમાં દારૂબંધી અમલમાં છે ત્યારે ખુદ સરકારે જ સ્વીકાર્યું છે કે, વર્ષમાં ગિફ્ટ સિટીમાં કુલ મળીને ૨૪,૦૦૦ લિટર બીયર અને વિદેશી દારૂ પીવાયો છે. તા.૩૦મી ડિસેમ્બર,૨૦૨૩ માં ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં દારૂ પીવા સરકારે છૂટછાટ આપી હતી. ગિફ્ટ સિટીમાં ફરજ બજાવતાં કર્મચારીઓ અને મુલાકાતીઓને વાઈન એન્ડ ડાઈન સુવિધા હેઠળ દારૂનું સેવન કરવાની મંજૂરી આપવામાં આવી હતી. રાજ્ય સરકારની દલીલ છે કે, ગિફ્ટ સિટીને વૈશ્વિક બિઝનેસ હબ તરીકે વિકસવવા નક્કી કરાયુ છે ત્યારે વિદેશી કંપનીઓ અને રોકાણકારોને આકર્ષવા માટે દારૂ પીવાની છૂટ અપાઈ છે. છેલ્લાં એક જ વર્ષમાં ગિફ્ટ સિટીમાં કેટલો વિદેશી દારૂ-બીયર વેચાયો તે અંગે વિપક્ષના નેતા અમિત ચાવડાએ સવાલ ઉઠાવ્યો હતો ત્યારે સરકારે ખુલાસો કર્યો કે, વેસ્ટર્ન ઈન્ડિયા રિક્રિએશન પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડ અને ધ ગ્રાન્ડ મરક્યુરીને ગિફ્ટ સિટીમાં દારૂના વેચાણ માટે લાયસન્સ આપવામાં આવ્યાં છે. ગિફ્ટ સિટીમાં દારૂનું વેચાણ સરકારે ફળ્યુ છે તેનુ કારણ એ છે કે, ગિફ્ટ સિટીમાં દારૂના વેચાણથી સરકારને રૂ.૯૪.૧૯ લાખની આવક થઈ છે. ગિફ્ટ સિટીમાં ૧૯,૯૧૫ લિટર બીયરનું વેચાણ થયું છે જ્યારે ૩૩૨૪ લિટર વિદેશી દારૂ વેચાયો છે. કુલ મળીને ૨૩,૯૦૭ લિટર બીયર-વિદેશી દારૂ પીવાયો છે.એવી ચર્ચા છે કે, ગિફ્ટ સિટી બાદ સુરતમાં ડાયમંડ બુર્સ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી સહિત અન્ય પ્રવાસન સ્થળો-શહેરોમાં વાઈન એન્ડ ડાઈન સુવિધા હેઠળ દારૂનું સેવન કરવાની મંજૂરી આપવા વિચારણા ચાલી રહી છે. ટૂંકમાં, ખુદ સરકાર જ ઉદ્યોગોના બહાને હળવેકથી દારુબંધી નાબૂદીની રમત રમી રહી છે.

### BOIના અધિકારીના નામે

# ફોન કરીને ગઠિયાએ વેપારીના રૂપિયા ૨.૨૨ લાખ સેરવી લીધા

## યુવક સાથે સાયબર ફ્રોડ થતાં તેણે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા વાસણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

વાસણામાં રહેતા યુવકને બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારીના નામે ગઠિયાએ ફોન કર્યો હતો. આ શખ્સે બેન્ક એકાઉન્ટનું કેવાયસી અપડેટ કરવા વોટ્સએપમાં લીંક મોકલીને આધાર કાર્ડ અને એટીએમ કાર્ડનો નંબર મેળવી લીધો હતો. બાદમાં યુવકના ખાતામાંથી ૨.૨૨ લાખ મેળવી લીધા હતા. યુવક સાથે સાયબર ળોડ થતાં તેણે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા વાસણા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વાસણામાં રહેતા અજય ભરવાડ દૂધનો વેપાર કરે છે. થોડા દિવસો પહેલા તેમને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ બેન્ક ઓફ ઈન્ડિયાના અધિકારી તરીકેની આપી હતી. આ વ્યક્તિએ બેન્ક એકાઉન્ટનું કેવાયસી અપડેટ નહીં કરો તો એકાઉન્ટ બ્લોક થઈ જશે તેમ કહીને ડરાવ્યા હતા. અજયભાઈએ કેવાયસી અપડેટની પ્રોસેસ કરવાનું કહેતા શખ્સે લીંક મોકલી હતી.



તે લીંકમાં આધાર કાર્ડ નંબર અને એટીએમ કાર્ડનો પીન નંબર માગીને ગઠિયાએ કેવાયસી અપડેટ થયાનું કહીને ફોન મૂકી દીધો હતો. થોડા સમય બાદ અજયભાઈને તેમના બેન્ક એકાઉન્ટમાંથી કુલ ૨.૨૨ લાખના ત્રણ અલગ અલગ ટ્રાન્ઝેક્શનના મેસેજ આવ્યા હતા.

## વડોદરામાં લૂ લાગવાથી 3 લોકોએ જીવ ગુમાવ્યો

। (એજન્સી) વડોદરા, તા.૨૫ ।

માર્ચ મહિનામાં એક પછી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સક્રિયાતાને કારણે રાજ્યમાં માર્ચના છેલ્લા સપ્તાહમાં પણ બેવડી ઋતુનો અનુભવ યથાવત્ રહ્યો છે. રાજ્યમાં એક તરફ હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. તો બીજી તરફ આજે(૨૩ માર્ચે) મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની નજીક પહોંચ્યો હતો. ત્યારે વડોદરામાં સાવલીના શિહોરા ગામની ભાગોળે કૂવા પાસે લૂ લાગવાથી યુવકના મૃત્યુનો પ્રથમ કેસ નોંધાયો છે. રાજ્યમાં ઉનાળાની ઋતુ બરાબરની જામી છે અને અત્યારે ગરમીનો પારો પણ બરાબરનો તપ્યો છે. ત્યારે રાજ્યમાં ઉંચું તાપમાન પણ નોંધાઈ રહ્યો છે. જે કાળઝાળ ગરમીના કારણે આ વર્ષ પ્રથમ મૃત્યુનો કિસ્સો સામે આવ્યો છે. વડોદરા કાળઝાળ ગરમીના કારણે ૧ નહિ ૨ નહિ પરંતુ ૩ લોકોનાં મૃત્યુ નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. જેમાં આજવા રોડ, ખોડિયાર નગર, છાણીમાં એક-એકનું મોત નિપજ્યું છે. વડોદરામાં સાવલીના શિહોરા ગામની ભાગોળે કૂવા પાસે લૂ લાગવાથી યુવકના મૃત્યુનો પ્રથમ કેસ નોંધાયો છે.

### બ્રિજ પર સર્જાયેલ અકસ્માતે રાજ્યભરમાં ઉહાપોહ મચાવ્યો હતો

# ૯ લોકોને મોતને ઘાટ ઉતારનાર તથ્ય પટેલે હાઈકોર્ટમાં કરી અરજી

## કેસમાંથી છુટકારો મળી જાય તેવી અરજી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ ના ઈસ્કોન બ્રિજ અકસ્માત માં ૯ લોકોને મોતને ઘાટ ઉતારનાર આરોપી તથ્ય પટેલે હાઈકોર્ટમાં કેસમાંથી મુક્તિ મેળવવા અરજી કરી છે. ડિસેમ્બર, ૨૦૨૪માં તથ્ય પટેલે ગુજરાત હાઈકોર્ટ માં જામીન માટે અરજી કરી હતી. ૧૯મી જુલાઈની રાત્રે પોતાની જગુઆર કારથી તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર ભયંકર અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં ૯ લોકોના ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યા હતા અને ૧૩ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અગાઉ તેને હંગામી ધોરણે જામીન આપવામાં આવ્યા હતા.હાઈકોર્ટમાં જામીન માંગનાર તથ્ય પટેલે ઈસ્કોન બ્રિજ પર સર્જાયેલ અકસ્માતે રાજ્યભરમાં ઉહાપોહ મચાવ્યો હતો. આ કેસ લાંબો સમય સુધી ચર્ચામાં રહ્યો હતો. જગુઆર કારથી અકસ્માત સર્જનાર તથ્ય પટેલ અને તેના પિતા સામે પણ અનેક ગુના નોંધાયા હતા. દરમ્યાન સાબરમતી જેલમાં સજા ભોગવનાર આરોપી તથ્ય પટેલ દ્વારા હાલમાં કેસમાંથી છુટકારો મળી જાય તેવી અરજી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.અમદાવાદ શહેરમાં આરોપી તથ્ય પટેલ અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે ખંડણી, દુષ્કર્મ અને ઠગાઈ જેવા અનેક ગુનાઓ નોંધાયા છે. માહિતી મુજબ રાણીપ પોલીસ, સોલા પોલીસ, શાહપુર પોલીસ, ડાંગ પોલીસ, મહેસાણા પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ અને મહિલા પોલીસ સ્ટેશનમાં ૧ – ૧ કેસ નોંધાયા છે.શહેર પોલીસે અગાઉ જણાવ્યું હતું કે, ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસના આરોપી તથ્ય પટેલના પિતા પ્રજ્ઞેશ પટેલ સામે દુષ્કર્મ, છેતરપિંડી, ખંડણી સહિત ૮ કેસ નોંધાયેલા છે. તેની સામે સોલા પોલીસ સ્ટેશનમાં ૨, શાહપુર પોલીસ સ્ટેશનમાં ૧, રાણીપ પોલીસ સ્ટેશનમાં ૧, ક્રાઈમ બ્રાન્ચમાં ૧, મહિલા ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ૧, ડાંગ પોલીસ સ્ટેશનમાં ૧ અને મહેસાણા પોલીસ સ્ટેશનમાં ૧ ફરિયાદ નોંધાયેલી છે.

### ફરીવાર ટ્રાફિક પોલીસનો છબરડો

## હેલ્મેટ ના પહેરવાનો વસ્ત્રાલના યુવકને ૧૦ લાખ રૂપિયાનો મેમો આવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

હેલ્મેટ વગર વાહન ચલાવવું એ કાયદાનું ઉલ્લંઘન છે અને તેના માટે દંડની જોગવાઈ છે. પરંતુ, અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા એક યુવકને હેલ્મેટ વગર વાહન ચલાવવા બદલ ૧૦ લાખ રૂપિયાનો મેમો ફટકારવામાં આવ્યો છે, જેણે સૌને ચોંકાવી દીધા છે. બનાવ એવો છે કે વસ્ત્રાલના એક યુવકને સરખેજ વિસ્તારમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ટ્રાફિક પોલીસે મેમોનો મેસેજ આપ્યો હતો. જ્યારે યુવકે મેમોનો મેસેજ જોયો તો તેના હોશ ઉડી ગયા, કારણ કે તેમાં દંડની રકમ ૧૦ લાખ ૫૦૦ રૂપિયા લખેલી હતી. આટલી મોટી રકમનો મેમો જોઈને યુવક અને તેના પરિવારજનોની ઊંઘ હરામ થઈ ગઈ. યુવકને આટલી મોટી રકમનો મેમો આવવા બદલ કોર્ટમાં જવું પડી શકે છે. જો કે, આટલી મોટી રકમ ભરવી યુવક કે કોઈ પણ મધ્યમ વર્ગના નાગરિક માટે અશક્ય છે, તેથી તેણે પોલીસ કમિશનર કચેરી ખાતે અરજી કરી અને પોતાની પરિસ્થિતિ જણાવી હતી. યુવકે વિનંતી કરી કે આ મેમોમાં કોઈ ભૂલ હોવી જોઈએ અને તેની તપાસ થવી જોઈએ. મળતી માહિતી અનુસાર, અમદાવાદના વસ્ત્રાલમાં રહેતા ૨૨ વર્ષના હડિયા અનિલને સરખેજ શાંતિપુરા સર્કલ ખાતે ટ્રાફિક નિયમ ભંગ બદલ ૧૦ લાખ ૫૦ હજારનો મેમો આવતા પરિવારના હાજા ગગડ્યા છે. વકીલાતનો અભ્યાસ કરતો યુવક ગત વર્ષે જુલાઈમાં પરિવારના પાન પાર્લર પર પાન મસાલા આપવા એકટિવા પર હેલ્મેટ વિના જઈ રહ્યો હતો.

### લેબર કોન્ટ્રાક્ટરના

# એક્ટિવાની ડેકીનું લોક તોડીને તસ્કરો રોકડા ૨૦ લાખ ઉઠાવી ગયા

## આ મામલે તેમણે પોલીસને જાણ કરતા ચાંદખેડા પોલીસે આ મામલે ગુનો નોંધી શકમંદોની પૂછપરછ હાથ ધરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

બોપલમાં રહેતા લેબર કોન્ટ્રાક્ટરનું ચાંદખેડા જગતપુર ખાતેની સોલિટ્યુડ નામની સાઈટ પર તથા દેવઓરમ ગાર્ડન નામની સાઈટ પર કામ ચાલે છે. બે સાઈટ પરથી તેમણે બિલ્ડર પાસેથી મજૂરોને પગાર આપવા માટેના રૂ. ૨૦ લાખ રોકડા લીધા હતા. જે રોકડા લઈને તે માનસરોવર રોડ પરની સ્કાયલિફ નામની સાઈટ પર ગયા હતા. આ રકમ એક્ટિવાની ડેકીમાં મૂકીને તે કામે ગયા હતા. જ્યાંથી પરત આવીને તપાસ કરતા તેમના એક્ટિવાની ડેકીનું લોક તુટેલુ હતું. ડેકીમાં મૂકેલા ૨૦ લાખ ચોરી થતાં આ મામલે પોલીસને જાણ કરાતા ચાંદખેડા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બોપલમાં આવેલા પ્રાગ્ટય રેસિડેન્સીમાં રહેતા જયસુખભાઈ વઘાસિયા વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પર લેબર કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. છેલ્લાં ઘણા સમયથી જગતપુરમાં આવેલી સોલિટ્યુડ અને ચાંદખેડાની દેવઓરમ ગાર્ડન નામની સાઈટ પર તેમનું કામ ચાલે છે. જયસુખભાઈને મજૂરોને નાણાં ચૂકવવાના હોવાથી તે તા.૮ માર્ચે સોલિટ્યુડ સાઇટના બિલ્ડર દેવર્ષભાઈ પાસે ગયા હતા અને પાંચ લાખ લીધા હતા. બાદમાં દેવઓરમ ગાર્ડનના બિલ્ડરના ધ્રુવભાઈ પાસેથી ૧૫ લાખ લઈને નીકળ્યા હતા. જયસુખભાઈએ આ ૨૦ લાખ એક્ટિવાની ડેકીમાં મૂક્યા હતા. બાદમાં સાંજે માનસરોવર રોડ પર આવેલી સ્કાયલિફ નામની સાઈટ પર ગયા હતા. જ્યાંથી એક જમણવાર પતાવીને પરત આવ્યા ત્યારે કેટલાક મિત્રો મળ્યા હતા. જેથી જયસુખભાઈ મિત્રોને મળવા રોકાઈ ગયા હતા. બાદમાં તે ઘરે જવા નીકળ્યા અને ત્યારે જોયું તો એક્ટિવાની ડેકી ખુલી હતી. જે બંધ કરીને ઘરે આવ્યા અને જોયું તો ડેકીમાંથી ૨૦ લાખ રોકડા ગાયબ હતા. જેથી આ મામલે તેમણે પોલીસને જાણ કરતા ચાંદખેડા પોલીસે આ મામલે ગુનો નોંધી શકમંદોની પૂછપરછ હાથ ધરી છે.

### ટેનિસ રમતમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને મંત્રીના હસ્તે મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરાયા

# હર્ષ સંઘવીએ અમદાવાદ ખાતે 'ઇન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટ ITF M25'નો પ્રારંભ કરાવ્યો

। અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ ખાતે રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ 'ઈન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટ **ITF M25**'નો પ્રારંભ કરાવ્યો હતો. આ ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી કરાયું છે. આ પ્રસંગે રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં સ્પોર્ટ્સ કલ્ચર ડેવલપ કરવાની દિશામાં કામ થઈ રહ્યું છે.

મંત્રીશ્રીએ ગર્વભેર જણાવ્યું હતું કે, આ વર્ષે ૧૦થી વધારે નેશનલ તથા ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટનું રાજ્યના વિવિધ શહેરોમાં આયોજન કરાયું છે. મંત્રીશ્રીએ સ્પોર્ટ્સ ક્ષેત્રે તમામ પ્રકારના સહયોગ આપવાની ખાતરી આપી હતી. તેમણે રાજ્ય સરકાર દ્વારા ખેલાડીઓને અપાતી સહાય વિશે પણ વાત કરી હતી. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ 'ખેલ મહાકુંભ'ના




પ્લેટફોર્મથી અનેક રમતવીરો ખેલ-કૂદ ક્ષેત્રે પોતાની પ્રતિભા ઝળકાવી શક્યા છે. રમતવીરોને તમામ પ્રકારનો સહયોગ અને શ્રેષ્ઠ તાલીમ આપવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે, તેવું મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ આ પ્રસંગે ટેનિસ રમતમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડી આર્યન શાહ અને સમર્થને મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. આર્યન શાહ ભારતીય ડેવિસ કપમાં રમ્યો છે અને સમર્થ પણ જુનિયર ડેવિસ કપનો ખેલાડી છે. આ પ્રસંગે રમતગમત મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રકારના આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ ઉપસ્થિત સૌ ખેલાડીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.

## ગાંધીનગરમાં આરોગ્યકર્મીઓની હડતાળ, યૂનિયનના મહામંત્રીને છૂટા કરવાનો આદેશ

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

આરોગ્ય વિભાગના કર્મચારીઓની ૧૭ માર્ચથી અચોક્કસ મુદતની હડતાળ પર છે. આરોગ્ય વિભાગે એસ્મા લાગુ કર્યો હોવા છતાંય આરોગ્ય કર્મચારીઓ અડગ રહ્યા છે. ત્યારે આરોગ્યકર્મીઓની હડતાળ વચ્ચે મોટા સમાચાર પ્રાપ્ત થયા છે. યૂનિયનના મહામંત્રી આશિષ બારોટને છૂટા કરવાનો આદેશ આપ્યો છે. એસ્મા લાગૂ હોવાથી સાબરકાંઠા જિલ્લા પંચાયતે આશિષ બારોટને છૂટા કરવાનો આદેશ આપ્યો છે. તો બીજી તરફ સાબરકાંઠમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓએ હડતાળ કરતાં તેમને નોટીસ ફટકારવામાં આવી છે.

આરોગ્ય વિભાગે ૨૦ માર્ચથી ૭૦૦થી વધુ કર્મચારીઓને કામગીરી પર આવવા માટે નોટીસ આપીને કાર્યવાહી શરૂ કરી છે. નોટીસના કારણે ૧૧૭ કર્મચારીઓ પરત ફર્યા હતા, જ્યારે ૭ કર્મચારીઓને ટર્મિનેટ કરવામાં આવ્યા છે. ૪૫૭ કર્મચારીઓએ હજુ જે હડતાળ પર છે તેમને ૨૪ કલાકમાં ખુલાસો કરવાનું અલ્ટિમેટમ અપાયું છે. આંદોલન કરી રહેલા આરોગ્ય કર્મીઓની મુખ્ય માંગણીઓમાં ટેક્નિકલ કૌશલ્ય આધારિત પગારધોરણ લાગુ કરો, ખાતાકીય પરીક્ષા રદ કરો, ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘ દ્વારા આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળનો આઠમો દિવસ હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા કોઈ હકારાત્મક જવાબ આપવામાં આવ્યો નથી. આરોગ્ય કર્મચારીઓએ ગ્રેડ પેમાં સુધારો કરવા, ટેકનિકલ ગ્રેડ પેનો સમાવેશ કરવો, ખાતાકીય પરીક્ષામાંથી મુક્તિ આપવી અને ટેકનિકલ કેડરમાં સમાવેશ કરવા માંગ સાથે અચોક્કસ મુદતની હડતાળ પાડી છે.

### તેઓએ ઝઘડો કરી મહિલાને માર માર્યો હતો

# અમદાવાદમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલે સાસરિયા વિરૂદ્ધ નોંધાવી FIR

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં ગોમતીપુરમાં ફરજ બજાવતી મહિલા પતિ અને સાસરિયાઓ વિરૂદ્ધ ઘરેલૂ હિંસા બદલ ઓઢવ પોલીસ સ્ટેશન માં ફરિયાદ નોંધાવી છે. મહિલાને સતત સાસરી તરફથી ત્રાસ મળતો હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ શહેરમાં ઓઢવ વિસ્તારમાં આવેલ ગોમતીપુરમાં ફરજ બજાવતા મહિલા કોન્સ્ટેબલને લગ્ન પછી પતિ સહિત સાસરિયાઓ દ્વારા ત્રાસ આપવામાં આવતો હતો. ઉપરાંત, લગ્નના નવ મહિના પછી પત્નીને તેના પતિના લગ્નેતર સંબંધ વિશે ખબર પડી. જ્યારે મહિલાએ આ વિશે પતિને પૂછ્યું ત્યારે તેઓએ ઝઘડો કરી મહિલાને માર માર્યો હતો અને ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આખરે કંટાળીને પરિણીત મહિલાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં તેના પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કાયદેસર કાર્યવાહી કરવાની અરજી કરી છે. મહિલા કોન્સ્ટેબલનાં લગ્ન ૨૦૨૧ માં કલોલમાં રમેશભાઈ સાથે થયા હતા. ૯ મહિના પછી પત્નીને ખબર પડી કે તેના પતિને બીજી સ્ત્રી સાથે અફેર છે. જેના કારણે પત્ની પતિને પૂછવા પર પતિ ત્રાસ આપતો. જેના કારણે પરિણીત મહિલા તેના સાસરિયાઓને કહેતી હતી કે તે તેના પતિના પૈસા લઈને તેને હેરાન કરે છે. વધુમાં, પતિએ પત્ની પાસેથી ખર્ચ માટે ઘણી વખત પૈસા લીધા છે અને તેના નામે લોન પણ લીધી છે.

પાછળથી જ્યારે પત્ની ગર્ભવતી થઈ ત્યારે તે પિયરમાં રહેવા ગઈ. બાદમાં પતિ અને તેના સાસરિયાઓએ મહિલાને સાસરી પરત આવતાં કહ્યું, "તમે કંઈ લાવ્યા નથી." સાસરીનાં લોકોએ દલીલ કરી ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. કંટાળીને મહિલાએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ અને સસરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !



CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN Channel Nine Network GUJARAT
Gujarati Daily News Paper
LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...